
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૨ || અંકઃ ૫-૬ || મે-જૂન ૨૦૨૦ || સળંગ અંક : ૫૮૩-૫૮૪

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.co.in



કોરોના વાયરસ COVID-19 મહામારી સામે સરકારશ્રીને ફાળા માટે ચારુતર વિદ્યામંડળના સંચાલકો, ગવર્નિંગ બોડી, કાઉન્સિલના સભ્યશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકો તેમજ કર્મચારીઓ તથા શુભેચ્છકોના સહયોગથી એકત્રીત થયેલ રૂ. ૩૮,૦૦,૦૦૦/- જેટલી રકમ તથા ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોસિએશન દ્વારા એકત્રીત થયેલ રૂ.૧૨,૦૦,૦૦૦/-ની રકમના ચેક Chief Minister Relief Fund માટે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને અર્પણ કરતાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શ્રી ઇજનેર ભીખુભાઈ પટેલ, શ્રી મીતેષભાઈ પટેલ (એમ.પી. આણંદ), ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ તથા સહમંત્રીશ્રી મેહુલભાઈ પટેલ દશ્યમાન થાય છે. ચારુતર વિદ્યામંડળે ઉપરોક્ત રકમ ઉપરાંત રૂ.૨૫,૦૦,૦૦૦/- PM Cares Fundમાં પણ તાત્કાલિક ફાળવીને મોકલી આપેલ છે.




ચારુતર વિદ્યામંડળના નોન-એકેડેમિક ફોરમ અંતર્ગત એન.એસ.એસ.વિભાગ દ્વારા ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલના અધ્યક્ષપદે કોવિડ-૧૯ 'રોલ ઓફ યુથ એન્ડ વોલ્યુટીયર્સ' વિષય પર ગુજરાત ઇન્સ્ટિટયૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (જી.આઈ.ડી.એમ) ગાંધીનગરના સહયોગથી યોજાયેલ વેબીનાર પ્રસંગે ઓનલાઈન ઉપસ્થિત ચારુતર વિદ્યામંડળના સહમંત્રીશ્રી વિશાલભાઈ પટેલ, વેબીનાર ડાયરેક્ટર તથા વી.પી.એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજના આચાર્ય ડો. ભાવેશભાઈ પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના એન.એસ.એસ. કો-ઓર્ડિનેટર જાગૃતિબેન સુવેરા, ઉચ્ચ શિક્ષણ વિભાગ ગાંધીનગરના જોઈન્ટ કમિશનરશ્રી નારાયણ મધુ સાહેબ, જી.આઈ.ડી.એમ ફેકલ્ટી અભિયત તિવારી, ઓ.એસ.ડી. સુમેઘ પાટીલ, વિંગ કમાન્ડર પુનીત ચઢ્ઢા દશ્યમાન થાય છે. આ પ્રસંગે વેબીનારા ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો. પરેશ મોરધરા, ડો. યોગેશ પટેલ તથા કમિટિ મેમ્બર્સ નજરે પડે છે.




તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ
આર.પી. પટેલ

સંપાદન-સહાય
અનિતા એ. સાળુંકે, વિજય સુથાર



પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર


# વિ-વિદ્યાનગર


ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
મે-જૂન - ૨૦૨૦
વર્ષ: ૨૨ અંક: ૦૫-૦૬
સળંગ અંક: ૫૮૩-૫૮૪

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ: ૧૯૪૫


कर्मण्येवाधिकारस्ते ।


અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ

માનદ સહમંત્રીઓ
શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ • શ્રી આર.સી. તલાટી
• શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઇકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર

'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**मृगाः प्रचण्डातपतापिता भृशं तृषा महत्या परिशुष्कतालवः।**
**वनान्तरे तोयमिति प्रधाविता निरीक्ष्य भिन्नाञ्जनसन्निभं नमः।।**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

इस ऋतु में प्यास के कारण जिनके तालु सूख गये हैं ऐसे हिरण, जो अति संतप्त है, नीले आकाश को देखकर 'वन में जल है' ऐसा सोचकर दौड रहे है ।।


|| અતીતની અટારીએથી : ભાઈકાકાના શબ્દો ||
**» સ્વપ્ન સાકાર થવા માંડ્યું........................ ૦૩**

|| પ્રાથમ્ય || વિચારોનું વાવેતર
**» એસ.જી.પટેલ................................. ૦૭**

|| આપણો વૈભવ અને વારસો || (પદ્ય વિભાગ)
**» રવીન્દ્રનાથ ટાગોર .............................. ૧૦**

|| નવાં કાવ્યો ||
**» ધરતી પટેલ, કિશોર મોદી ...................... ૧૨**

|| આપણો વૈભવ અને વારસો || (ગદ્ય વિભાગ)
આધુનિક માનવ શાંતિની શોધમાં....
**» સ્વામી નિખિલેશ્વરાનંદ .......................... ૧૩**

|| ચિંતન || ભારતીય હોવાનું મને ગૌરવ
**» નરેશ વેદ ........................................ ૧૫**

|| ચિંતન || વાંક કોનો?
**» શ્વેતા શરદકુમાર ચૌહાણ........................ ૨૦**

|| વિશેષ || કૂંચી વગરના તાળામાં પુરાયેલી માનવજાત
**» ભગીરથ બ્રહ્મભટ્ટ ................................ ૨૨**

|| જ્ઞાન-વિજ્ઞાન || ૧૧-મે : નેશનલ ટેકનોલોજી ડે
**» શ્યામ ખંભોળજા ................................ ૨૩**

|| પ્રાસંગિક || કોરોનાઃ યમદૂત જ નહિ, નવજીવનદૂત પણ....
**» રમણભાઈ પી. પટેલ.......................... ૨૪**

|| સમીક્ષા || અનુભવીને એટલું કે આનંદમાં રહેવું રે....
**» ડંકેશ ઓઝા ...................................... ૨૬**

|| વાર્તા || હોબી
**» મનીષા રાઠોડ.................................... ૨૮**

|| લઘુકથા || નથી
**» નસીમ મહુવાકર................................ ૩૧**

|| અભ્યાસ || વ્યવસાયિક પરિવર્તનની...
**» બલભદ્રસિંહ સોલંકી ............................ ૩૨**

|| આસ્વાદ || કવિતાઃ ઝાકળની ખેતી!
**» રમેશ પટેલ ...................................... ૩૯**

|| આયુર્વેદ || Juvenile delinquency.....
**» Sagar M. Bhinde......................... ૪૧**

|| રમત-જગત || હ્યુમન લોકોમોટિવઃ એમિલ ઝાટોપેક
**» પી.ડી.શર્મા ...................................... ૪૩**

|| વિદ્યાવૃત્ત ||
**» ૧૪, ૨૭, ૩૮, ૪૦**

# સ્વપ્ન સાકાર થવા માંડ્યું

આ સ્થળનાં ખેતરોમાં ભેલાણ સારી રીતે થતું. એટલે જમીન- માલિકોના હાથમાં કંઈ ખાસ પાક આવતો ન હતો. ખેડૂત મહેરબાની કરીને જેટલું ઘેર આપી જાય તેટલાથી સંતોષ માનવો પડતો. સરદારશ્રીના નાનાભાઈ કાશીભાઈએ મને કહેલું કે એમનું દોઢ વીઘાંનું ખેતર હતું એમાં સરકારી મહેસૂલ ભરવામાં દર સાલ એક રૂપિયો ખૂટતો હતો એટલે પચાસ વરસથી ખોટ ખાઈને એ જમીન સાચવી રાખેલી. એ દોઢ વીઘું પણ યોજનામાં આવી જતું હતું.

આવી પરિસ્થિતિ હોવાથી મંડળને જમીન આપવામાં કોઈએ આનાકાની કરેલી નહિ અને આ જમીનના એક વીઘાંના બદલામાં જે પ્લૉટ મળ્યો તેની કિંમત તે વખતે જ બાવીસસો ને પચાસ રૂપિયા તો થઈ ગઈ હતી. અત્યારે પાંચસો વારના પ્લૉટની કિંમત આઠથી દસ હજાર રૂપિયા સુધી પહોંચી ગઈ છે અને હજાર વારના પ્લૉટની કિંમત પંદરથી વીસ હજાર સુધી પહોંચી છે. એટલે આ યોજનાને લીધે કોઈ જમીનમાલિકને અસંતોષ રહ્યો નથી. 'પ્રબુદ્ધ સ્વાર્થ' તે આનું નામ. વગર પૈસે યોજનાને જમીન મળી અને વધારાની જમીનના પ્લૉટ કર્યા. એમાંથી પણ લગભગ ચૌદ લાખ રૂપિયાની પ્રાપ્તિ થઈ.

જમીનના જ્યારે પ્લૉટ વહેંચ્યા ત્યારે બધા ભાઈઓને કહ્યું કે, આ તો પ્લૉટ મળ્યો. મકાન બાંધવું હશે તો પાણી જોઈશે અને દરેકને પ્લૉટમાં કૂવો કરવો પડશે અગર તો દસ-વીસ પ્લૉટવાળા ભેગા થઈને વૉટર વર્કસ કરવું પડશે. એ બહુ ખર્ચાળ થશે. રસ્તાની જમીન કાઢી આપી પણ એ જમીન જ છે. એમાં ઈંટો, રોડાં કે મૅટલ વગેરેના પાકા રસ્તા પણ કરવા પડશે. વીજળી પણ જોઈશે. આ બધા માટે જો વારે એક રૂપિયો આપવાનું કબૂલ કરો તો સંસ્થા આ બધાં કામ માટે બહુ કુનેહથી સસ્તાં કરશે. ભવિષ્યમાં ગ્રામ પંચાયત થશે એની પણ મદદ મળશે અને કદાચ સરકારની મદદ મળે તો તે પણ લેવાય અને આસ્તે આસ્તે બધાં કામ થઈ જશે. બધાને આ વાત ગમી અને એમણે વારે રૂપિયો આપવાનું કબૂલ કર્યું.

સાથે મેં એમને સમજાવ્યું કે પાંચસો વારના હિસાબે આપણી પાસે બાવીસસો પ્લૉટ થાય અને વારે રૂપિયા પ્રમાણે અગિયાર લાખની રકમ થાય. એમાંથી આપણે રસ્તા કરવા ચાર લાખ રૂપિયા જુદા મૂકીએ. પાણી અને વીજળીનો ચાર્જ કરવાનો છે એટલે મંડળને કે ગ્રામ પંચાયતને એમાંથી કાયમનું ઉત્પન્ન મળવાનું જેથી એ રકમ મારે મફત જોઈતી નથી. અમે સો સો રૂપિયાના એના શૅર કાઢીશું અને પાંચસો વારના પ્લૉટ દીઠ ત્રણસો રૂપિયાના શૅર આપીશું. માત્ર શરત એટલી કે આ શૅર ઉપર ત્રણ ટકાથી વધારે ડિવિડન્ડ નહીં મળે.

ચરોતર ગ્રામોદ્ધાર મંડળના સાત લાખ રૂપિયાના શૅર આ રીતે ભરાયા ને શરૂઆતની આવી શૅર કેપિટલથી બધાં કારખાનાં થયાં. એમાં ઈંટો પકવવાનું, ચૂનો પકવવાનું, સૉમિલ ફાઉન્ડ્રી, વર્કશોપ, લુહારીકામ, સુથારીકામ સ્પન પાઈપો, સિમેન્ટના ટાઈલ્સ, પ્રિન્ટિંગ પ્રેસ વગેરે બધાં કારખાનાં શરૂ કર્યા. પાછળથી પ્રિસ્ટ્રેસ્ડ કોંક્રિટ ફેક્ટરી, રબર ફેક્ટરી, એ પણ એમાં ઉમેરાયાં અને પ્રિસ્ટ્રેસ્ડ કોંક્રિટ ફેક્ટરીમાં બીજે ઠેકાણે પણ ચાર કારખાનાં ઊભાં થયાં. વિદ્યાનગર અને બાકરોલ ગામ માટે વીજળીની પણ પરવાનગી મેળવી. એવી રીતે શિક્ષણ સંસ્થાઓ માટે આવી કાયમની સગવડ ઊભી થઈ.

કરમસદની જમીન ૧૯૪૫ના જૂન મહિનામાં મળી અને જુલાઈ મહિનામાં તો સરદારશ્રી જેલમાંથી છૂટ્યા. તરત જ મેં એમને પત્ર લખીને ખબર આપી : આપે મને ગામડાંની યોજના કરવાનું કામ સોંપ્યું હતું તે મેં આ પ્રમાણે યોજના તૈયાર કરી છે. યોજના માટેનાં બંને મંડળો ચારુતર વિદ્યામંડળ અને ચરોતર ગ્રામોદ્ધાર મંડળનાં બંધારણ હું આ સાથે આપને મોકલી આપું છું. હવે તો આપ બહાર આવ્યા છો એટલે એમાં કંઈ પણ ફેરફાર સૂચવવાના હોય તો આપ મને કહેશો એ પ્રમાણે ફેરફાર કરીશું. આ કામ

માટે કરમસદ, બાકરોલ અને આણંદમાં થઈને લગભગ હજાર વીઘાં જમીન મળી ગઈ છે. એ જમીન ઉપર યોજનાનો નકશો પણ તૈયાર થયો છે અને આપ મને કહેશો તે વખતે તે નકશો લઈને હું આપને મળીશ.' સરદારશ્રીનો જવાબ આવ્યો : હું અમદાવાદ તા. ૪થી ઑગસ્ટે આવું છું તે વખતે તમે ત્યાં મને મળજો એટલે આ સંબંધે વાતચીત કરીશું.

હું અમદાવાદ ગયો. સરદારશ્રી ડૉક્ટર કાનુનગોને બંગલે ઊતર્યા હતા. અમદાવાદમાં ડૉક્ટર કાનુનગોને બંગલે હું મળ્યો. તે ખૂબ આનંદમાં હતા. મને કહ્યું :'ભાઈલાલ, અહીં તો આ લોકોએ ખૂબ કાર્યક્રમ ગોઠવ્યો છે. મને અહીં મિનિટની પણ ફુરસદ મળે એમ નથી માટે તમે મુંબઈ આવો તો ત્યાં આપણે નિરાંતે વાત કરીએ.' મેં હા પાડી અને ૮મીએ સવારે એમને મળવાનું નક્કી થયું.

૭મી ઑગસ્ટે સાંજે હું મુંબઈ પહોંચ્યો અને આઠમી તારીખની સવારથી જ યોજના વિષે વાતો શરૂ થઈ. એમણે બંને મંડળનાં બંધારણો વાંચી લીધાં હતાં એટલે એક એક પ્રશ્ન પૂછતા ગયા અને હું એનો જવાબ આપતો ગયો. આ ચર્ચા વખતે અમે બે જ હતા. એ વખતે બહારથી કોઈ મળવા આવનારને સરદારશ્રી મુલાકાત આપતા નહિ.

'હિંદ છોડો'નો ઠરાવ થયા પછી ત્રણ વરસે આ યોજના સંબંધે વાતો ચાલી રહી હતી અને સરદારનો મુખ્ય રસ તો એ હતો કે વગર પૈસે આવાં કામ શી રીતે થઈ શકે ? એ સંબંધી એમના પ્રશ્નો આવતા હતા. ત્રીજે દિવસે પશાભાઈ પણ અમારી સાથે બેઠા હતા. એમણે પૂછ્યું : આ જાતની યોજના કરતાં કેટલાં વર્ષ લાગે ?'

મેં કહ્યું : લોકોનો સહકાર હોય તો પચાસ વર્ષ લાગે અને સહકાર થોડો હોય તો સો વર્ષ પણ લાગે. પણ દેશની સિકલ આ રીતે આપણે બદલી શકીએ તો પ્રજાજીવનમાં સો વર્ષનો શો હિસાબ છે ?'

સરદારે કહ્યું : 'બરાબર છે. આપણે ગામડાંને આ સ્થિતિએ લાવીએ તો સો વર્ષ એ બહુ લાંબો સમય નથી.' અને તારીખ દસમીએ સાંજના પાંચ વાગ્યાના સુમારે કહ્યું : 'ત્યારે આ તો, ભાઈલાલભાઈ, તમે માત્ર કરમસદનું કામ કરતા નથી, માત્ર ચરોતરનું કામ કરતા નથી કે મારા ગુજરાતનું કામ કરતા નથી, પણ તમારી યોજના આ રીતે ચાલે અને સફળ થાય તો વહેલીમોડે એક દિવસ એવો આવશે કે જ્યારે કરમસદ હિંદુસ્તાનનું કેન્દ્ર બનશે. મને હવે સંતોષ થયો છે કે આ રીતે કામ ચાલી શકે.'

મેં સરદારશ્રીને શરૂઆતમાં એક વાત કહી હતી કે આ યોજનામાં આપને જે ચીજ ન પસંદ પડે તે આપણે કાઢી નાખીશું અગર આપને બીજા ફેરફાર કરાવવા હશે તો તે પણ કરીશું. પણ પૈસા માટે હું આપની પાસે નહિ આવું. કેટલુંક કામ ધીમું ચાલશે પણ આ ધોરણથી કામ થશે એની હું ખાતરી આપું છું. યોજનાની ચકાસણી કર્યા પછીથી સરદારશ્રીને પણ ખાતરી થઈ કે આ રીતે કામ થઈ શકે અને મને કહ્યું: 'જાવ, કામની શરૂઆત કરો. મારા તમને આશીર્વાદ છે.' બીજે દિવસે હું આણંદ પાછો આવ્યો અને અમારાં જે કામચલાઉ બંધારણ હતાં તે બિલકુલ ફેરફાર કર્યા સિવાય રજિસ્ટર થવા માટે મોકલી આપ્યાં.

મેં આગળથી સરદારશ્રીને લખ્યું હતું, 'આ મંડળના પ્રમુખ તરીકે હું આપનું નામ મૂકીશ. હું અધ્યક્ષ તરીકે કામ કરીશ અને ભીખાભાઈ સેક્રેટરી તરીકે કામ કરશે.'

સરદારશ્રીએ પહેલાં તો કહેલું, 'જે સંસ્થાનો હું પ્રમુખ હોઉ તેનું કામ તો મારા સિદ્ધાંત પ્રમાણે થવું જોઈએ.'

મેં એમને કહ્યું : 'અમારી યોજના મંજૂર કરશો તો તે પ્રમાણે જ કરવાનું છે. જે ચીજ ન ગમે તે કાઢી નાખીશું.'

એમણે હા પાડેલી. બંધારણ જ્યારે રજિસ્ટર થઈને આવ્યું ત્યારે આણંદ ચારુતર સોસાયટીમાં ત્યાં સુધીમાં જેટલા સભ્યો થયેલા હતા તેમની એક મીટિંગ બોલાવી અને કાઉન્સિલ તથા ગવર્નિંગ બોડીની રચના કરી દીધી. ચારુતર વિદ્યામંડળના સભ્યોના ચાર વર્ગ પાડેલા હતા. એમાં પેટ્રન પાસેથી જિંદગીમાં એક વખત પાંચ હજાર રૂપિયા લેવાના હતા અને અમારો ઇરાદો એવો હતો કે શ્રીમંત માણસોને પેટ્રન બનાવવા. મધ્યમ વર્ગના ઉપલા થર પાસેથી હજાર રૂપિયાની ફી લેવાનું રાખ્યું હતું અને એમને વાઈસ પેટ્રન તરીકે નામ આપ્યું હતું. સામાન્ય મધ્યમ વર્ગ પાસેથી પાંચસો રૂપિયા લેવાનું ઠરાવેલું હતું. એમનું નામ ડોનર (દાતા) રાખ્યું હતું અને મધ્યમ વર્ગના નીચલા થર પાસેથી અઢીસો રૂપિયા લેવાના ઠરાવ્યા હતા અને આ રકમો એક વર્ષે ના આપી શકે તો દર વરસે પાંચમા ભાગના પૈસા આપી પાંચ વર્ષે બધી રકમ પૂરી કરે તો ચાલી શકે એવી ગોઠવણ હતી કે જેથી કરીને સામાન્ય માણસ પણ ચારુતર વિદ્યામંડળનો સભ્ય થઈ શકે. આવી ગોઠવણ કરવાનો ઉદ્દેશ તો એ હતો કે સંસ્થા ઘણી મોટી થવાની. એમાં ટ્રસ્ટીઓ નીમી અમુક માણસ પાસે સત્તા રાખવી એના કરતાં લોકશાહી ઢબે મત આપનાર સભ્યો ઊભા કરવા અને એ સભ્યો કાઉન્સિલ ચૂંટી કાઢે અને કાઉન્સિલ ગવર્નિંગ બોડીને ચૂંટે અને ગવર્નિંગ બોડીના સભ્યોમાંથી અધ્યક્ષ અને સેક્રેટરી ચૂંટાય.

મંડળનું દરરોજનું કામ કરવાની જવાબદારી અધ્યક્ષ અને સેક્રેટરીની હતી. ગવર્નિંગ બોડીની મીટિંગ દર મહિને મળે એવી ગોઠવણ હતી અને કાઉન્સિલ વરસમાં ત્રણ-ચાર વખત મળે. મંડળના જે સભ્યો થયા તે બધાને મતનો અધિકાર સરખો જ હતો. પણ એમની આર્થિક સ્થિતિ પ્રમાણે કે દિલની મોટાઈ પ્રમાણે ઓછીવત્તી રકમ મળતી. સાધારણ પદ્ધતિ એવી રાખી હતી કે મંડળની શિક્ષણ સંસ્થાઓમાં આજીવન સભ્યોના છોકરાઓને બનતાં સુધી પ્રથમ પસંદગી આપવી જેથી એમના છોકરાઓને ભણાવવાની તકલીફ ન પડે કારણ શહેરોમાં સ્કૂલ કે કૉલેજમાં છોકરાઓને દાખલ કરાવવાની ભારે તકલીફ હતી અને તેટલા માટે બધાં મકાનોના પ્લાન વધારામાં વધારે છોકરાઓની સંખ્યા દાખલ કરી શકાય એ દૃષ્ટિએ કર્યા હતા. આમાં પણ 'પ્રબુદ્ધ સ્વાર્થ'નો નિયમ સચવાયો હતો. મંડળના સભ્યોને દાખલ કરાવવાની એક પ્રકારની નિરાંત હતી.

મહિના દોઢ મહિના પછી ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળનું બંધારણ પણ મંજૂર થઈને આવ્યું. એટલે તેનું પણ વ્યવસ્થાપક મંડળ નીમી દીધું. અમે ત્રણ ટકાનું ડિવિડન્ડ રાખેલું છતાં ઘણા ભાવનાશાળી ભાઈઓએ એના શૅર લીધેલા. સૌથી પહેલાં પાંચ હજાર જેટલી મોટી રકમના શૅર જીવણલાલ શેઠના ભાઈ હરખચંદભાઈએ લીધેલા. આ રીતે અમારા કામને ઘણો સારો ઉત્સાહ મળેલો. અમારા કેટલાક પેટ્રનોએ પણ ત્રણ ત્રણ હજારના શૅર લીધા હતા.

બંધારણ મંજૂર થયાં એટલે સૌથી પહેલા અમે ઈંટોના ભઠ્ઠાનું કામ શરૂ કર્યું. સ્થળ ઉપર પાણી નહિ એટલે અડધા માઈલ દૂર મોતીભાઈનો પંપ ચાલતો હતો ત્યાંથી દોઢશો ઢાળિયા કરીને પાણી બાકરોલથી મોગરીના રસ્તા સુધી આણ્યું. પણ રસ્તો લગભગ આઠેક ફૂટ ઊંડો. એટલે પાણી લાવવા બંને બાજુ કોઠા કરવા પડેલા અને કોઠા કરીને પાણી ઈંટોના ભઠ્ઠાની જગા સુધી આણ્યું અને ભઠ્ઠાનું કામ શરૂ કર્યું. ભઠ્ઠા કરવા માટે પૈસા નહીં. માલસામાન ખેંચી લાવવા પણ પૈસા નહિ. ભઠ્ઠો કરવા માટે સ્લેક કૉલની વેગનોની તો પરવાનગી મળી પણ એ ખેંચી લાવવા માટે મોટર લૉરીઓ જોઈએ. નસીબયોગે ડિસપોઝલમાંથી મળેલી બે ડૉજ લૉરીઓની પરમીટ મળી. બે લૉરીઓની કિંમત પચીસ હજાર રૂપિયા હતી. એ રકમ અમે ચરોતર એજ્યુકેશન સોસાયટીમાંથી ઉછીની લીધી અને લૉરીઓ મંગાવી લીધી. ભઠ્ઠા માટે પૈસા જોઈએ. શરૂઆતમાં તો બહુ થોડા સભ્યો થયેલા અને બહુ થોડી રકમના શૅર ભરાયેલા. એટલાથી કંઈ ઈંટોનો ભઠ્ઠો ચાલે નહિ તેથી અમે યોજના મૂકી કે જેને ઈંટો જોઈતી હોય તે અમારે ત્યાં

નોંધાવી જાય અને જેટલી ઈંટો જોઈએ તેને માટે ચોવીસ રૂપિયે હજારના ભાવે પૈસા ભરી જાય. તે વખતે આણંદ અને આજુબાજુનાં ગામોમાં ઈંટોના ભાવ હજારના પિસ્તાળીસ રૂપિયા હતો એટલે લોકોએ સારી સંખ્યામાં ઈંટોના ભાવ નોંધાવ્યા અને પૈસા ભરી ગયા.

અમારા ભઠ્ઠાનું કામ ઝપાટાબંધ ચાલવા લાગ્યું. રોજની વીસથી પચીસ હજાર ઈંટો નીકળતી થઈ ગઈ. આજુબાજુના લોકને ઘણું આશ્ચર્ય થયું કે એક બાજુ કૉલેજો બાંધવાની વાત કરે છે અને બીજી બાજુ ઈંટો વેચી ખાય છે. એટલે આ કોલેજો કરવાના ઢંગ દેખાતા નથી. ઘણાએ તો કહેવા માંડેલું કે ઈંટો વેચીને આ લોકો ચાલ્યા જશે અને આપણે પૈસા આપીશું તે બરબાદ થશે. આ બધાની સામે અમારે કામ કરવાનું હતું,

ક્રમશઃ

''ભાઈકાકાનાં સંસ્મરણો'' (પોતે લખેલા જીવનના મહત્ત્વના પ્રસંગો)માંથી સાભાર.

## વિચારોનું વાવેતર

એસ. જી. પટેલ

એક નાનકડા રાજ્ય પર મોટા રાજ્યે આક્રમણ કરી દીધું. તે રાજ્યના સેનાપતિએ રાજાને કહ્યું કે આક્રમણકારો પાસે ખૂબ જ શસ્ત્ર સરંજામ છે. આપણી પાસે સૈનિકો ઓછા છે અને શસ્ત્ર સરંજામ પણ મર્યાદિત છે. આપણે જલદીથી હારી જઈશું. આપણા સૈનિકો માર્યા જશે એમાં શંકા નથી. આપણા માટે આ યુધ્ધને જીતવું ઘણું જ મુશ્કેલ છે. આટલું કહી તેણે તેની તલવાર મ્યાન કરી નીચે મૂકી દીધી હવે રાજા ખૂબ ગભરાઈ ગયા અને વિચારવા લાગ્યા કે હવે શું થાય. તેણે લાંબી વિચારણા કરી એક વૃધ્ધ ફકીરની પાસે ગયા અને વાત કરી.

ફકીરે ઉપાય સ્વરૂપે જણાવ્યું કે સેનાપતિની તાત્કાલિક ધરપકડ કરી જેલમાં મોકલી આપો, નહીંતર હાર નિશ્ચિત છે. જો સેનાપતિ જ આવો વિચાર કરે તો સેનાનું મનોબળ કેટલું બધું ઘટી જશે. માણસ જેવું વિચારે છે એવું જ થાય છે. પછી રાજાએ પૂછ્યું : યુધ્ધ કોણ કરશે. ફકીરે જવાબ આપ્યોઃ હું છું ને !! આ ફકીર ઘરડો હતો, તેણે કોઈ યુધ્ધ જોયું જ નહતું અને કદી ઘોડેસવારી પણ કરી નહતી. એના હાથમાં સેનાપતિની જવાબદારી કેવી રીતે સોંપાય!! પણ રાજા પાસે બીજા વિકલ્પો ન હોવાથી રાજાએ સેનાની જવાબદારી ફકીરને સોંપવામાં જ શાણપણ છે એવો નિર્ણય કર્યો. એ વૃધ્ધ ફકીરે ઘોડેસવારી કરી સેનાની આગળ ચાલવાનું શરૂ કર્યુ. રસ્તામાં એક પહાડ પર મંદિર હતું. આ ફકીર સેનાપતિએ ઊભા રહી સેનાને કહ્યું. પેલા મંદિરમાં જઈ દેવતાને પૂછી આવું કે અમો આ યુધ્ધમાં હારીશું કે જીતીશું. સેનાના સૈનિકો વિચારમાં પડી ગયા કે દેવતા કેવી રીતે આપણને જવાબ આપી શકશે. જો કંઈ જવાબ આપશે તો આપણે કેવી રીતે એમની ભાષા સમજી શકીશું? પેલો વૃધ્ધ ફકીર બોલ્યોઃ મેં આજીવન દેવતાઓ સાથે ઘણા સંવાદ કરેલા છે એટલે કંઈક સલાહ માર્ગદર્શન જરૂર મળશે જ.

પેલા ફકીર એકલા જ પહાડી પર ચઢી ગયા, ત્યાં જઈ થોડી વાર બેસીને પાછા આવી ગયા. હવે સેનાને સંબોધન કરતાં ફકીરે જણાવ્યું કે મંદિરના દેવતાએ કહ્યું કે રાત્રે મંદિરમાંથી રોશની નીકળે તો સમજી લેવું કે દૈવી શક્તિ તમારી સાથે છે અને યુધ્ધમાં તમારી અવશ્ય જીત થશે. બધા સૈનિકો એકદમ સ્તબ્ધ થઈ રાત પડવાની ઈંતેજારી કરવા લાગ્યા. સાંજ પડતાં ધીમે ધીમે અંધારું થતાં એ મંદિરમાંથી પ્રકાશ ચારે દિશામાં ફેલાવા લાગ્યો. બધા સૈનિકોનો હોંસલો વધી ગયો અને જયઘોષ કરતા કરતા આગળ વધવા લાગ્યા. ૨૧દિવસ સુધી ભયંકર યુદ્ધ ચાલ્યું, પણ ફકીરની સેનાનો વિજય થયો. તેઓ બધા યુધ્ધભૂમિથી પાછા ફરતા હતા ત્યાં જ, વળી, એ મંદિર પાસે બધા ભેગા થયા. સૈનિકોએ ભેગા થઈ ચાલો આપણે બધા મંદિરમાં ઉપર જઈ દેવતાનો આભાર માનીએ કે જેમના આશીર્વાદથી અસંભવ લાગતા યુધ્ધમાં આપણી જીત થઈ. સેનાપતિ બોલ્યાઃ એવી કોઈ જરૂર લાગતી નથી. સૈનિકો વળી પાછા વિચારમાં પડી ગયા કે જેમના આશીર્વાદથી આપણને સફળતા મળી એમની સામે આભાર માનવા જેવો વિવેક ન કરીએ તો નગુણા ગણાઈએ. ત્યારે પેલા ફકીર સેનાપતિએ પ્રેમથી બધા સૈનિકોને બેસાડીને સંબોધન કરતાં કહ્યું કે, એ મંદિર ઉપરના બધા દીવા મેં જ સળગાવ્યા હતા. દિવસના સૂર્યપ્રકાશમાં તમને એનો પ્રકાશ ન દેખાયો અને સાંજ પડી અંધારું થતાં મંદિરના દીવાઓનો પ્રકાશ ઝળહળી ઊઠ્યો હતો. તમો બધા જીતી ગયા કારણ કે તમને જીતી જવાનો વિશ્વાસ પાકો થઈ ગયો હતો. તમો જેવું વિચારો છે એવી જ વાસ્તવિક્તા બનતી હોય છે. સદ્‌વિચાર સારી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં ખૂબ જ ઉપયોગી થાય છે.

આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ તમામ દેશવાસીઓ પાસે દીવા પ્રગટાવડાવી દેશમાંથી કોરોના વાયરસ ભગાડવાની હિંમત ઉપરના ઉદાહરણ સાથે સુસંગત થાય છે. કારણ કે માત્ર બાહ્ય ઉપચારથી કોરોના જેવા મહામારીને જીતવું અસંભવિત છે. આપણી સામે વિશ્વના ઘણા વિકસીત દેશો કોરોનાની બીમારી સામે લાચાર થઈને ઊભા છે. ઈતિહાસ સાક્ષી છે કે યુધ્ધ પોતાની ભૂમિ પર લડાતું નથી કારણ કે એમાં લડનારાના લોકો પણ મરતા હોય છે. આધુનિક જમાનામાં આ પહેલું યુધ્ધ છે જેમાં લોકોએ પોતાની ધરતી પર યુધ્ધ લડવાની

નોબત વાગી છે. અમેરિકા જેવા દેશમાં એક વાર છ કલાક વીજળી બંધ થઈ જવાથી સેંકડો લોકો હતાશ થઈ મરી ગયા હતા. આજે પણ કંઈક એવું જ થઈ રહ્યું લાગે છે.

આપણા ભારતીય ભાઈઓ-બહેનો પોતાની અદમ્ય જિજીવિષાથી ભરપૂર થઈ આપણી જ ધરતી પર આ યુધ્ધ જીતી રહ્યા છીએ. અડધી જીત થઈ ચૂકી છે આપણા દેશમાં પ્રમાણમાં મૃત્યુ દર ઓછો છે. જે કોઈ મરી રહ્યા છે તેમાંના મોટા ભાગના બીજી બીમારીથી પીડીત છે અથવા એમનામાં જીવન પ્રત્યે નિરાશા સવાર થઈ ગઈ છે. હે ભારતીયો આપણું કોરોના કંઈ જ બગાડી શકશે નહીં અને એ માત્ર Seasonal flu જેવો બની રહેશે પણ, સાવચેત રહેવામાં જ શાણપણ છે. સામાજિક અંતર જાળવી રાખીએ અને સરકારશ્રી તરફથી જ કંઈ માર્ગદર્શન મળતું રહે તેનું સંપૂર્ણ પાલન કરી આપણો આત્મ વિશ્વાસ મજબૂત કરીએ.

આપણા બધાનો અનુભવ છે કે જ્યારે સુખદ વસ્તુઓ મળે છે ત્યારે આપણું મન કુદરતી રીતે સુખદ અનુભૂતિ કરે છે. પણ જ્યારે પડકારો આવી પડે, સંબંધોમાં ઉણપ આવે, શરીર સાથ ન આપે કે પરિવારમાં પળોજણ ઊભી થાય ત્યારે બહુ ઓછા માણસો આશા કે નિર્ધાર સાથે કહી શકે કે- ''હું સ્થિરતાપૂર્વક સામનો કરી શકીશ.''

થોડા દશકાઓ પહેલાં જીવન અંગે ઓછાવત્તા અંશે ધારણા બાંધી શકાતી હતી, તેથી એટલું સારું હતું કે આપણી માનસિક અવસ્થાની ચિંતા નહોતી અને ભાવનાત્મક રીતે તંદુરસ્ત હતા. આજે આપણે ખાતરીપૂર્વક કહી શકતા નથી કે દરેક માણસની સવાર સારા મિજાજ અને સુખશાંતિવાળી હશે. આપણે ગાડી લઈને નીકળીએ ત્યારે ખબર નથી કે ટ્રાફિક કેવો હશે. આપણે ઑફિસે પહોંચીએ ત્યારે કેવા પડકારોનો સામનો કરવો પડશે તેનું કોઈ અનુમાન હોતું નથી. સાંજે જ્યારે ઘેર પહોંચીએ ત્યારે ક્યા સમાચાર રાહ જોતા હશે એની કોઈ કલ્પના જ નથી. આવી અચોક્કસતા પહેલાં હતી, પણ આજે અચોક્કસતાનું પ્રમાણ વધી ગયું છે.

આપણે કહીએ છીએ કે- ''જેવી પરિસ્થિતિ હશે, તેવી મારી માનસિક અવસ્થા હશે.'' આનો અર્થ એવો થાય કે બહાર અરાજકતા હોય તો અંદર પણ અરાજકતા આવે. આપણી જાતને પૂછીએ-આવી અનિશ્ચિતતા સભર સમયમાં કદી સુખી બની શકીએ ખરા? આપણે પસંદ કરવાનું છે કે પરિસ્થિતિઓ આપણને કેટલી અસર કરે છે. આપણે કેવી રીતે વિચારીએ, અનુભવીએ કે વર્તીએ એના માટે પરિસ્થિતિઓ જવાબદાર હોતી નથી. સારી પરિસ્થિતિમાં આપણે આપણો પ્રતિભાવ પસંદ કરી શકીએ છીએ એમ અરાજક પરિસ્થિતિમાં પણ આપણા પ્રતિભાવની પસંદગી કરી શકીએ. આપણે જ બધી લાગણીઓના સર્જકો છીએ અને સુખ આપણી પસંદગી અને અનુભૂતિની સમજ છે.

સુખના સ્ત્રોત અંગેની સમજ કેળવવી બહુ જરૂરી છે. આપણે સાંભળ્યું અને વાંચ્યુ છે કે સુખ એ આપણી પસંદગી અને આંતરિક સર્જન છે. તેવા સમયે લાગે છે કે- ''આ સાચું છે.'' થોડીક ક્ષણો પછી બીજું દશ્ય સામે આવે તો બોલાઈ જાય છે કે - ''મારે આ જોઈએ કારણ કે તેનાથી મને આનંદ થશે'' અથવા ''જ્યારે તે મારી વાત સાંભળતી જ નથી તો હું કેવી રીતે સુખી થઈ શકું?'' એનો અર્થ એ થયો કે સુખને આપણે બહારથી શોધીએ છીએ. એક બાજુ આપણે એમ કહીએ છીએ કે સુખ એ કુદરતી છે અને બીજી બાજુ બોલીએ છીએ કે તણાવ પણ કુદરતી છે. તેથી જ તણાવ અને ગુસ્સો વધતો જ જાય છે. આ દર્શાવે છે કે આપણે જ્ઞાનને આત્મસાત્ કર્યું નથી કારણ કે આપણે એને વ્યવહારમાં લાવતા નથી આપણે જે જાણીએ છીએ અને માનીએ છીએ તેમાં ઘણો મોટો ફરક છે. કોઈપણ બાબતનું જ્ઞાન જ્યાં સુધી માન્યતા ન બને ત્યાં સુધી ઉપયોગી થતું નથી.

જ્યારે આપણે કંઈક માનીએ છીએ, તેનો પ્રભાવ આપણા વિચાર-વાણી અને વર્તન પર પડતો હોય છે. આપણે જ્યારે નાના બાળક હતા ત્યારે મા-બાપ રમકડાં લાવી આપતા અને કે'તા'તા કે ''હવે ખુશ થાવ.'' એટલે આપણે માની લીધું કે સાધન સુખ અપાવે છે. જ્યારે આપણે વિદ્યાર્થી હતા ત્યારે મા-બાપ બોલતા હતા. ''કાલે તારી પરીક્ષા છે તોય તને કેમ ચિંતા થતી નથી? તું આટલી હળવાશથી કેવી રીતે રહી શકે?'' આમ આપણે એવી માન્યતા સાથે ઉછર્યા છીએ કે તણાવ, ચિંતા, વ્યગ્રતા એ તો જીવનનો એક હિસ્સો જ છે!

આપણે જેવું માનીએ એવા આપણે બનીએ છીએ. આપણી ખોટી માન્યતાઓ સુખ અને શાન્તિને અવરોધે છે. સુખ અને શાંતિ પામવા માટે નકારાત્મક વાતોથી મુક્ત થવું જ પડે. આધ્યાત્મિક શાણપણ અને ધ્યાનનો અભ્યાસ જ આપણી આંતરિક માન્યતાઓ, વિચાર અને અનુભવો સુખનો અહેસાસ કરાવે છે.

દરેક વ્યક્તિ સુખ પામવા, સ્વાસ્થ્ય સાચવવા અને સંબંધોની મીઠાશ જાળવી રાખવા ગમે તેટલું કષ્ટ ભોગવવા તૈયાર હોય છે. આ માટે દરરોજ સવારની ૨૦ મિનિટ પોતાના માટે ફાળવી શુધ્ધ અને સકારાત્મક સંકલ્પો કરવાની ટેવ કેળવવાથી તમને બદલામાં આધ્યાત્મિક, ભાવનાશીલ, શારીરિક અને સામાજિક તંદુરસ્તીની ભેટ મળે છે. જો આપણે બહાના કાઢીશું તો આપણે જ આપણી જાતને અન્યાય કરીશું. આપણી સફળતા માટે બાહ્ય દુનિયામાં આપણી આંતરિક શક્તિ કેળવવી એ આપણી પ્રાથમિક જવાબદારી છે.

જ્યારે આપણા મનમાં શુધ્ધ માહિતી હોય, જેનો આધાર લઈ તેમાં નવા આયામો અને દૃષ્ટિકોણનો ઉમેરો કરવાથી જ્ઞાનનો ઉપયોગ કરવો સરળ બને છે. આને કહેવાય જ્ઞાનને વાગોળવું કે જેમાંથી આધ્યાત્મિક શાણપણનું માખણ બને. આ વાતનો આપણે પ્રયોગ કરી શકીએ. – તમારા મનમાં સકારાત્મક સંદેશાઓ સવારમાં ભરી લો અને ત્યાર પછી સકારાત્મક ચિંતન થયા જ કરશે. બીજા દિવસે સકારાત્મક ભાથું ભરવાનું છોડી દો અને સકારાત્મક ચિંતન કરવા પ્રયત્ન કરી જુઓ. બીજા દિવસના પ્રયોગમાં વિચાર આવવા કંટાળાજનક અને તણાવયુક્ત બની જશે. જો આપણો દિવસ હિંસા, ગુના, અકસ્માતો, આપત્તિજનક કે મૃત્યુના સમાચાર સાંભળીને કે વાંચીને શરૂ થાય તો એવા નકારાત્મક સંકલ્પોનાં બીજ આપણા મગજમાં વવાઈ જાય છે. તેથી એવી કોઈ નાનકડી દુઃખદ ઘટના આપણા ધ્યાનમાં આવતાં હલકાં સંકલ્પો ચાલુ થઈ જતાં, ભય, ગુસ્સો, તિરસ્કારનો ભાવ જાગે છે.

---

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

**ક્ષમા યાચના**

વાચકો અને લેખકો ને જણાવવાનું કે લોકડાઉનને કારણે વિ-વિદ્યાનગરનો મે-જૂન ૨૦૨૦ સંયુક્ત અંક પ્રગટ કરી રહ્યા છીએ. વિ-વિદ્યાનગરના અન્ય અંકો **www.vvidyanagar.co.in** પરથી ડાઉનલોડ કરી શકાશે

-તંત્રી મંડળ

**(રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતી (મે-૭-૧૮૬૧) નિમિત્તે શ્રદ્ધાંજલિ)**

## જાગેલું ઝરણું (ઢાળ: પ્રભાતીનો)

કોણ જગાડે, કોણ જગાડે, આવીને કોણ જગાડે રે!
જુગજુગોની નીંદ થકી મારા પ્રાણને કોણ જગાડે રે!
ગોમ-ગુફાની ગોદમાંથી મારાં નેનને કોણ જગાડે રે!

આંહીં ક્યાંથી પરભાતનું કિરણ
પેઠું ઘોર અંધારે રે?
પંખી કેરું ગીત ક્યાંથી
શરણાઈ લલકારે રે. - કોણ જગાડે ૦

થીજેલ મારા પ્રાણમાં જળની
ઝાલક કોણ ઉડાડે રે?
ફૂટિયા ક્યાંથી રંગફુવારા
ધધખ ધધખ ધારે રે. - કોણ જગાડે ૦

ધરણી કેરાં પડ ધ્રૂજે ને
ફાટ પડી પ્હાડે પ્હાડે રે,
ભેખડ કેમ ભેદાઈ રહી છે
આજ મારી ચોધારે રે! - કોણ જગાડે ૦

ફીણવાળા મારા નીર-ઘોડીલા
આકુલ થૈ ખોંખારે રે;
ઘૂમરી ખાતા રોષમાં તાતા
પાગલ પગ પછાડે રે. - કોણ જગાડે ૦

ખેસવો પાખાણ, બારણાં ખોલો,
નહિ રહું બંધિયારે રે,
પ્રાણ જાગ્યા પછી હામ કોની મુંને
પૂરવા પાતાળ-તાળે રે. - કોણ જમાડે ૦

લેર લાગી મુંને ઝંખના જાગી,
છૂટવા બંધન બા'રે રે;
ભાંગીશ પાખાણ, ભેદીશ અંધાર,
ભાર નથી કો'ના ડારે રે. - કોણ જગાડે ૦

મેઘ-ધનુમાં પાંખ બોળીને
ઊડીશ આરે આરે રે,
મોકળે કેશે દેશવિદેશે
દોડીશ ભોમ પલાળ્યે રે - કોણ જગાડે ૦

ગીત પંખીનાં ને વાત વાદળની
શીખવાના કોડ મારે રે,
સૂરજ કેરાં કિરણોમાંથી
હાસ્ય લઈશ હારે રે. - કોણ જગાડે ૦

વાત ગીતો અને રંગ અનંતા
માય નહિ ઉરે મારે રે,
સોણલાં નવ સમાય નેણાંમાં
સભર હું સુખભારે રે. - કોણ જગાડે ૦

કેમ કરી આજે જાગિયો આતમ
પુરાયેલ પતાળે રે;
શું રે થયું કાંઈ સૂઝ પડે નૈ,
ભેદુ કોણ ભેટાડે રે. - કોણ જગાડે ૦

દૂર દૂરે મહાગાન સિંધુનું
કાન વિશે ભણકારે રે,
સાન પડી એનાં તેડલાં આવ્યાં,
કેમ રહું કારાગારે રે. - કોણ જગાડે ૦

## એ જ પ્રાણ

### ગુલબંકી

એ જ પ્રાણ :
એ જ એ જ એ જ પ્રાણ :
માહરા શરીરની રગે રગે
રુધિર-તરંગ છોળતો : જગે જગે
ઘૂમી રહ્યો વિજયવતે પદે પદે
વિરાટ પ્રાણ : એ જ પ્રાણ.

એ જ પ્રાણ નાચતો ત્રિભુવને,
અઘોર છંદ-તાલ-તાન-સ્પન્દને
નચાવતો નિશા-પ્રદીપવૃન્દને
દિનોને, રાત્રિઓને, પુષ્પ-ગંધને :
અનંત પ્રાણ, એ જ પ્રાણ.

અંકુરે, તૃણે, વસુન્ધરાની ધૂલિ-ગોદમાં
પ્રવેશતો : જગાવી રોમરોમમાં
ધ્રુજાટ હર્ષના : અનંત નીલિમા
ઉછાળનાર એ જ પ્રાણઃ વિશ્વપ્રાણ.

જન્મ-મૃત્યુ-સાગરે હિંડોળ જે
જુવાળના ચગાવતો : રજે રજે
મચાવતો પ્રચંડ આંધી ગુમ્બજે
વિરાટને : ભૂકંપની થપાટથી રસાતલે
ઉલેચતો હુતાશ-દેગ : એ જ પ્રાણ
એ જ પ્રાણ.

## છેલ્લી યાચના

આ છે છેલ્લી યાચના આપ પાસે,
મારા ઊંડા છેક અંતસ્તલેથીઃ
છેદી નાખો ક્ષીણતા સર્વ મારી
પૂરા જોરે ખડ્ગ ઝીંકી, પ્રભુજી!

સુખોનેયે જીરવી જાણવાની
શક્તિ દેજો દુઃખમાં એહવી કે
દુઃખો મારાં શાંત મોંએ હસીને
પોતે પોતાની જ પામે ઉપેક્ષા.

શક્તિ દેજો ભક્તિની, નાથ, એવી
જેણે મારાં કર્મ સાફલ્ય પામે,
જેણે મારા દુન્યવી સ્નેહ-પ્રેમ,
મ્હેકી ઊઠે પુણ્યનાં પોયણાં-શાં.

કંગાલોને જ્ઞાનહીણાં કરું ના,
જાલિમોને પાય ઝૂકી પડું ના,
ઊંચે માથે ક્ષુદ્રતાની વચાળે
ચાલું એવી શક્તિ આપો, પ્રભુજી!
શક્તિ દેજો - આપને પાય નામી
પોતાને હું સ્થિર રાખું સદૈવ.

**(રાષ્ટ્રીય કવિ ઝવેરચંદ મેઘાણી દ્વારા કરાયેલ ભાષાંતર ભાવાનુવાદ માંથી સાભાર)**

## સાચા સંબંધની ખોજ

**ધરતી પટેલ**

રોજ ઢળતી સાંજે હું,
નીકળું છું દીવો લઈ....
ક્યાંક-
કોઈક સંબંધ લાગણીનો જો જડે..!
કચકડે મઢી આ દુનિયામાં,
સંબંધો પણ બધે,
સાવ બરડ જ મળે...
ભુલભુલામણી શી આ સૃષ્ટિમાં,
આજે જીવ દેનાર પણ,
કાલે ખંજર લઈને મળે...
નથી ઘેઘૂર વૃક્ષનાં અભરખા,
ક્યાંક તો શ્રદ્ધાની કૂંપળ ફૂટે??
કાળી ડિબાંગ સડકો મધ્યે,
ભીની માટીનો ક્યારો એવો મળે...
વાવી શકું હું સ્વપ્ન મારું,
લણવા સંબંધ સોનેરી મળે...
રોજ ભટકું છું દીવો લઈ હું,
ક્યાંક આ તમસની દુનિયામાં
કોઈક સંબંધ સાચો જો મળે!

એન.વી.પટેલ કૉલેજ ઓફ પ્યોર એન્ડ
એપ્લાઈડ સાયન્સીઝ, વલ્લભવિદ્યાનગર

## ગઝલ

**કિશોર મોદી**

થમી શકતો નથી

બેખુદી વિશે કહી શકતો નથી
ફાની દુનિયામાં જીવી શકતો નથી

ભેટ ભાથામાં મળેલી છે સરસ
ખુદની ચાવીથી ખુલી શકતો નથી

એકુંને તાત્પર્યના ક્યાં છે સગડ?
કોઇ દિશાને લખી શકતો નથી

વાત તો વૈતાળ કરે બિન્દાસથી
સાલી ધીરજને ધરી શકતો નથી

છે અહમનો ભાર તો ગાડા સમો.
કાં ધરાને પણ નમી શકતો નથી

ઘટતી ઘટના સાહું કઈ રીતે કિશોર
મનવિચારોમાં થમી શકતો નથી

E-mai: kishormodi@gmail.com

# આધુનિક માનવ શાંતિની શોધમાં....

સ્વામી નિખિલેશ્વરાનંદ

આધુનિક માનવ શાંતિની શોધમાં ભટકી રહ્યો છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં માણસે અસાધારણ પ્રગતિ હાંસલ કરી છે. અદ્‌ભુત કોમ્પ્યુટરોનું, રોબોટોનું નિર્માણ કર્યું છે, અવકાશ ક્ષેત્રે અવનવી શોધખોળો કરી છે. ચંદ્રની ધરતી ઉપર પગ મૂક્યો છે. મંગળ ગ્રહ ઉપર અંતરિક્ષયાન મોકલીને ત્યાંની માહિતી મેળવી રહ્યો છે. અવનવા અદ્‌ભુત વૈજ્ઞાનિક પ્રયોગો તે દરેક ક્ષેત્રમાં સફળતાપૂર્વક કરી રહ્યો છે. આમ છતાં એક વસ્તુની ઊણપને લીધે માનવ દુઃખી છે અને તે છે શાંતિ.

મનુષ્ય આજે પોતાના દીવાનખાનામાં સોફા ઉપર બેઠાં બેઠાં કોઈ પણ દેશમાં, કોઈ પણ વ્યક્તિ સાથે એક સેકન્ડમાં સંપર્ક કરી શકે છે. આવી અદ્‌ભુત ક્રાંતિ કોમ્યુનિકેશન ટેક્નોલોજી'માં આવી છે. ઈ-મેઈલ, સાઈબર સ્પેસ, ઈન્ટરનેટ વગેરે દ્વારા તે સમસ્ત વિશ્વની અદ્યતન માહિતી પોતાના ઘરમાં બેસીને મેળવી રહ્યો છે, પણ વિડંબના એ છે કે એ જ સોફામાં બેઠેલાં પતિ-પત્ની, ભાઈ-ભાઈ કે સાસુ-વહુ વચ્ચે કોઈ કમ્યુનિકેશન નથી, મનનો મેળ નથી !

આજના યુગમાં માનસિક તનાવ દિનપ્રતિદિન વધતો જ જાય છે. વધારે પડતો કામનો બોજો, આર્થિક ભીંસ, પરિવારમાં કલેશ, ભવિષ્યની ચિંતા વગેરે અનેક કારણોને લઈ માનસિક તાણ સતત વધતી જ જાય છે. આ માનસિક તનાવને લઈને ઘરમાં, ઓફિસમાં કે કારખાનામાં અનેક સમસ્યાઓ સર્જાતી જોવા મળે છે. આધુનિક માનવ આ સમસ્યાઓનો સામનો કરવાને બદલે જીવનમાંથી નાસી જવાનો, આત્મહત્યાનો માર્ગ લે છે.

જાહોજલાલીમાં રાચતા વિકસિત દેશોના લોકો આરામદાયક પથારીમાં સૂવે છે, તો પણ ઊંઘની ગોળીઓ લીધા વગર તેમને ઊંઘ આવતી નથી. વધુ ને વધુ ઊંઘની ગોળીઓ લેવા છતાં ઊંઘ ઓછી ને ઓછી થતી જાય છે. માનસિક તનાવથી બચવા લોકો જાતજાતની ડ્રગ્સનું સેવન કરવા લાગ્યા છે. રોબર્ટ ડી રો પોતાના પુસ્તક Mind and Medicineમાં સુંદર વાત કહે છે કે પૈસાથી આજકાલ બધું ખરીદી શકાય છે, પણ દુઃખની વાત એ છે કે કોઈપણ કેમિસ્ટની દુકાનમાંથી શાંતિનું પૅકેટ વેચાતું મળતું નથી.

આજકાલ તો ઉદ્યોગ-ધંધાઓમાં મંદી, આંતરરાષ્ટ્રીય હરીફાઈ, મજૂરોના પ્રશ્નો વગેરેને લઈને પણ અશાંતિ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. માનસિક તનાવને લઈને મેનેજમેન્ટના ક્ષેત્રે પણ સ્ટ્રેસ મેનેજમેન્ટ મહત્ત્વનો વિષય બની ગયો છે આ સાથે, આધુનિક યુગમાં ધ્યાનશિબિરો, યોગશિબિરો, તનાવ દૂર કરવાના વર્ગોનું પ્રમાણ વધતું જાય છે. કેમ કે મનુષ્ય પોતાની જાતને સલામત માનતો નથી. ભલે સુખસગવડનાં સાધનો વધ્યાં છે, પણ સલામતીની ભાવના ઘટતી જ જાય છે. જીવનની નિશ્ચિતતા અને હળવાશ મનુષ્યે ગુમાવી દીધી છે. મોટાં શહેરોમાં તો પતિ જ્યારે સાંજે ઘરે નોકરીએથી હેમખેમ પાછો આવે ત્યારે જ પત્નીને નિરાંત થાય છે. તેનું આખું જીવન અકસ્માત, હુલ્લડ, તોફાન, દુર્ઘટનાઓના ભયમાં જ વીતતું હોય છે. વળી ભવિષ્યની ચિંતા પણ મનુષ્યને કોરી ખાય છે. વિદ્યાર્થીઓને ઈચ્છિત વિદ્યાશાખામાં એડમિશન મળશે કે કેમ, અભ્યાસ પૂરો કરી લીધા પછી સારી નોકરી મળશે કે કેમ અને નોકરી મળ્યા પછી એ ટકી રહેશે કે કેમ, આ બધી ચિંતાઓ સતાવતી રહે છે. યુવાનોને ઈચ્છિત પાત્ર મેળવવાની ચિંતા, પ્રૌઢોને પોતાનાં સંતાનોને ઠેકાણે પાડવાની ચિંતા, વૃદ્ધોને તો પોતાના જીવનની જ સતત ચિંતા અને અસલામતીનો અનુભવ સતત થતો રહે છે. જેમની પાસે પૈસા છે, તેઓ તો સહુથી વધારે અસલામતી અનુભવે છે. ધનસંપત્તિ ચાલી જવાની ચિંતા, ગુંડાઓ અપહરણ કરે કે હત્યા કરી નાંખે એ ભય અને ફફડાટ તો અતિ શ્રીમંત માણસને સતત અનુભવાતો હોય છે. સંપત્તિની જેમ જ સત્તા ધરાવનાર માણસ પણ સત્તા ક્યારે ચાલી જશે તેના ભય અને ચિંતામાં જ જીવતો હોય છે. આ રીતે જોતાં નાનાં બાળકોથી માંડીને વૃદ્ધો સુધી દરેક આજે ચિંતાથી ઘેરાયેલાં જોવા મળે છે. સ્વસ્થતા, સ્થિરતા કે શાંતિ તો ભાગ્યે જ જોવા મળે છે.

પૈસા- ધનસંપત્તિ - આ બધું સીધું સુખ સાથે સંકળાયેલું છે. એટલે કે જેમ પૈસા વધારે તેમ સુખસંપત્તિ વધારે.

મોટાભાગના લોકોની આવી માન્યતા હોવાથી તેઓ પૈસા મેળવવા રાતદિવસ સખત પરિશ્રમ કરે છે, દોડાદોડી કરે છે. તેમના જીવનનું મુખ્ય ધ્યેય જ વધુ ને વધુ પૈસો કમાવવાનું જ બની જાય છે. અને પછી તેઓ ગમે તે માર્ગે પૈસા ભેગા કરવા ઈચ્છે છે. આમ પૈસા મેળવવાની લાલસા તેમને ભ્રષ્ટ બનાવી દે છે. એક વખત પણ પૈસા મેળવવા અનૈતિક માર્ગ લીધો, એટલે આ માર્ગે પ્રથમ ભોગ દેવાય છે, આંતરિક શાંતિનો અને બીજો ભોગ દેવાય છે, જીવનની સલામતીનો. એકવાર પણ અવળા માર્ગે ચાલ્યા એટલે પછી આ માર્ગથી પાછું વળી શકાતું નથી. અને માણસ ઈચ્છે તો પણ તેના સાગરીતો તેને આ માર્ગમાંથી જીવતો તો બહાર જવા દેતા જ નથી. આમ ભ્રષ્ટ માર્ગે કદાચ અઢળક સમૃદ્ધિ મળે, પણ જીવનનું સાચું સુખ અને શાંતિ ક્યારેય મળતાં નથી, તો આ સંપત્તિ શા કામની ?

મનુષ્યનાં સુખશાંતિને ગ્રસી જનારો એક ભયંકર રાક્ષસ આધુનિક યુગમાં ઊભો થયો છે. આ રાક્ષસ એવો વિકરાળ છે, કે તેનું પેટ ક્યારેય ભરાતું નથી. અને તે છે 'ઉપભોકતાવાદ'. આધુનિક માનવ ઉપભોક્તાવાદ સકંજામાં ભયંકર રીતે સપડાઈ ગયેલો છે. જેમ જેમ સુખસગવડનાં સાધનો વધતાં જાય છે અને વિકસતાં જાય છે, તેમ તેમ તેને વધુ ને વધુ પ્રમાણમાં મેળવવાની ઘેલછા પણ વધતી જાય છે. વળી, આજના ઉપભોક્તાવાદના રાક્ષસે ભવિષ્યની મોહક ભ્રમજાળ એવી રચી કે ભલભલા મનુષ્યો એમાં ફસાઈને વર્તમાનનાં સુખ-શાંતિને ગુમાવી દે છે. આથી સુખશાંતિની શોધમાં નીકળેલા આધુનિક માનવે ઉપભોક્તા-વાદના રાક્ષસની પકડમાંથી મુક્ત થવું પડશે. પાશ્ચાત્ય મનોવૈજ્ઞાનિક એરિકફ્રોમના મંતવ્ય અનુસાર માનવ આજે ઉપભોક્તાવાદનો શિકાર બનીને પોતે જ એક ભોગ્ય પદાર્થ બની ગયો છે. તો પછી એને સાચું સુખ અને શાંતિ કેવી રીતે મળી શકે ? શાંતિની શોધ માટે તે બહાર આમતેમ ભટકી રહ્યો છે, પણ બહાર સુખશાંતિ મૃગજળ જેવાં છે. માત્ર આભાસ જ છે અને મૃગની જેમ તેને પકડવા દોડે છે, અને તે હાથમાંથી દૂર સરકી જાય છે. ખરી વસ્તુ તો તેની અંદર જ છે. સાચી શાંતિ અને સાચો આનંદ તેની અંદર છે. અખૂટ શાંતિનો મહાસાગર એની અંદર જ આવેલો છે.

('આધુનિક માનવ શાંતિની શોધમાં' પુસ્તકમાંથી ટૂંકાવીને સાભાર)

**।। વિદ્યાવૃત્ત ।।**

## સીવીએમ યુનિવર્સિટીની સેમકોમ કોલેજ દ્વારા ઓપન બુક પરીક્ષાનું આયોજન

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત સેમકોમ કોલેજ દ્વારા તાજેતરમાં પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને કોલેજના બીકોમ, બીબીએ, બીસીએ અને બીબીએમાં અભ્યાસ કરતા દરેક વર્ષના વિદ્યાર્થીઓને વ્યસ્ત રાખવા અને તેઓને આવનારા પડકારો માટે તૈયાર કરવા કોલેજના સ્વપનદષ્ટા આચાર્ય ડો. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ સેમકોમ કોલેજ દ્વારા દરેક વર્ગના દરેક વિષયની પરીક્ષા જે તે વિષયના પ્રાધ્યાપકો દ્વારા ઝૂમ ડિજિટલ અને સિસ્કો વેબએક્સના માધ્યમથી યોજવામાં આવી રહી છે. આ પ્રકારના ઓનલાઈન ઓપન બુક પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક-અંતર સુનિશ્ચિત જળવાઈ રહે અને તેઓને ડિજિટલ માધ્યમથી પરીક્ષા તેઓને ભવિષ્ય માટે તૈયાર કરશે. કોલેજ દ્વારા તારીખ ૫ મે સુધીના એક પેપર એક દિવસના પેટર્ન મુજબ પરીક્ષા લેવાની બહાલી આપવામાં આવી છે. પ્રાધ્યાપકો દ્વારા વ્યાપક રીતે ઇ-મેલ અને ગુગલ ડ્રાઈવ દ્વારા ઉત્તરોની ચકાસણી થશે અને વિદ્યાર્થીઓને તેઓના મેળવેલ ગુણ જણાવવામાં આવશે. આચાર્ય દ્વારા સૂચિત મલ્ટી એન્ડ કમ્યુનિકેશન આખરે સફળતાથી પૂર્ણ થવાના આરે છે. આચાર્યશ્રી ડો. વહીદા થોમસ ના જણાવ્યા મુજબ આ પ્રકારની પરીક્ષા યોજીને સેમકોમ એક કદમ આગળ છે એવો દાખલો બેસાડી અને વિદ્યાર્થીઓને ભવિષ્યના આવનારા પડકારો સામે તૈયાર કરશે.

## ભારતીય હોવાનું મને ગૌરવ

**નરેશ વેદ**

ઈશ્વરે આખું બ્રહ્માંડ મને ચાહવા માટે આપ્યું છે, પરંતુ મને જન્મ ભારત દેશમાં આપ્યો છે, એને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું. આજના વૈશ્વિકરણના વાયરામાં એક ભારતીય હોવામાં હું ગૌરવ અનુભવું એમાં કોઈને મારું માનસ સંકુચિત જણાય તો હું એમની સાથે સંમત નથી. કેમકે જન્મ-આપનારી માતા અને પ્રદેશ દ્વારા મળતી માતૃભાષા જેટલી જ માતૃભૂમિ કોઈપણ વ્યક્તિ માટે આદરણીય હોય છે. 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી' એમ રાજા રામે અમસ્તું કહ્યું ન હતું.

જે માટીના કણમાંથી આપણે પેદા થયા હોઈએ, જ્યાંનાં દાણાપાણીથી આપણો દેહ પરિપોષાયો હોય, જ્યાંના દર્શન અને ચિંતનથી આપણો મસ્તિકકોષ અને ચિત્કોષ રસાયો હોય અને આપણને અસ્મિતા પ્રાપ્ત થઈ હોય તે માતૃભૂમિવાળા દેશને આપણે ચાહીએ, એના વિશે ગૌરવ અનુભવીએ એમાં કશું અજુગતું નથી.

'ભારત મારો દેશ છે' એમ કહેવાને બદલે 'હું ભારતનો છું' એમ કહેવાનું હું વધારે પસંદ કરું છું. જન્મતાંની સાથે જ મને આ દેશનાં હવા અને દૂધ મળ્યાં છે. ગળથૂથીમાં મને આ દેશમાં જન્મીને ઉછરેલા વડીલોના આશિષ મળ્યા છે. મારા જન્મ પહેલાં, જન્મ પછી આ દેશની સામાજિક પ્રથા મુજબ મારા કેટલાક સંસ્કારો થયા છે, અને મારા મરણ બાદ પણ એ મુજબ સંસ્કાર થશે. મરણ બાદ મારા શરીરની રાખ અને મારા શરીરના અસ્થિ આ દેશની પવિત્ર ધરતી અને સરિતામાં ભળી જાય, એવી હું મનીષા સેવું છું.

આ દેશે મને શું નથી આપ્યું? શિક્ષણ અને સંસ્કારો આપ્યાં, આજીવિકા અને સંપત્તિ આપી, પદ અને પ્રતિષ્ઠા આપ્યાં, જ્ઞાન વિજ્ઞાન અને વિદ્યાઓ આપ્યાં છે. મને વાણીનું, વ્યવસાયનું, વસવાટનું અને ધર્મનું સ્વાતંત્ર્ય આપ્યું છે. મને શરીરનું અને વાણીનું વ્યક્તિત્વ આપ્યું છે. સામાજિક સદ્‌ભાવ, આર્થિક સદાચાર, રાજકીય શાણપણ, ધાર્મિક સાહિષ્ણુતા, શૈક્ષણિક શિસ્ત, સાંસ્કૃતિક આચારો, નૈતિક આદર્શો અને આધ્યાત્મિક મૂલ્યો અને ગુણોવાળું ચારિત્ર્ય આપ્યું છે. મારું ભણતર, ઘડતર અને ચણતર આ દેશમાં થયું છે. મારી સંવેદનામાં, ભાવનામાં, ચેતનામાં સદીઓથી આ દેશની સંવેદેલી, અનુભવેલી અને આચરેલી પ્રથાઓ, પ્રણાલીઓ, પરંપરાઓ અને માન્યતાઓ રસાઈ ચૂકેલી છે. મારા આહાર વિહાર, નિવાસ અને પ્રવાસમાં મારા દેશની રીતરસમ વણાયેલી છે. મારા વિચાર, ઉચ્ચાર અને આચાર ભારતીય ઢબછબનાં છે. તેથી હું ભારતીય છું. ભારત મારામાં શ્વસી રહ્યું છે. મને ભારતીય હોવાનું ગૌરવ છે.

શા કારણ છે તે તમારે જાણવું છે? આવો, જણાવું.

મારા દેશમાં હજુ કુટુંબ સંસ્થા અને કુટુંબભાવના જીવિત છે. યુરોપ અને અમેરિકા જેવા ઉપખંડોના ઘણાખરા દેશોમાં કુટુંબસંસ્થા તૂટી ગઈ છે. કુટુંબભાવના રહી નથી. કહોકે સંયુક્ત કુટુંબોની વ્યવસ્થા ખતમ થઈ ચૂકી છે. આપણા દેશમાં પણ નોકરીધંધાને કારણે, બાળકોના અભ્યાસને કારણે, જગ્યાની સંકડાશને કારણે, સાસુવહુ કે દેરાણી-જેઠાણીને એકમેક સાથે ફાવતું ન હોવાને કારણે સંયુક્ત કુટુંબો વિખરાયાં છે અને વિભક્ત કુટુંબો અસ્તિત્વમાં આવ્યાં છે. પરંતુ હજુ કુટુંબસંસ્થા અને કુટુંબભાવના સાવ મરી પરવાર્યાં નથી. આજે પણ આપણા દેશમાં લાખો પરિવાર એવા છે જેમાં સંતાનો પોતાનાં માતાપિતા ઉપરાંત કાકા-બાપાના પિતરાઈ ભાઈબહેનો સાથે એક છત નીચે રહે છે. હજુ માતાપિતા સંતાનોની અને સંતાનો માતાપિતાની કાળજી રાખે છે અને સારસંભાળ લે છે. આજે પણ હજુ હોળી, દિવાળી, ઉત્તરાણ, ઓણમ, પોંગલ, ઈદ અને ક્રિસ્ટમસના અવસરો ઉપર કુટુંબથી દૂર વસતાં સંતાનો વડીલો પાસે ઘરે આવે છે અને સામૂહિકરૂપે પર્વોઉત્સવો ઉજવે છે. હા, ક્યારેક માતાપિતા કે અશક્ત વડીલોનો બોજ ઉઠાવી ન શકે તો એમને વૃદ્ધાશ્રમ કે અશક્તાશ્રમમાં મૂકી આવે છે. પરંતુ આશ્રમોમાં રહેતાં આવાં વડીલો અને વૃદ્ધોનું પ્રમાણ પોતાના કુટુંબમાં રહેતાં વૃદ્ધો, વડીલો કરતાં ઘણું ઓછું છે. હજુ આપણા દેશમાં એવાં કુટુંબો છે જેમાં અલગ અલગ વર્ગ, કોમ કે વિવાહ પ્રકારથી જોડાયેલાં હોય, તો પણ એક ઘરમાં સાથે રહેતાં હોય છે, પિતરાઈના પરિવારો તો સાથે રહેતા હોય પણ બે વેવાઈના પરિવારો પણ એક કુટુંબરૂપે સાથે રહેતા હોય. જેમને પુત્ર ન હોય એવા વડીલોને એમનાં દીકરીજમાઈ પોતાના કુટુંબમાં લાવીને એમની પરવરીશ કરે છે. એટલું જ નહીં આપણા દેશમાં સમાન વય, રસ અને રુચિ ધરાવતાં અલગ અલગ કુટુંબના લોકો પણ કોમ્યૂન રચીને

એક કુટુંબભાવથી સાથે મળીને રહે છે અને એકબીજાની શારીરિક ઊણપ કે આવકની ઓછપમાં સહાયક બને છે. વસુધા ઉપર વસતાં પશુપંખી અને જીવોસહિત સૌ કુટુંબના સભ્યો છે એવો આદર્શ ધરાવતા આપણા પૂર્વજોની વાત આજની પ્રજાએ ભલે મર્યાદિતરૂપે પણ કુટુંબભાવના અને કુટુંબસંસ્થારૂપે હજુ ટકાવી રાખી છે.

ભારતીય હોવાનું મને ગૌરવ છે એનું બીજું કારણ છે, લગ્નસંસ્થા પણ આપણે ત્યાં હજુ ટકી રહી છે. આપણને ખ્યાલ છે કે પશ્ચિમી જગતમાં લગ્નસંસ્થા સાવ નામશેષ થઈ ગઈ છે. આપણે ત્યાં પણ હવે વડીલો દ્વારા ગોઠવાતાં લગ્નોની જગ્યાએ જુદાં ગોળ, વર્ગ, વર્ણ, કોમ કે પ્રદેશની વ્યક્તિઓ વચ્ચે પ્રેમલગ્નો વધારે થઈ રહ્યાં છે. વગર લગ્ને ફાવે ત્યાં સુધી સાથે રહેવાના, એટલે કે, 'લીવ ઈન રીલેશનશીપ'ના કિસ્સાઓ પણ બનતા રહે છે. સિવિલ મેરેજીસ પણ ઠીકઠીક સંખ્યામાં થાય છે. છતાં હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી ધાર્મિક વિધિ સંસ્કારો મુજબ લગ્નો સૌથી વધારે થાય છે. ભવોભવના સાથસંગાથની કે જીવનબંધનની ઉમદા ભાવનાઓ ભલે મૉળી પડી છે, પરંતુ પવિત્ર અગ્નિ, ધાર્મિક નેતા અને સમાજની સાક્ષીએ લગ્નો કરવાની પ્રથા જ હજુ બળવત્તર છે. લૂક (દેખાવ) બૂક (ભણતર અને પાસબૂક), કૂક (રસોઈની આવડત) અને ચાર્ટ (કુંડળી) એવા કોઈપણ માનદંડ (ક્રાયટેરીઆ)થી વરકન્યાની પસંદગી થતી હશે, પણ એમનું જોડાણ સામાજિક સંસ્થાના આશ્રયે થવું જોઈએ એ ખ્યાલ ઓસર્યો નથી. તેથી લગ્નસંસ્થા પણ ટકી છે અને એ સંસ્થાના નેજા હેઠળ જોડાયેલ લગ્નો પણ લાંબા કાળ સુધી ટકી રહે છે.

ભારતીય હોવાનું મને ગૌરવ હોવાનું ત્રીજું કારણ ભારતીય પ્રજાની અચળ આસ્તિકતા છે. ભારતીય પ્રજા મૂળભૂત રીતે ધર્મભાવનાવાળી આસ્તિક પ્રજા છે. ઈશ્વર, અલ્લાહ, ઈસુ, જરથુસ્ત્ર, ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ, ગુરુ તેમ ગુરુ-ગ્રંથમાં આસ્થા ધરાવતી પ્રજા છે. અનેક વિદેશી અને વિધર્મી પ્રજાઓ અને શાસકો આ દેશમાં આવ્યાં અને વસ્યાં છે. અહીં પારસીઓ, મોગલો, અંગ્રેજો, પોર્ટુગિઝો, યહૂદીઓ આવીને વસ્યા છે. એમાંથી મોગલો અને પોર્ટુગિઝ લોકો કરતાં અંગ્રેજોએ તો લગભગ બે શતક સુધી આપણી ઉપર શાસન કર્યું હતું. એને પરિણામે આપણી જીવનભાવના અને જીવનશૈલીમાં ઘણું પરિવર્તન પણ આવ્યું છે. આપણી પ્રજાનાં ખાનપાન, પહેરવેશ, વહેવાર, તહેવાર ઉપર એનો ઘણો પ્રભાવ પણ પડ્યો છે. એટલે કે પશ્ચિમીકરણનું આપણી પ્રજાએ આંધળું અનુકરણ પણ કર્યું છે. પરંતુ આપણી પ્રજાની એક વસ્તુ દુનિયાની કોઈ પણ પ્રજાની અસર કે પ્રભાવથી બદલાઈ નથી, અને તે વસ્તુ છે આપણી પ્રજાની આસ્તિકતા. કેમકે એ વસ્તુ બાહ્ય ટાપટીપ કે ઓપશણગાર નથી, આંતરિક અવસ્થા છે. આપણે શર્ટ ઉતારીને ટીશર્ટ, ધોતી છોડીને જીન્સપેન્ટ પહેર્યા, પરંતુ આપણી ચામડી કોઈ ઉતારી શકે નહીં, એમ આપણી આસ્તિક્તાને ખદેડીને આપણને કોઈ નાસ્તિક કરી શક્યું નથી. આ આસ્તિક્તાને કારણે આજે પણ આપણા લોકો અનેક દેવદેવીઓમાં, ઈશ્વરના અવતારોમાં, ગુરુમહાત્માઓમાં, સંતો સ્વામીઓમાં ઊંડી શ્રદ્ધા ધરાવે છે. એમનાં વચનોનું અને શાસ્ત્રગ્રંથોના સિદ્ધાંતોનું પાલન કરે છે. એમના ઉરઅંતરમાં દૃઢ થયેલી આસ્તિક્તાને કારણે જ તેઓ એક યા બીજા પ્રકારની આરાધના, સાધના કે ઉપાસના કરતા રહે છે.

ભારતીય હોવાનું મને જે ગૌરવ છે એનું ચોથું કારણ પરાપૂર્વથી ભારતીય પ્રજાએ જ્ઞાનનું મહાત્મ્ય સ્વીકારીને એનો જે વિકાસ કર્યો છે, તે છે. માનવનાં દુઃખનું મૂળ ભારતીય પ્રજાએ અજ્ઞાનમાં જોયું છે. સત્ય અને મિથ્યા, શાશ્વત અને ક્ષણભંગુર, આત્મા અને અનાત્મ વચ્ચે તરતમનો ભેદ કરી આપતા વિવેકની હિમાયત કરી છે. જ્ઞાનનો અર્થ આત્મજ્ઞાન કર્યો છે. જે આખરી સત્ય છે એ બ્રહ્મ કે આત્માને ઓળખાવતી વિદ્યાનો પરા વિદ્યા તરીકે સ્વીકાર કર્યો છે, એ સિવાયના તમામ વિષયો અને શાસ્ત્રગ્રંથોનો સમાવેશ અપરા વિદ્યામાં કર્યો છે. બ્રહ્મ, બ્રહ્માંડ અને જીવનનાં મૂળભૂત રહસ્યોની શોધને જીવનનો પુરુષાર્થ માન્યો છે. જ્ઞાનને સુખ અને આનંદના એક માત્ર આધાર તરીકે સ્વીકાર્યું છે. આ કારણે જ આ દેશમાં આવાં રહસ્યો શોધવા જેમણે પુરુષાર્થ કરીને અનેક ગૂઢ અને ગુહ્ય સત્યો પ્રગટ કર્યાં છે તેવા જ્ઞાની ઋષિઓ, યોગીઓ, પરમહંસો અને સંતોનો સત્ ચિત્ત આનંદની અનુભૂતિ કરાવનાર જ્યોતિર્ધરો તરીકે સમાદર કર્યો છે.

ભારતીય હોવાનું મને જે ગૌરવ છે એનું પાંચમું કારણ એ છે કે જાત, જીવન, જગત અને જગદીશ્વર તરફ જોવાનો ભારતીય પ્રજાનો દૃષ્ટિકોણ દાર્શનિક કોટિનો છે. ભારતીય પ્રજાએ શ્રુતિ, સ્મૃતિ, સંહિતાના ગ્રંથો ઉપરાંત નીતિગ્રંથો, સૂત્રગ્રંથો, ઈતિહાસ અને પુરાણ ગ્રંથો દ્વારા જ્ઞાનનો અખૂટ

ભંડાર માનવજાતને ચરણે ધર્યો છે. ભારતે ભલે પશ્ચિમી પ્રજાની માફક બહારના ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રમાં ઝાઝું ખેડાણ નથી કર્યું, પરંતુ અંદરના આત્મવિજ્ઞાનનું અન્વેષણ અને આકલન ઘણું કર્યું છે. સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા, વેદાન્ત ઉપરાંત જૈનદર્શન, બૌદ્ધદર્શન અને ચાવાર્કદર્શન જેવા ચૌદ દર્શનો વિકસાવીને વ્યષ્ટિ, સમષ્ટિ, બ્રહ્મ અને બ્રહ્માંડનાં અનેક રહસ્યો અને કાર્યકલાપોનો પરિચય કરાવી દીધો છે. વળી, આ પ્રજાએ તત્ત્વદર્શનના કેવળ સિદ્ધાન્તગ્રંથો જ નથી આપ્યા, એ સિદ્ધાન્તો આત્મસાત્ કરીને એમનું જીવનમાં આચરણ કેવી રીતે કરી શકાય તેનું પ્રયોજ્ય(applied) વિજ્ઞાન યોગવિદ્યારૂપે આપ્યું છે. જીવનના તમામ પુરૂષાર્થો કેવી રીતે સિદ્ધ કરી શકાય તેના માર્ગદર્શક ગ્રંથો પણ આપ્યા છે. આ જ્ઞાનપરંપરા માત્ર ઋષિમુનિઓ અને યોગીઓ સંતો પૂરતી મર્યાદિત રહી નથી. તેનું ઉજળું અનુસંધાન કેટલાક અર્વાચીન મીમાંસકો અને ચિંતકોમાં ચાલુ રહ્યું છે, રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ, મહર્ષિ અરવિંદ, જિદ્દુ કૃષ્ણમૂર્તિ, શ્રીકૃષ્ણપ્રેમ, પંડિત ગોપીનાથ કવિરાજ, આચાર્ય હેમચંદ્રાચાર્યજી, શ્રીમદ્ રાજચંદ્રજી, સર્વપલ્લી રાધાકૃષ્ણન, આચાર્ય રજનીશજી જેવા નામીઅનામી અનેકો દ્વારા આ પરંપરા આગળ ધપેલી છે. ભારતીય પ્રજાએ આ રીતે તાત્ત્વિક અને દાર્શનિક વિચારોનો જે પરમ વૈભવ અને વારસો દુનિયાને આપ્યો છે, તે કારણે હું ગૌરવ અનુભવું છું.

એક ભારતીય હોવાનું મને જે ગૌરવ છે એના પાયામાં એક અન્ય બાબત પણ રહેલી છે. આ દેશ રામ અને કૃષ્ણ જેવા અવતારી પુરુષવિશેષો, દયાનંદ સરસ્વતી, વિવેકાનંદજી જેવા અનેક સ્વામીઓ, વિદુરજી અને ભર્તૃહરિ જેવા મહાત્માઓ, સીતા, મંદોદરી, સાવિત્રી, તારા અને દ્રૌપદી જેવી સતીઓના સત ઉપર, મહાવતાર બાબાજી, લાહીડીમહાશય, યુક્તેશ્વરગિરિજી, પરમહંસ યોગાનંદજી અને જૈનધર્મના અનેક સાધુઓ અને તપસ્વીઓના તપ, શંકરાચાર્ય, રામાજુનાચાર્ય, વલ્લભાચાર્ય મધ્વાચાર્ય અને નિમ્બાકાચાર્ય જેવા આચાર્યોના મત, લલ્લેશ્વરી, કાન્હોપાત્ર, મીરાં, ગંગાસતી, લોયણ, તોરલ અને લીરલબાઈ જેવી સાધિકાઓના પત અને મહાત્મા ગાંધી, વિનોબા ભાવેથી માંડી ગાંધીયુગના અનેક વ્રતધારીઓના વ્રત-એમ સત, તપ, મત અને પતના પાયા ઉપર આ દેશ ઊભો છે અને એ કારણે અનેક કસોટીઓ, કટોકટીઓ અને ક્રાન્તિઓમાંથી સફળતાથી પાર ઉતર્યો છે.

ભારતીય હોવાનું મને ગૌરવ છે એનું સાતમું કારણ એ છે કે ભારતમાં સામજિક સમરસતાનો હમેશાં આગ્રહ રખાયો છે. આ દેશમાં પ્રજામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જેવી વર્ણવ્યવસ્થા હતી. તત્ત્વતઃ તે કાર્યવિભાજનની તાર્કિક વર્ગવ્યવસ્થા હતી. જન્મથી કોઈ વ્યક્તિ ઉચ્ચ કે નીચ, સંસ્કારી કે અસંસ્કારી ગણાતી ન હતી, પણ પોતાનાં કાર્યો અને પુરુષાર્થ વડે એક યા બીજા વર્ણની અને આદરપાત્ર ગણાતી હતી. આ દેશમાં સ્ત્રીપુરુષ વચ્ચે જાતિભિન્નતાને કારણે અસમાનતા ન હતી. તેને પુરુષો જેટલાં જ અધ્યયન, આરાધના, વ્યવહાર અને વ્યવસાયના અધિકારો હતા. પશ્ચિમી પ્રભાવને કારણે આપણા દેશમાં પણ થોડો વખત સ્ત્રીને ઊતરતા દરજ્જાની ગણીને એને અવગણવાનું અને એની સાથે ગેરવર્તાવ કરવાનું વલણ વધ્યું હતું. પરંતુ હાલમાં ભારતીય નારીએ પોતાનાં દૈવત અને કૌવતથી એના વિશેની પુરુષોની મનોદશાને બદલી નાખી છે. આજે દેશ અને વિદેશમાં સરકારી, વહીવટી, કાનૂની અને ઉદ્યોગોનાં તંત્રમાં તથા આર્થિક, રાજકીય, લશ્કરી, વૈજ્ઞાનિક, સંશોધનાત્મક અને વ્યાવસાયિક ક્ષેત્રોમાં પોતાના શહૂરથી સ્થાનમાન બનાવ્યાં છે. ઈન્દિરા ગાંધીથી માંડી ઈન્દરાનૂયી અને કલ્પના ચાવલાથી માંડી સુનીતા વિલિયમ્સ જેવાં અનેક દ્રષ્ટાંતો રજૂ કરી શકાય એમ છે. એક સમય એવો હતો કે બૌદ્ધિકો સામે શ્રમિકોને, નગરવાસી સામે વનવાસીને, સવર્ણો સામે અંત્યજોને હલકાં, પછાત અને અછૂત ગણી એમની સાથે ઘૃણાસ્પદ વ્યવહાર થતો હતો. પરંતુ સ્વતંત્રતા પછી આપણા દેશમાં એ સ્થિતિ રહી નથી. આપણે અન્યાય અને અસ્પૃશ્યતાનું કલંક દૂર કરી શક્યાં છીએ. હવે શિક્ષણ, નોકરી, પદોન્નતિ અને હોદ્દામાં કોઈ ભેદભાવ રખાતો નથી. સ્ત્રીઓ, દલિતો, પીડિતો, હરિજન-ગિરિજનો તથા જનજાતિઓને રાષ્ટ્રની મુખ્ય ધારામાં પ્રવેશ લઈ યોગદાન આપવાનો પ્રબંધ થયો છે. કહો કે સામાજિક સમરસતા સ્થાપવાનો અમલ થયો છે. મને એનું ગૌરવ છે.

ભારતીય હોવાનું મને ગૌરવ છે એનું આઠમું કારણ છે ભારતીય પ્રજા માનસમાં રહેલી એકતા અને અખંડિતતાની ભાવના. આમ જ્યારે કહું છું ત્યારે હું સૌની જેમ જાણું છું કે આજે કે ભૂતકાળમાં આપણા દેશમાં રાજકીય એકતા ક્યારેય ન હતી. આખો દેશ પાંચસો પાંસઠ જેટલાં દેશી રજવાડાઓમાં વિભક્ત હતો અને આઝાદી બાદ પણ પ્રાંતવાદ, ભાષાવાદ, કોમવાદને કારણે અંદરો અંદરના

કુસંપ, ક્લેશ અને દૂષણોથી એકતા સ્થાપી નથી શક્યો. એ કારણે તો વર્ષો સુધી અનેક આતતાયીઓનાં આકરાં આક્રમણો અને અત્યાચારો આપણે સહેવા પડ્યાં છે, અને એ જ કારણે મોગલો, પોર્ટુગિઝો અને અંગ્રેજો આપણા ઉપર શાસન કરી શક્યા હતા. આજે પણ નકસલવાદીઓ, વ્યાઘ્રો, દિગંબરવાદીઓ અને ગદ્દારો અંદરથી અને આતંકવાદીઓ દ્વારા બહારથી પાડોશી રાષ્ટ્રો આપણા દેશની એકતાને છિન્નભિન્ન કરવાના પ્રયાસો કરી રહ્યા છે. છતાં આ દેશની પ્રજા હારી નથી, થાકી નથી. આ દેશ અને એની સંસ્કૃતિ વિનષ્ટ થયાં નથી. આપણી પ્રજાનાં કોમ, ભાષા, ખાનપાન, પહેરવેશ, રીતભાત, વ્યવહાર તહેવારોમાં ઘણી ભિન્નતા છે. છતાં આ દેશ એક શાસનતંત્ર હેઠળ ટકી રહ્યો છે એનું કારણ રાજકીય એકતા નથી, પણ સાંસ્કૃતિક એકતા છે. એવી એકતા ઊભી કરવામાં સિંહફાળો સાધુસંતો, ઓલિયાફકીરો, મુનિઓ, આચાર્યો, ભક્તો કવિઓનો છે. આ સૌ આપણી સંસ્કૃતિનાં જંગમ પતંગિયાં છે. એમણે આપણી પ્રજાને એકસૂત્રે બાંધી રાખી છે, આપણી ચૈતન્યવાટને સંકોર્યા કરી છે. આપણો દેશ જાણે કે સહિષ્ણુતાની પ્રયોગશાળા જેવો છે. દુનિયાના બારેય મુખ્ય ધર્મો અહીં છે. એના અનેક મત, પંથ, ફિરક્કા અને સંપ્રદાયો પણ અહીં છે. તેમ છતાં અહીં સૌ સંપીજંપીને સાથે રહે છે. એવું નથી કે અહીં કોમકોમ વચ્ચે વિદ્વેષ અને રમખાણો નથી થતાં; થાય છે; પરંતુ સોડા વોટરના ઊભરાની જેમ એ શમી પણ જાય છે. કોમી એકતા દેશનો પ્રાણપ્રશ્ન રહ્યો છે એ વાત સાચી, પરંતુ શિક્ષણ અને આવકનું તેમજ પરસ્પરાવલંબન પ્રમાણ વધતાં, ઉત્તરોત્તર એ દિશામાં પ્રગતિ પણ થઈ રહી છે, એ પણ એટલું જ સાચું છે. આ દેશની પ્રજાની આસ્તિકતાની જેમ આ દેશની અખંડિતતાને કારણે મને ગૌરવ છે. તમે કુંભમેળાનું દર્શન કરશો તો તમને પણ આવી જ લાગણી થશે.

ભારતીય હોવાનું મને ગૌરવ એ કારણે પણ છે કે આ દેશની પ્રજા સૌના સાથ, વિકાસ અને કલ્યાણમાં વિકાસ રાખે છે. પોતાની પાસે વિશાળ લશ્કરી તાકાત હોવા છતાં પોતાની પ્રભુતા ફેલાવાના ઈરાદાથી કોઈ દેશ ઉપર આક્રમણો કર્યાં નથી, ઊલટું એમને મદદ કરી છે. ચીન અને પાકિસ્તાન જેવા દેશોએ આપણી સાથે નાપાક હરકતો કરી છે, છતાં શાંતિપૂર્ણ સહઅસ્તિત્વનો ખ્યાલ સ્વીકાર્યો હોવાથી યુદ્ધને બદલે વાટાઘાટો દ્વારા જે કોઈ પ્રશ્નો હોય તે ઉકેલવાનો અભિગમ રાખ્યો છે. એનો અર્થ એ નથી કે આપણી પ્રજા અને સરકાર ડરપોક અને કાયર છે. જ્યારે જ્યારે એની સમક્ષ દુશ્મનો તરફથી સંકટો ઊભાં કરાયાં છે ત્યારે ત્યારે તેનો જડબાતોડ જવાબ પણ એણે આપ્યો છે. અંગ્રેજો, પોર્ટુગીઝો અને ઈતરદેશી ઘૂસણખોરોને પોતાની બેઠી અને ઠંડી તાકાત વડે પરાસ્ત કરીને એમને દેશનિકાલ કરી દીધા છે. ભારતે શાંતિથી જીવો અને શાંતિથી જીવવા દો એ નીતિ અનુસાર આજ સુધી કોઈ પણ દેશ ઉપર આક્રમણ કરી યુદ્ધ લાદવાનું કર્યું નથી. એની આ શાંતિચાહના અને અનઆક્રમક અભિગમ માટે મને દેશના એક નાગરિક તરીકે ગૌરવ છે.

ભારતીય હોવાનું મને ગૌરવ છે એનું એક કારણ ભારતીય પ્રજાએ અધ્યાત્મની જેમ વિજ્ઞાનના ક્ષેત્રમાં મેળવેલી સિદ્ધિઓ છે. લોકોમાં એક સામાન્ય ખ્યાલ એવો છે કે ભારતે જેટલો અધ્યાત્મના ક્ષેત્રમાં વિકાસ કર્યો છે, એટલો વિજ્ઞાનના ક્ષેત્રમાં નથી કર્યો. પરંતુ આ ખ્યાલ માહિતીના અભાવે ઊભો થયેલો છે. ચારેય વેદોનાં અસંખ્ય મંડળો છે અને એ પ્રત્યેક એક એક વિષયનો જ્ઞાનકોશ છે. એમાં મેથેમેટિક્સ, ફિઝિક્સ, કેમિસ્ટ્રી, જ્યોમિટ્રી, એન્વાયરમેન્ટ, એસ્ટ્રોનોમી વગેરે વિજ્ઞાનોના સિદ્ધાન્તોની છણાવટ છે. જ્યારે અર્થવેદ, આયુર્વેદ, ગાંધર્વવેદ અને ધનુર્વેદ જેવા ચાર ઉપવેદો પૈકી અર્થવેદનો સંબંધ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સાથે છે, આયુર્વેદ તબીબીવિજ્ઞાન અને સ્વાસ્થ્ય અંગેનો છે. ધનુર્વેદ સંરક્ષણશાસ્ત્ર, યુદ્ધ અને તેને માટેનાં સાધનોનું વિજ્ઞાન છે. જ્યારે ગાંધર્વવેદ ગાન, વાદન, નર્તન એમાં આવતા સંગીત અને તેનાં સાધનોનું વિજ્ઞાન છે. એજ રીતે આપણા પૂર્વજોએ વ્યાકરણ, જ્યોતિષ, નિરુક્ત, શિક્ષા, છંદ અને કલ્પસૂત્ર જેવાં વેદાંગોમાં ભાષાના અને શબ્દના વિવિધ અંગોનું, વ્યષ્ટિ અને સમષ્ટિના ભવિતવ્યનું, છંદ, લય અને તાલનું શિક્ષા શિક્ષણ અને કેળવણીનું અને કલ્પ વૈદિક કર્મકાંડો અને વિધિવિધાનોનું વિજ્ઞાન છે. એ જ રીતે પ્રાચીનકાળમાં આર્ય ભટ્ટે 'સૂર્યસિદ્ધાંત' ગ્રંથની, વરાહમિહિરે 'બૃહત્સંહિતા', પાણિનીએ 'અષ્ટાધ્યાયી', ચાણક્યએ 'અર્થશાસ્ત્ર', પતંજલિએ 'યોગસૂત્ર', વાત્સાયને 'કામસૂત્ર', નાગાર્જુને 'સત્સહસારિકાસૂત્ર', વસુમિત્રે 'મહાવિભાષાશાસ્ત્ર', વસુબંધુએ 'અભિધાનકોશ', કણાદઋષિએ 'અણુભાષ્ય', રાજાભોજે 'શબ્દાનુશાસન', ભર્તૃહરિએ 'વૈરાગ્યશતક', શૃંગારશતક અને નીતિશતક જેવા જુદા જુદા વિષય ઉપરનાં શાસ્ત્રો અને વિજ્ઞાનો આપેલાં છે. એ જ રીતે ચરક, સુશ્રુત

વગેરેએ ઔષધશાસ્ત્ર અને ચિકિત્સા શાસ્ત્રના ગ્રંથો આપ્યા છે. એ જ રીતે અર્વાચીનકાળમાં જગદીશચંદ્ર બોઝ, સી.વી. રામન, શાંતિસ્વરૂપ ભટ્ટનાગર, હોમી જહાંગીર ભાભા, હરગોવિંદ ખુરાના, પ્રફુલ્લચંદ્ર રોય, શ્રી નિવાસ રામાનુજન, સત્યેંદ્રનાથ બોઝ, એપીજે અબ્દુલ કલામ, વિક્રમ સારાભાઈ- જેવા અનેક વૈજ્ઞાનિકોએ અર્થસાયન્સ, સ્પેશસાયન્સ, મટીરીયલ સાયન્સ, મેથેમેટિકલ સાયન્સ, એરસાયન્સ, ઑરોસાયન્સ, બાયોસાયન્સ વગેરે ક્ષેત્રોમાં ઘણું મોટું યોગદાન આપેલું છે. એને કારણે આપણે ખગોળ, ભૂગોળ, તબીબી, ઔષધ, ઈજનેરી, કૃષિ, સંરક્ષણ, ઉદ્યોગ વગેરે ક્ષેત્રોમાં આટલી પ્રગતિ કરી શક્યા છીએ. આપણે દૂધ ઉત્પાદન ક્ષેત્રે શ્વેતક્રાન્તિ અને અન્નક્ષેત્રે હરિક્રાન્તિ હાંસલ કરી શક્યા છીએ, હજુ હમણાં જ આપણે ચંદ્રયાન ત્યાં પહોંચાડ્યું હતું. આર્યભટ્ટ, રોહિણી, અર્જુનટેન્ક અને મિસાઈલ્સ જેવાં આવિષ્કારો કરી શક્યા છીએ. વેંકટરામન રામક્રિશ્નને કેમિસ્ટ્રીના વિષયમાં નોબેલ પારિતોષિક મેળવ્યું છે. અમેરિકાની પ્રસિદ્ધ સિલિકોન વૅલીમાં અને નાસા જેવી સંસ્થાઓમાં સુંદર પીચાઈ જેવા અનેક ભારતીય નાગરિકોએ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ બધી સિદ્ધિઓ કાંઈ નાનીસૂની નથી. એ માટે શા માટે ગૌરવ ન અનુભવીએ?

હા, હું એ દેશનો નિવાસી છું જ્યાં રામાયણ, મહાભારત, ભગવદ્ગીતા અને શ્રીમદ્ ભાગવત જેવા જ્વાલાગ્રંથો છે. કાલિદાસ, ભવભૂતિ, રવીન્દ્રનાથ ટાગોર જેવા સાહિત્યકારો, પંડિત રવિશંકર, બિસ્મિલ્લાખાન, ઝાકીરહુસેન, હરિપ્રસાદ ચોરસિયા, શિવકુમાર શર્મા, તાનસેન, અમઝદ અલીખાન, વિશ્વમોહન ભટ્ટ, એમ. એસ. શુભલક્ષ્મી, ભીમસેન જોશી, પંડિત જશરાજ, લત્તા મંગેશકર જેવાં અનેક મ્યુઝિક મેસ્ટ્રો, રૂક્ષ્મણી અરુંડેલ, સોનલ માનસિંહ, ઉદયશંકર, બિરજુ મહારાજ, મૃણાલિની સારાભાઈ, જેવાં નર્તકો, મહાત્મા ગાંધી, વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નેહરૂ, ઈન્દિરા ગાંધી, ભીમરાવ આંબેડકર, ગોવિંદવલ્લભપંત, અટલબિહારી બાજપાયી, મોરારજી દેસાઈ જેવા અસંખ્ય રાજનૈતિકો, વિનુમાંકડ, વિજય મર્ચંટ, કપિલદેવ, સુનીલ ગવાસ્કર, સચીન તેદુંલકર, બિશનસિંહ બેદી, મૈથિલીરાજ, હરપ્રીત કૌર, ધ્યાનચંદ, પી.ટી. ઉષા, મેરીકોમ, વિશ્વનાથ આનંદ, દારાસિંહ, જેવા રમતગમત અને ખેલકૂદ ક્ષેત્રનાં અનેક રત્નો, ગિરીશ કર્નાડ, કુંદન સાયગલ, ગુરુદત્ત, સંજીવકુમાર, દિલીપકુમાર, અમિતાભ બચ્ચન, નિરુપારોય, નરગીસ, નૂતન, મધુબાલા, મીનાકુમારી, અમૃતાશેરગીલ, નંદલાલ બોઝ, એમ. એફ. હુસેન. રાજા રવિવર્મા, યસુદાસ, પી. સુશીલા, ભૂપેન હજારિકા, લત્તા મંગેશકર, કિશોરકુમાર, હેમંતકુમાર, જગતજિતસિંહ, ઈલિયારાજા, ખૈયામ, નૌશાદ, મદનમોહન જેવા રંગમંચ અને ફિલ્મોના અભિનેતા- અભિનેત્રીઓ, ચિત્રકારો, સંગીતકારો, ગાયકો તથા સત્યજિત રોય ઋત્વિક ઘટક, મૃણાલસેન, ઋષિકેશ મુખર્જી, વ્હી. શાંતારામ, રામાનંદસાગર, બી. આર. ચોપરા જેવા અનેક દિગ્દર્શકો અને ફિલ્મ નિર્માતાઓ-એમ દરેક ક્ષેત્રમાં એવાં એવાં મેસ્ટ્રો છે, જેમણે સમગ્ર દેશની પ્રજાને આનંદમાં તરબોળ કરી છે. ટાટા બિરલા, અંબાણી, સિંઘાનિયા જેવા ઉદ્યોગપતિઓ, સુમતિ મોરારજી, નાનજી કાલિદાસ, કપૂરચંદ ચંદેરિયા નારાયણમૂર્તિ જેવા ઉદ્યોગસાહસિકો, રજની કોઠારી, કુલદીપ નાયર, અરુણ શૌરી, કરણ થાપર, ઈન્દર મલ્હોત્રા, ગિરિલાલ જૈન જેવા પત્રકારો, હરિશ સાલ્વે, રામ જેઠમલાણી, સોલી સોરાબજી, અશોક દેસાઈ, ફલી સામ નરીમાન, જસ્ટિસ કણિયા, કે.ટી. થોમસ, જસ્ટિસ રાનડે, જસ્ટિસ ભગવતી જેવા સિનિયર એડ્વોકેટસ અને ન્યાયમૂર્તિઓ, એમ. સી.ચાગલા, નાની પાલખીવાલા, આર.સી. મઝમુદાર, અમર્ત્યસેન, ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન, આચાર્ય રજનીશ, વિમલા ઠકાર, રાજા રામમનોહર રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહર્ષિ કર્વે, હસમુખ સાંકળિયા, જેવા જુદાં જુદાં ક્ષેત્રોના મહાનુભાવોની સેવા અને એમના યોગદાનને કારણે વિશ્વમાં આપણું મસ્તક ઊંચું રહ્યું છે.

આટલી વિગતો તો માત્ર અંગુલિનિર્દેશ જેવી છે, આપણે બહુ સંક્ષેપમાં વાત કરવી પડી છે. પણ આ ટૂંકી વિગત પરથી પણ ખ્યાલમાં આવશે કે ભારતીય હોવાનું મને અને તમને શા કારણે ગૌરવ છે.

૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટાબજાર, વલ્લભ વિદ્યાનગર
(૩૮૮૧૨૦) મો. ૯૭૨૭૩૩૩૦૦૦

॥ ચિંતન ॥

## વાંક કોનો?

**શ્વેતા શરદકુમાર ચૌહાણ**

વૃદ્ધાશ્રમમાં બે વેવાણ મળ્યાં
આંખો જ બોલી છે વાંક કોનો!

-દેવદત્ત ઠાકર

વાંક કોનો?.... માતા પિતાનો.... લાગણીનો.... પ્રેમનો.... પોતીકા કરનારનો.... પૈસાનો.... અહંકારનો.... શિક્ષણનો.... અનુકરણનો.... સંસ્કૃતિનો.... સમયનો....?

વણ ઉકેલ્યા પ્રશ્નો અને ન મળેલા ઉત્તરો વચ્ચે આશારૂપી કિરણ સંગ જીવનરૂપી સાંજ પસાર થાય છે. જીવનનો સૂર્યાસ્ત નજીક છે અને ફરી ઉદયના ચક્રમાં પસાર થતું જીવન આગળ વધે છે.

ભારતીય સંસ્કૃતિ મુજબ કુટુંબના વડીલો પરિવાર રૂપી ચિત્રના પાત્રોમાં સંસ્કારરૂપી રંગબીજ પૂરતા. જેમ નવા પાત્રો ઉમેરાય તેમ તેમાં નવા રંગો ઉમેરાય અને આ રંગબીજ વારસામાં મળતાં એક ઈચ્છિત રંગીન વટવૃક્ષનું ચિત્ર તૈયાર થતું. જેની સમાજમાં એક આગવી ઓળખ બનતી અને સદીઓ સુધી ઈતિહાસમાં નોંધાતી.

પરંતુ હવે.....આ કૌટુમ્બિક ચિત્ર બદલાઈ રહ્યું છે. કુટુંબરૂપી કોરા કેનવાસમાં સંસ્કાર બીજ રૂપી રંગ ભરનાર વડીલો ચિત્રમાંથી ભૂંસાવા લાગ્યા છે. જાણે ચિત્રકાર જ હવે નથી એવી સ્થિતિ સર્જાવા લાગી છે. પોતાના અને પોતીકાને અલવિદા કહેવાના દિવસો આવતા સરનામા બદલાઈ રહ્યા છે.

કુટુંબની બદલાતી પરિભાષામાં અબાલ વૃદ્ધ સૌ પરિવર્તનરૂપી કાળની ઝપટમાં આવી ગયા છે. વડીલો અને બાળકો આજે સાથે છે પરંતુ કાલે કોણ જુદા થશે એ કહેવું મુશ્કેલ છે. દીકરા-દીકરી, માતા-પિતા, દાદા-દાદી અને પૌત્ર-પૌત્રી વચ્ચે ઘરડાઘર, વૃદ્ધાશ્રમ વૃદ્ધવિસામો....જેવા નામના ઘરની દીવાલ ક્યારે આડી આવી જાય છે તે કોઈને સમજાતું નથી. બાળકો જીદ કરી પૂછે ત્યારે જ કદાચ આ બદલાયેલ સરનામાંની જાણ થાય.

લાગણીઓ, વિશ્વાસ, શ્રદ્ધા, પોતીકાપણું આ બદલાતા યુગના ભવંડરમાં ચકનાચુર થઈ રહ્યું છે. ઘડપણની લાકડી બનનાર દીકરા-દીકરીએ પોતાના સ્થાન બદલી નાખ્યા છે. એ હવે કાં તો છે નહીં એમ માનવું પડે અથવા અન્યને પોતાના સમજી જીવન સંધ્યાએ હાશકારો મેળવી શાંતચિત્તે ચીરનિન્દ્રામાં પોઢવું પડે.

કુટુંબરૂપી વૃક્ષ મોટું થતાં તેના છાયડામાં ઉછરેલ તેના વંશજો હવે પોતાનો વિસ્તાર થતા વડીલવૃક્ષનો નાશ કરવા તરફ પ્રયાણ કરી રહ્યા છે. ભૂલી જાય છે કે તે આજ અસ્તિત્વનો અંશ છે. હવે તેમના સંસારરૂપી ગાડાને કોણ વાળશે? હવે માતા-પિતા પોતાના બાળપણના સંભારણા તેમના સંતાનો સમક્ષ રજૂ કરવા સમક્ષ છે? દાદા-દાદી એટલે કોણ? તેમના તરફથી મળેલ સંસ્કાર વારસો, વાર્તાઓ, રમતો, હાલરડાં, ધર્મજ્ઞાન જે તેમને મળ્યું છે પરંતુ તેમના સંતાનોનું શું?

વડીલોને ભારે હૈયે પોતાનાને વિદાય આપી અન્યને પોતીકા બનાવવા કાયમી સ્થાન ફેર ફરજિયાત કરવું શું એ યોગ્ય છે? વડીલોને શું જોઈએ?....ક્યારેય પૂછ્યું છે?.... સોનું......પૈસા...કપડા.....ભોજન.....મકાન......? ઉત્તર મળશે..... ફક્ત તમારો થોડો સમય. તમારા માટે આ બધું ભેગું કરવામાં તેમનું સંપૂર્ણ જીવન પસાર થયું છે હવે આ વૃદ્ધો જીવન સંધ્યાએ થોડા થાક્યા છે. માટે તમારો સહારો ઈચ્છે છે. તેમને ફક્ત યાદોમાં જીવવા મજબૂર કરીએ તે કેટલું યોગ્ય?

શાળામાં શીખવાય છે કે વડીલોને માન આપો ત્યારે કદાચ આજનું બાળક પૂછશે કે વડીલો એટલે? કોને માન આપું? આનો ઉત્તર હવે દરેક પરિવારમાં આપવો અશક્ય બનતો જાય છે. બાળકો હોસ્ટેલમાં અને વડીલો વૃદ્ધાશ્રમમાં એ હવે નવા જમાનાના સમાજની પરિભાષા બની છે. ક્યાંક અપેક્ષા, મતભેદ, લાગણી વધતા આ બે પેઢી વચ્ચેનું અંતર વધી રહ્યું છે. આ ખોટ કોણ પૂરશે? એ ફરિસ્તો કોણ બનશે?

યુવાનીમાં પોતાના બાળકોના ભરણપોષણના બોજને કારણે સમય ન આપી શકનાર વૃદ્ધો પૌત્ર-પૌત્રીને મોટા થતા શાંતિથી જોવા ઈચ્છે છે પણ.... પોતાનું સરનામું

બદલાતા હવે..... શું? ફક્ત યાદો..... એક સમય આવો પણ હતો.... ક્યાં ગયા એ દિવસો..... હવે આમાં વાંક કોનો? પરિવર્તીત સમાજમાં હવે બાળકો માટે પાર્ક હોય તેમ સિનિયર સિટીઝન પાર્ક છે. આ પાર્કમાં બહાર લખેલ લખાણ પણ સૌને વિચારમાં મૂકે તેમ છે. 'આ સિનિયર સિટીઝન પાર્ક બનાવવા પાછળનો હેતુ, આપણાં વહાલાં વડીલોને એક એવું સ્થાન આપવાનું છે જ્યાં તે બે ઘડી પોતાની માટે સમય કાઢી શકે. જીવનની ભાગદોડમાં ક્યાંક એ પોતાને માટે જીવવાનું ભૂલી જાય છે. તો આવો સાથે મળી સંકલ્પ કરીએ કે આપણે આ પાર્કને ફક્ત ને ફક્ત આપણાં નગરના વરિષ્ઠ નાગરિકોને સમર્પિત કરીયે. તમારા સહકાર વગર આપણો આ લક્ષ સિદ્ધ નહીં થાય.'

–અપેક્ષા સહ.

આ વલ્લભ વિદ્યાનગર સ્થિત સિનિયર સિટીઝન પાર્કની બહાર લખેલ લખાણ છે. બદલાતી પરિસ્થિતિમાં વડીલોને યોગ્ય સ્થાન મળે અને સૌ આનંદમય જીવન વિતાવીને આપણાં આ મનુષ્ય જીવનને સાર્થક બનાવવા કટીબધ્ધ થઈએ તો કેવું?

અધ્યાપિકા: શ્રીમતી એસ. આઈ. પટેલ
ઈપ્કોવાલા કૉલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ
ફોન: ૯૧૦૬૦૧૦૯૦૩

## નારીવાદી લેખિકા કુન્દનિકા કાપડિયા 'પરમ સમીપે...'

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નવલક્શ, નવલિકા, નિબંધ, સંપાદન વગેરે ક્ષેત્રે નોંધપાત્ર-ધ્યાનપાત્ર પ્રદાન કરનાર અને વલસાડના વાંકલ ગામ સ્થિત પોતાના નંદિગ્રામ આશ્રમ ખાતે, આધ્યાત્મિક જીવન વ્યતીત કરતાં કુન્દનિકા કાપડિયાનું ૯૩ વર્ષની જૈફ વયે તાજેતરમાં નિધન થયું છે.

ઋષિકવિ મકરંદ દવેનાં સાથી-સંગાથી કુન્દનિકા બેને 'સ્નેહધન' ઉપનામથી વાર્તાલેખન દ્વારા સાહિત્ય ક્ષેત્રે પ્રવેશ કર્યો. તેમની વાર્તાઓમાં ફિલસૂફી, સંગીત, પ્રકૃતિ જેવા વિષયોનો આધાર લઈ જીવન વિષયક કોઈક રહસ્યમયતા પ્રગટ થતી જોવા મળે છે. તો નિબંધોમાં માનવજીવન સંદર્ભે પ્રકૃતિ-સંસ્કૃતિ ઉજાગર થઈ છે. 'પરમસમીપે'ના લેખોમાં પરમને પામવાની એક ઋષિસર્જકની આર્જવભરી વાણી છે.

જેનાથી પોતે ગુજરાતી સાહિત્ય જગતમાં વિશેષ જાણીતાં થયાં તે, તેમની બહુચર્ચિત... લોકપ્રિય નવલકથા 'સાત પગલાં આકાશમાં' વિદ્રોહી દસ્તાવેજી નવલકથા છે. જેમાં સ્ત્રી-પુરૂષના સંબંધોથી અસ્તિત્ત્વ, વ્યક્તિત્વ, અધિકાર, અન્યાય, અસ્મિતા અંગે સર્જાતી નારીસમસ્યા અને તજ્જન્ય નારીજીવનની વ્યથા-કથાનું, નારી વિદ્રોહનું મનોવિશ્લેષણાત્મક નિરુપણ છે.

'સાત પગલાં આકાશમાં' નવલકથા થકી શિષ્ટ સાહિત્યમાં નારીજીવનને એક વિષય બનાવી, તેને ઉજાગર કરનાર નારીવાદી લેખિકા તરીકે તેમજ 'પરમ સમીપે'ના આધ્યત્મિક, જીવનપ્રેરક લેખોના વિચારક-ચિંતક તરીકે તેઓ સાહિત્યજગતમાં સ્મરણીય રહેશે.

સદ્‌ગત સર્જક આત્માને 'પરમ સમીપે' ચિર:શાંતિ થાય એ માટે પ્રાર્થનાસહ સ્મરણાંજલિ-શબ્દાંજલિ છે. અંતે, તેમના જ શબ્દોમાં તેમને ચિરવિદાય-'હું તો નીકળી ગઈ બહારના ઉજાસમાં, સાત પગલાં આકાશમાં....'

# કૂંચી વગરના તાળામાં પુરાયેલી માનવજાત

ભગીરથ બ્રહ્મભટ્ટ

આજે કૂંચી વગરના તાળામાં વિશ્વભરની માનવજાત કેદ છે. નરી વ્યથા અને વિષાદથી ક્ષણેક્ષણ ઘેરાયેલી છે. ચારે બાજુથી ઝંઝાવાતી વાવડ આવીને માનવજાતના માંહ્યલા દીવડા ઉપર ફૂંક ઉપર ફૂંક મારી રહ્યા છે. ક્ષુબ્ધ કરી દે એવા વાતાવરણે માનવજાતનું લાશોમાં થતું રૂપાંતરણ નામનું નાટક ભજવવાનું શરૂ કરી દીધું છે. પડદો પડ્યો છે.. પ્રથમ બે ત્રણ દશ્યો ભજવાયાં છેઃ કલાકારો અને પ્રેક્ષકો સૌના મનમાં સવાલો ઊઠ્યા છે-શું છે માણસ? શું છે વિકાસ? પ્રગતિ એટલે શું? પદ પ્રતિષ્ઠા, પૈસો કશું જ ગર્વ કરવા માટે ખપમાં આવે એમ રહ્યું નથી. ગરીબ હોય કે તવંગર, રાજા હોય કે રંક, બાળક હોય કે વૃદ્ધ, પુરુષ હોય કે સ્ત્રી, હિંદુ હોય કે મુસ્લિમ, ખ્રિસ્તી હોય કે જૈન, આસ્તિક હોય કે નાસ્તિક, ગુરુ હોય કે શિષ્ય, કલાકાર હોય કે પ્રેક્ષક, પૂજારી હોય કે વેપારી, ભિખારી હોય કે શિકારી, સાધુ હોય કે શિષ્ય અરે શાણો હોય કે કાણો, ગાંડો હોય કે ડાહ્યો-અમેરિકન હોય કે ઈટાલિયન, આફ્રિકન હોય કે ભારતીય, ચીની હોય કે સ્પેનિશ...... સમગ્ર માનવજાતની પાંખો કપાઈ ગઈ હોય એવી વેદનાયુક્ત ચીસો સંભળાય છે..... જે માનવજાત-અંદરો અંદર સંહાર કરવા વિશે વિચારતી હતી એ જ માનવજાત આજે સૌને સંરક્ષવા માટે પ્રાર્થના કરી રહી છે! કેવો છે સમય? એક નાનકડા જીવડાને નાથી નથી શકાતો.. જે માનવી આકાશ પાતાળનો ભેદ ઉકેલી શકે છે એ જ માનવી નાનકડા વિષાણુને ઘૂંટણિયે પડી ગયો છે. કોઈને નહિ ગાંઠનારો માનવી ખુદને બચાવવાની વેતરણમાં પડ્યો છે. નદી-નાળાં, પર્વતો, વૃક્ષો, જંગલો, દરિયાને ડરાવી ડરાવી પોતાનું ધાર્યુ જ કરવાવાળો માનવી એક નાનકડા વિષાણુના પગમાં પડ્યો છે- કેવી વિચિત્રતા છે? કે કેવી નિયતિ છે?

કોરાના વાયરસની ઝપટમાં માનવસૃષ્ટિ આવી ગઈ છે. માનવ સર્જિત પ્રકોપનો ભોગ માનવજાત બની રહી છે- આસ્થાળુઓની આસ્થા ડગમગવા લાગી છે અને ક્યા ગુનાની સજા માનવજાત કરી રહી છે તે અંગેની વિચારણા થવા માંડી છે... રોજ રોજ દીવા ઓલવાતા જાય છે અંધારાં વધતાં જાય છે. મુંઝારાનાં ઘોડાપૂર આવી રહ્યાં છે- તેમાં માનવી પોતાની શક્તિ અને શસ્ત્રો તણાતાં જોઈ રહ્યો છે...

કોઈ ચિંતક એમ કહે છે કે માણસે જે સંસ્કૃતિ ઊભી કરી. તેમાં પ્રકૃતિને અન્યાય કરીને લાભો તેણે મેળવ્યા છે-શિક્ષણ, કળા, સાહિત્ય અને વિજ્ઞાનની નવી શોધો કરી પોતાના અહ્‌મને પોષનારો માનવી સુખને સરનામે જે દોડ્યો... એનો બદલો પ્રકૃતિ વસૂલ કરી રહી છે? કોઈ ઈશ્વરની કે અલ્લાની લીલા ગણાવે છે... કોઈ બોલતા નથી ને કોઈ બકવાસ પણ કરે છે.... મહાભારતના ૧૮ દિવસના યુદ્ધમાં લાખેક માણસો સ્વાહા થયેલા.. બીજા વિશ્વયુદ્ધ વખતે વીસેક લાખ જેટલા માણસો હોમાયા હતા.. યહૂદીઓની કત્લેઆમ હિટલરે કરેલી..બંદૂકની ગોળીને બદલે ઝેરી ગેસની પાઈપ લાઈનવાળાં ગોડાઉનોમાં નિર્દોષ માનવજાતનો ભોગ લેવામાં આવેલો.. એ હિટલર આજે પણ નામશેષ થયો જ નથી. ક્યાંક ને ક્યાંક કોઈની વૃત્તિ પ્રવૃત્તિમાં એ સચવાયો છે... એનું જ પરિણામ માનવજાત ભોગવી રહી છે એમ માનનારો વર્ગ પણ છે... દેશના ભાગલા વખતે જે રક્તપાત સર્જાયો... એના સાક્ષીઓ આજે પણ ક્યાંકને ક્યાંક જીવતા હશે... એ દારુણ ઘટનાઓ આજે પણ ભૂલી ભુલાતી નથી. માનવજાત આવાં સંકટોમાંથી પસાર થઈ છે.. માનવજાતે ઘણા કડવા ઘૂંટડા પીધા છે... અને ઘણા ઊંચા કૂદકા પણ લગાવ્યા છે... સુખને ખાતર, ભૌતિક સુખો મેળવવા માટે તેણે જાતને જગત સાથે જોડીને જે કંઈ થઈ શકે તે બધું જ કર્યું છે ભૌતિક સુખ કાજે આત્માને ભૂલી આકાશ સુધી વિસ્તર્યો છે ને માંહ્યલાને મેલી પાતાળમાં જઈ પ્રગટ્યો છે.... સુખસગવડો પ્રકૃતિ આપતી હતી. એને એ ઓછી પડી... વૃક્ષો પવન આપતાં જ હતાં.... છતાં પંખા... એસી...સુધી પહોંચ્યો.. સૂર્ય પ્રકાશ આપતો જ હતો છતાં વીજળીની શોધ કરી જીવનને ખતરામાં પણ મૂક્યું.... અલબત્ત શોધો સરવાળે સિદ્ધિ અપાવી ગઈ તેમ તે ગૌરવપૂર્વક કહી શકે છે... જગતનાં જીવો સાથેના સંવાદો સાંભળો તોય મનોરંજન મળી રહે, પરંતુ માણસને એવું નહિ બનાવટી અને જથ્થાબંધ મનોરંજન જોઈએ ગોર્કીએ એટલે જ તો આપણી આ પ્રજાને રોગિષ્ઠ કહેવાનું સાહસ પણ કરેલું, ઘણા અનુભવીજનો આપણા પ્રાચીન જીવનરીતિનો હજુ મહિમા કરે છે ત્યારે બીજું બધુ તો ઠીક પણ સાંપ્રતમાનવી પ્રકૃતિથી ખાસ્સે દૂર નીકળી ગયો છે એ વાતને તો સ્વીકારવી જ પડે એમ છે. માણસે આકાશ નીચે ઊંઘવાનું છોડ્યું, નદી સાથેનો નાતો તોડ્યો, માટી સાથે મહોબત ઓછી કરી, એ બધું સમગ્ર માનવ જાતને ભારે પડી રહ્યું છે.

આજે લોકડાઉનના ટાપુ ઉપર માનવી દશ્ય જ્વાળાઓ વચ્ચે સળગી રહ્યો છે. ચિંતાના પડળોમાં દટાયો છે. એકલતાનો આશ્ચર્યકારક અનુભવ કરી રહ્યો છે ત્યારે એના કામમાં એણે જ શોધેલા સાધનો, એણે મેળવેલી પદવી,

એણે મેળવેલી પ્રતિષ્ઠા અને એણે કમાણી કરેલાં નાણાં કશું જ ખપ લાગતું નથી... માણસની બુદ્ધિ પણ હાથ જોડી કહી રહી છે... માનવસર્જિત મારામારીનો શું અંજામ હોઈ શકે એની કલ્પના પણ થઈ શકતી નથી, નથી શ્રદ્ધા ખપ લાગતી કે નથી બાધા-આખડીઓ કામ કરતી.. ભવિષ્યવેત્તાઓ ક્યાં ખોવાઈ ગયા ? માનવસર્જિત વિકાસમૂલક શોધો પણ આવેલી આફત સામે સાવ લાચાર છે!! જ્ઞાન-વિજ્ઞાનની કોઈ શબ્દરેખા આવી પડેલી ઉપાધિને પહોંચી વળવા સમર્થ નથી. સામર્થ્યવાન માનવીએ પહેલીવાર લાચારી અનુભવી છે- એણે જ શોધેલી ટ્રેઈન, બસ, રિક્ષા, કાર વગેરેને કોરાણે મેલવાની પરોક્ષ ફરજ પડી છે... એ.સી વિમુખ રહેવાની ફરજ પડી છે... રોડ-રસ્તા ખુલ્લા કર્યા છે... વાતાવરણને તે કેટલુ દૂષિત કરતો હતો તેનો અંદાજ કાઢી શકે છે. આ આશ્ચર્યજનક એકલતામાંથી એને એવું એકાંત સાંપડે કે જે એ એકાંતમાંથી કોઈ રસ્તો શોધી શકે.... ઘેરાયેલાં ચિંતાનાં પડળોમાંથી માનવને એવું ચિંતન સાંપડે કે એ આવી પડેલી પરિસ્થિતિનો પાર પામી શકે... સ્વ સાથે એવો સંવાદ રચાય કે એ સંવાદમાંથી વિશ્વકલ્યાણનો કોઈ માર્ગ હાથ લાગે...... સૂર્યોદય, સૂર્યાસ્ત, પવન, ચંદ્ર, તારા, પ્રાણી, ગ્રહો, ઉપગ્રહો, પંખી, પશુ, જીવજંતુ, નદી, સમુદ્ર અને પર્વત કશું જ લોકડાઉન નથી. લોકડાઉન છે કેવળ માણસ... કેવળ માણસ !! માણસ માત્રમાં જીવમાત્રમાં આત્મા નામે એક જ તત્ત્વ છે એ વાતનો કબીરની જેમ સ્વીકાર થશે અને એ પ્રકારે તેનું વર્તન રહે તો રસ્તો અવશ્ય હાથ લાગે... ટૂંકમાં હજુય માનવજાતને કોઈ સાચા જ્ઞાનની પ્રતીક્ષા છે... એ સમ્યક જ્ઞાનદીપ જ એની સમસ્યાઓને અવશ્ય ઉગારશે.... બહારના બધા જ રસ્તા બંધ કે અંધ થઈ જાય છે ત્યારે અંદરથી-રસ્તો નીકળતો હોય છે - આપણે આશાવાદી બનીએ હિંમતથી અંદરના રસ્તાની પ્રતીક્ષા કરીએ.

પ્લોટ નં. ૮૩૬, 'ગ્રેસ બંગલો',
મનીષ કોર્નર પાછળ, વલ્લભ વિદ્યાનગર
મો. ૯૮૭૯૫૨૩૨૭૬

**।। જ્ઞાન-વિજ્ઞાન ।।**

## ૧૧-મે : નેશનલ ટેકનોલોજી ડે

**શ્યામ ખંભોળજા**

સંયુક્ત રાષ્ટ્રની સલામતી સમિતિના ૫ કાયમી સદસ્ય દેશો (અમેરિકા, ચીન, ફ્રાંસ, રશિયા અને બ્રિટન)ને બાદ કરતા ઈ.સ. ૧૯૭૪ સુધીમાં કોઈ દેશ સફળ પરમાણુ પરીક્ષણ કરી શક્યો ન હતો. ઈ.સ. ૧૯૭૪ની ૧૮ મેના દિવસે ભારતે પોખરણ રેંજમાં ઓપરેશન 'સ્માઈલીંગ બુદ્ધા'ના નામથી પ્રથમ સફળ પરમાણુ પરીક્ષણ કર્યા બાદ ઈ.સ. ૧૯૯૮માં ૧૧ મેના દિવસે ઓપરેશન શક્તિના નામથી દ્વિતીય સફળ પરીક્ષણ સંપન્ન કર્યું હતું. જોગાનુજોગ બંને પરીક્ષણો બુદ્ધ પૂર્ણિમાના દિવસે સંપન્ન કરવામાં આવ્યા હતા. શાંતિપૂર્ણ ઉપયોગ હેતુથી કરવામાં આવેલા બંને પરીક્ષણો 'નો ફર્સ્ટ યુઝ' પોલીસી અંતર્ગત હતા. ભારતમાં બુદ્ધની અહિંસાવાદી વિચારધારાને નવો આયામ આ સફળ પરમાણું પરીક્ષણ દ્વારા મળ્યો હતો.

દ્વિતીય પરમાણુ પરીક્ષણ થયા બાદથી ૧૧ મે ને નેશનલ ટેકનોલોજી ડે તરીકે ઉજવવામાં આવે છે. ૧૯૯૮ના પરીક્ષણ બાદ ભારતે ૨૦૦ કિલોટનના પરમાણુ હથિયાર બનાવાની ક્ષમતા પ્રાપ્ત કરી હતી. ૧૧ મેના રોજ ૩ અને ૧૩ મેના રોજ ૨ એમ કુલ ૫ પરીક્ષણો બાદ ભારત એક પરમાણું શક્તિ સંપન્ન રાષ્ટ્ર બની ગયું હતું. અનેક રાજકીય ઉતારચઢાવના કારણે ૨ સફળ પરીક્ષણો વચ્ચે ૨૪ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. પ્રથમ પરીક્ષણમાં ડો. રાજા રામન્ના પ્રોજેક્ટ હેડ હતા. દ્વિતીય પરીક્ષણમાં ભારત રત્ન અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એપીજે અબ્દુલ કલામ મુખ્ય રોલમાં હતા. આ ઉપરાંત ડો. આર. ચિદમ્બરમ, ડૉ. કે શાન્તાનમ, ડો. દીક્ષિતુલુ, ડો. અનીલ કાકોડકર, ડો. એસ.કે. સિક્કા, ડો. એમ.એસ. રમાકુમાર, ડો. ડી.ડી. સુદ, ડો. એસ.કે. ગુપ્તા અને ડો. ગોવિન્દરાજ જેવા વૈજ્ઞાનિકોએ મહત્વનો ભાગ ભજવ્યો હતો. દ્વિતીય પરીક્ષણમાં કુલ ૫ પરીક્ષણો કરવામાં આવ્યા હતા, જેમાંથી ૪ માં પ્લુટોનીયમ અને ૧માં થોરિયમને ફ્યુલ તરીકે વાપરવામાં આવ્યા હતા. આ પરીક્ષણો ૧૧ મેની બપોરે ૩:૪૫ કલાકે અને ૧૩ મેની બપોરે ૧૨:૨૧ કલાકે કરવામાં આવ્યા હતા, જેની જાહેરાત તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ કરી હતી. આ ઉપરાંત હંસ-૩ અને ત્રિશુલનું સફળ પરીક્ષણ પણ ૧૧ મેના દિવસે કરવામાં આવ્યું હતું.

આ સફળ પરમાણું પરીક્ષણોની યાદમાં ૧૧ મેને નેશનલ ટેકનોલોજી ડે તરીકે ઉજવવામાં આવે છે, જેમાં દર વર્ષે અલગ અલગ થીમ રાખવામાં આવે છે. આ દિવસે વિવિધ ક્ષેત્રના લોકોને એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે અને શાળાઓ, કોલેજો દ્વારા અલગ અલગ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. થોડા સમય પહેલા બનેલી બોલીવુડ ફિલ્મ 'પરમાણુ' ઈ.સ. ૧૯૯૮ના સફળ પરમાણું પરીક્ષણોને આધારે બનાવવામાં આવી હતી.

બી એન્ડ બી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, વલ્લભ વિદ્યાનગર,
મો. ૯૯૯૮૮૩૮૬૭

।। પ્રાસંગિક ।।

## કોરોનાઃ યમદૂત જ નહિ, નવજીવનદૂત પણ....

રમણભાઈ પી. પટેલ

ધરતી પર અનિષ્ટ તત્ત્વો દ્વારા માનવજીવન જોખમાય છે ત્યારે પરમાત્માએ માનવ અવતારે ધરતી પર અવતરણ કરી, કોઈક શસ્ત્ર દ્વારા દાનવીય વૃત્તિ-પ્રવૃત્તિ ધરાવતાં અનિષ્ટ તત્ત્વોનો નાશ કરી શાંતિ-સલામતી કલ્યાણનું વાતાવરણ સર્જ્યું હતું. એ રીતે 'યુગે યુગે સંભવામિ'નું કથન-વચન નિભાવ્યું હતું. પરંતુ, આજે કોરોના નામના રાક્ષસનું આગમન અને સમગ્ર વિશ્વમાં વિસ્તરણ થતાં તેણે વાયરસ ના અદૃશ્ય શસ્ત્ર દ્વારા ભારે હાડમારી-હાહાકાર મચાવી સમગ્ર માનવજાતને મોતના મુખમાં ધકેલી દઈ માનવજાતના અસ્તિત્વ, સલામતી સામે ખતરો ઊભો કરી, આજે વૈશ્વિક સમસ્યા ઊભી કરી છે.

આ પ્રકારની પરિસ્થિતિમાં કોરોના નામના રાક્ષસે તેના વાયરસ થકી માનવજાત સામે વૈશ્વિક યુધ્ધ જેવી સ્થિતિનું નિર્માણ કરી માનવજીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે ત્યારે આ સ્થિતિના મૂળની તપાસ કરીએ તો સમજાય છે કે, જ્ઞાન-વિજ્ઞાને અનેક પ્રયોગો, શોધખોળો થકી માનવજાતને અપાર ભૌતિક સુખ-સગવડનાં સાધનો ઉપલબ્ધ કરી આપ્યાં. મેડિસીન ક્ષેત્રે પણ રોગનાબૂદીની અનેક દવાઓની શોધોએ માનવતંદુરસ્તી સાથે આયુષ્ય લંબાયાં. યંત્ર-વિજ્ઞાને ભૌતિક સમૃદ્ધિ-વિકાસની સાથે અનેક પ્રકારનાં પ્રદૂષણો સર્જતાં અને મંત્રવિજ્ઞાન વિસરાતાં આપણાં નૈસર્ગિક આનંદ, શાંતિ જોખમાયાં. ઉપરાંત આધુનિક જીવન શૈલી, ઉપભોકતાવાદી વલણ, પરિવારવિમુખતા, માનસિક તાણ, વસ્તીની ગીચતા, ગંદકી, પ્રદૂષણો, રોગો જેવી સમસ્યાઓ, વ્યસનો, આર્થિક ભીંસ, સત્તા-સમૃધ્ધિ પાછળ આંધળી સ્પર્ધાત્મક દોડ, આહાર-વિહાર-વિચાર-વ્યવહારમાં વિસંગતતા વગેરે વગેરે અનેક પરિબળોથી સર્જાતા કોરોના જેવા જીવલેણ રોગે તેના વાયરસ થકી માનવજીવન પર આજે ઘાતક અસરો ઊભી કરી છે.

કોરોનાના પ્રભાવે તેના વાયરસનું માનવશરીરમાં ઝડપી સંક્રમણ થવાથી વૈશ્વિક સ્તરે અનેક હાડમારી સાથે માનવમોતની હારમાળા સર્જાઈ છે. માનવજીવન અને એની ગતિ-પ્રગતિ, ધંધા-રોજગાર બધું જ ઠપ્પ થઈ ગયું છે. વિશ્વમાં વિહરનારો, ચંદ્ર પર પહોંચવાની તૈયારી કરતો આધુનિક માનવી ઘરમાં 'લોકડાઉન' થઈ જતાં, આકાશે ઉડનારો માણસ આજે ઘર બહાર ચોકમાં જતાં પણ ડરે છે. વાણીપ્રભાવથી વ્યક્તિત્વ દાખવનાર માણસના મુખે માસ્કનાં તાળાં વાગી ગયાં છે. 'સામાજિક પ્રાણી' લેખાતો માણસ 'સોશ્યલ ડીસ્ટન્સ'નો અનુભવ કરતો થયો છે. ભારે ભીડ વચ્ચે રહેતો માણસ પોતે 'અનટચેબલ' સ્થિતિમાં મૂકાઈ જતાં સામાજિક એકલતાનો અનુભવ કરે છે.

કોરોનાના કહેરથી સમસ્ત માનવજાત અનેક અગવડો, અને સમસ્યાઓનો સામનો કરી રહી છે ત્યારે એમાંથી બચવા સરકારી તંત્ર, પોલીસતંત્ર સ્વૈચ્છિક સંસ્થાઓ, હૉસ્પિટલ સ્ટાફ, વ્યક્તિ-વ્યક્તિસમૂહો સારવાર-સાવચેતી-સલામતીનાં અનેક પગલાં સાથે સેવાકીય રાહતકાર્યો કરી રહ્યાં છે. અનેક અવરોધો-અડચણો વચ્ચે કેટલેક અંશે સફળતા પણ સાંપડી છે. પરંતુ પ્રત્યેક વ્યક્તિ પોતે પોતાની નૈતિક ફરજ સમજી, કોરોના વાયરસથી બચવાના ઉપાયોનું, સરકાર ઘોષિત નીતિ-નિયમોનું ચુસ્ત પણે આચરણ-પાલન કરે તો આ મહામારીમાંથી બચી શકાય તેમ છે. સ્વ સાથે કુટુંબ-સમાજ-રાષ્ટ્રના હિતમાં આમ કરવું એ આજના સમયની પુકાર છે, જરૂરિયાત છે.

પ્રત્યેક ઘટના યા બનાવની અસરો સારી-નરસી બંને બાજુની હોય છે. માનવજીવનને મોતના મુખમાં ધકેલી દેનાર કોરોનાને કદી આવકાર નહિ પણ તિરસ્કાર જ હોય. પરંતુ કોરોના દ્વારા અણધારી આવી પડેલી આ આફતભરી સ્થિતિએ કેટલાંક સકારાત્મક પરિણામો થકી ભાવિજીવનના રાહ માટે આધુનિક માનવીને, ચેતવણી સાથે, કેટલાક સકારાત્મક વિચારોના અદ્‌ભૂત પાઠ શીખવી જીવનસંદેશ પણ આપ્યો છે.

સૌથી પ્રથમ તો, આ ભાગદોડવાળી જિંદગી જીવતા પરિવારજનોને 'લોકડાઉન'ની સ્થિતિમાં આટલો લાંબો સમય ઘરમાં રહેવાનું થતાં, આપણી પ્રાચીન સંયુક્ત કુટુંબની સમાજવ્યવસ્થાનું, પ્રેમ-હૂંફ-સહકારસભર સહજીવનનું સોને મૂલ્ય સમજાયું. ચોવીસેય કલાક ઘરબંધીમાં રહી ઘરનાં સઘળાં કામકાજ સંભાળવાની સાથે પરિવારજનોની સુવિધા સાચવતી, કાળજી લેતી ગૃહિણીની

સ્થિતિનું તથા તેની શક્તિ-સેવાનું કુટુંબજીવનમાં મૂલ્ય-મહત્ત્વ સમજાયું. આ સાથે, ઉંમર અને શારીરિક અશક્તિને લીધે ઘરમાં જ રહેતા વડીલોની યાતના ભરી વાસ્તવિક સ્થિતિનો સૌને ખ્યાલ પણ આવ્યો. વિદેશમાં વસતા લોકોને વતનનું અને શહેરોમાં વસતા લોકોને પોતાના ગ્રામજીવનનું મૂલ્ય સમજાતાં, પ્રકૃતિ-સંસ્કૃતિ તરફ પાછા વળવાનો સંદેશ સાંપડ્યો.

કોરોનાની પરિસ્થિતિએ માનવીની મનોસ્થિતિ બદલી નાખતાં માનવીય ટેવો તથા જીવનચર્યા, જીવનશૈલી, જીવનદૃષ્ટિમાં પણ બદલાવ આણ્યો. કોઈ પણ પ્રકારના જંકફુડ-ફાસ્ટફુડ, હોટલનાં ખાણીપીણી, વ્યસનો વગર ઘરના શુધ્ધ સાત્વિક સાદા આહારથી પણ સરસ રીતે જીવી શકાય એ આ પરિસ્થિતિએ શીખવ્યું. કરકસર સાથે જરૂરી હોય તેવા-તેટલા જ ખર્ચા કરવાના વલણની માનસિકતા આવી. મર્યાદિત સાધન-સામગ્રી તથા અગવડ યા મુશ્કેલીમાં કેવી રીતે જીવાય તે આવડ્યું. પરાવલંબી જીવન પદ્ધતિને સ્થાને સ્વાવલંબી, સ્વનિર્ભર જીવન શૈલી અપનાવવાનું શીખવ્યું. સતત કામના બોજની તાણ અનુભવતા માણસને માનસિક શાંતિ સાથે સમયની નવરાશનો ઉપયોગ કરવાનું તથા પોતાની આવડતને વ્યક્ત કરવાનું સૂઝ્યું. મંદિરમાં ગયા વિના પણ ઘરમાં ભક્તિ કરી શકાય તે પણ સમજાયું.

આ વાયરસની પ્રદૂષણભરી સ્થિતિમાં સ્વચ્છતા-આરોગ્ય અંગેની સભાનતા આવતાં માણસ પોતાની, પરિવારની, ઘરની સ્વચ્છતા માટે વિશેષ સચિંત-સભાન સક્રિય બન્યો. હૉસ્પિટલો અને તેના સ્ટાફનું, દવાનું, હવા(ઑક્સિજન)નું, માનવજીવન માટે મૂલ્ય સમજાયું. ઉદ્યોગધંધા, વાહનવ્યવહાર, ભારેભીડ બંધ થતાં ઓછાં થતાં પ્રદૂષણે શુધ્ધ હવાપાણીનો, પ્રકૃતિ-પર્યાવરણનો સુખદ અનુભવ થયો. બીજી બાજુ આ સામૂહિક સંકટ સમયે માણસમાં, પરસ્પરની અગવડ-મુશ્કેલી સમજાતાં, બીજાને સહાનુભૂતિ સાથે મદદરૂપ થવાના માનવતાવાદી વલણે સંપ, સહકાર, સાદગી શ્રમ વગેરેની ભાવના વિકસી.

સૌથી વિશેષ તો, કોરોનાના સંકટે પ્રોફેશનલ લાઈફને તદ્દન બદલી નાખી, વિશ્વને નવા કલ્ચરમાં મૂકી દેતાં આજના ડીઝીટલયુગમાં 'વર્ક ફ્રોમ હોમ'-(ઘર એ જ ઑફિસ) તેમજ ઈન્ટરનેટના માધ્યમથી ડીઝીટલપેમેન્ટ, બેન્કીંગ કામકાજ, વિડિયો કોન્ફરન્સ મિટીંગની કાર્યવાહી દ્વારા કનેકટીવીટીથી થયેલ ઝડપી નિર્ણયો, અને અમલ કામકાજની પ્રક્રિયા આજના લોકબંધીના સમયમાં, અતિ અસરકારક-ઉપકારક-સફળ નીવડી છે. આ ઉપરાંત, કોરોનાની લોકડાઉન પરસ્થિતિએ વર્ગખંડની પરંપરિત 'ચોક એન્ડ ટોક'ની શિક્ષણ પદ્ધતિ-પ્રક્રિયા આધુનિક ટેક્નોલોજીથી ઈ.ટીચીંગ-લર્નીંગ સસ્ટિમમાં તથા સેમિનાર વેબિનાર સિસ્ટમમાં પરિવર્તિત થઈ છે.

સમગ્ર રીતે જોઈએ તો, કોરોનાની વર્તમાન પરિસ્થિતિએ માનવજીવનમાં અનેક યાતનાઓ સાથે મોતના તાંડવની નકારાત્મક અસરોની સાથે જે જે સકારાત્મક અસરો સર્જી છે, તેનાથી આધુનિક માનવીને ઘણું બધુ જાણવાનું, શીખવાનું, સમજવાનું મળ્યું. કોરોનાએ માનવજાતને જીવનપધ્ધતિ, જીવનશૈલી બદલવાની તક આપી સલામત જીવન માટે શારીરિક આરોગ્ય અંગે કાળજી રાખવાની ચેતવણી પણ આપી છે, આત્મભાન સાથે આત્મખોજનો અને સ્વનિર્ભરતાનો સંદેશ પણ આપ્યો છે.

અંતમાં માનવજીવનનાં અસ્તિત્ત્વ માટે કોરોનાનું પોઝીટીવ સ્વરૂપ ખતરનાક છે, પરંતુ જીવનની સલામતી-સફળતા માટે એ થકી પ્રાપ્ત પોઝીટીવ વલણ અને સકારાત્મક અસરો આવકાર્ય હોવાથી કિલર કોરોના યમદૂત જ નહિ નવજીવનનો દૂત પણ છે. કોરોનાથી માનવીએ ઘણું બધું ગુમાવ્યું છે ત્યારે તેમાંથી શીખવા મળેલા હકારાત્મક પાઠને-સંદેશને ધ્યાનમાં રાખી, આવતી કાલને ઉજ્જવળ બનાવવા માટે, વિશેષ સચિંત-સક્રિય રહીએ એ જ અભ્યર્થના.

'જાન હૈ તો જહાન હૈ'

માનદ્ નિયામક, એ.આઈ.પી.એસ., શ્રી રામકૃષ્ણ સેવામંડળ, આણંદ
મો.૯૮૨૫૮૫૦૩૪૮

## અનુભવીને એટલું કે આનંદમાં રહેવું રે....

ડંકેશ ઓઝા

કેન્દ્રિય સાહિત્ય અકાદમી તરફથી પ્રત્યેક ભાષાના એક પુસ્તકને પ્રતિવર્ષ પુરસ્કૃત કરવામાં આવે છે. રતિલાલ બોરીસાગર જાણીતા હાસ્યલેખક છે. તેમના પુસ્તક મોજમાં રે વું રે! (૨૦૧૭)ને આવું ઈનામ પ્રાપ્ત થયું છે. જ્યોતીન્દ્ર દવેથી માંડીને ગુજરાતીમાં હાસ્યલેખન કરનારા સંખ્યાબંધ લેખકો લાંબા સમયથી લખતા રહ્યા છે. તેમ છતાં હાસ્યક્ષેત્રનું પુસ્તક પહેલીવાર પોંખાયું છે. એનો જશ રતિલાલ બોરીસાગરને ફાળે આવ્યો છે. આ રીતે આ એક અભૂતપૂર્વ ઘટના છે. બોરીસાગર અજાતશત્રુ જોવા લેખક છે. તાજેતરમાં ગાંધી-કસ્તૂરબાના ૧૫૦માં જન્મ વર્ષ નિમિત્તે મનસુખ સલ્લાએ 'ગાંધીની નજરે દુનિયા' પુસ્તક તૈયાર કર્યું છે તે રતિલાલ બોરીસાગરને અર્પણ છે. અર્પણના શબ્દો છેઃ ''રતિલાલ બોરીસાગરને, જેમનામાં મેં કદી ઈર્ષા નથી જોઈ.''

પુસ્તકના શીર્ષક બાબતે લેખકે લખ્યું છે કે 'દાન અલગારી'નું ભજનના ઢાળમાં લખાયેલું કાવ્ય તેમણે જાણીતા લોકકલાકાર અને માર્મિક હાસ્યના માહીર શ્રી માયાભાઈ આહીર પાસે સાંભળ્યું ત્યારથી એ પંક્તિ મનમાં ચોંટી ગયેલી. પુસ્તકના અંતિમ ટાઈટલ પર કુદરતનો પણ આ જ સંદેશ છે તેવું લેખકે લખ્યું છે. જંગલમાં જળધોધ પડતો હોય એવું ચિત્ર ત્યાં રજૂ થયું છે. એશિયન પેઈન્ટસ નામની રંગની કંપની પણ આવું જ કંઈક કહે છેઃ Nature our teacher.

ગુજરાતી ભાષામાં કોલમ લેખનમાંથી પુસ્તક થાય પછી વળી પાછા તે લેખો ક્યાંક અન્યત્ર કોલમ તરીકે છપાય એવું થવા લાગ્યું છે. રતિલાલ બોરીસાગરના આ પુસ્તક ને અને તેમના આ લેખોને તેવો લાભ મળ્યાનો ઉલ્લેખ ખુદ લેખકે કર્યો છે હાસ્યલેખન સદાય તાજું હોય છે એનો આ બોલતો પુરાવો છે. મૂળ લેખો તો ૧૯૯૮ થી ૨૦૦૩ના સમયગાળામાં લખાયા હતા. આજે એ વાંચતાં નવા લાગે છે.

લેખો પ્રમાણમાં ઘણા ટૂંકા છે,બે ત્રણ ઠેકાણે લેખ પૂર્વે નોંધ જોવા મળે છે. પ્રલય અંગેના, કોન બનેગા કરોડપતિ વિષયના લેખો પૂર્વે આવી નોંધો છે તો વળી બે-ત્રણ ઠેકાણે પાદટીપ પણ જોવા મળે છે. જેમાં કોઈકના પ્રત્યે સૌજન્ય પ્રગટ થયું છે. લાંબી પાદટીપ પેરેડાઈઝ લોસ્ટ નામના સરસ લેખને અંતે છે. મને લાગે છે કે તે લેખનો ભાગ પણ બની શકી હોત. તેમ થવાથી એનું મૂલ્ય સ્હેજે ઓછું ન થયું હોત.

'ગાંધીબાપુને પત્ર' નામનો પુસ્તકનો અગિયારમો લેખ કટાક્ષનો અને વ્યથાનો સુંદર નમૂનો છે. લેખક ક્યારેક પોતાના વક્તવ્યને બદલે જાહેરમાં એનું પઠન કરવાનું યોગ્ય માને છે એમ મેં જોયું છે. આપણે જાણીએ છીએ કે હાસ્યની નિષ્પત્તિ માટે કોઈ વિશિષ્ટ અવસર આવશ્યક હોતો નથી એ તો ગમે ત્યાં અને ગમે ત્યારે સુલભ થઈ શકે છે. સવાલ દૃષ્ટિનો હોય છે.

મારા મતે પુસ્તકનો સૌથી સારો લેખ ખુશવંતસિંહ નિમિત્તે છે. શરૂઆતમાં તેમનો પરિચય ભૂમિકારૂપે મૂકાયો છે. મજાની વાત એ છે એમને જ્યારે પ્રામાણિકતા વિશેનો એવોર્ડ અપાઈ રહ્યો હતો ત્યારે તેમણે બીજાની પેન પોતે ઊઠાવી લીધી છે એવો એકરાર ત્યાં કરેલા ભાષણમાં કરેલો! આપણો સમાજ દંભી હોવાનું તો વારેવારે કહેવાય છે. બધાંને તેના પુરાવા મળતા રહે છે. એવા માહોલ વચ્ચે એવોર્ડ-સ્વીકાર પ્રસંગે કોઈ પોતાનો દોષ કે નબળી વૃત્તિ જાહેર રીતે કહી બતાવે એ અશક્યવત લાગતી વાત છે. જો કે લેખકે આ વૃત્તિ વિશે સરસ ઉલ્લેખો કર્યા છે. સારા ગણાતા માણસો અન્યત્ર નહિ પરંતુ પુસ્તક કે પેન જેવી બાબતો પર નજર બગાડે તે આ વર્ગ માટે સાવ સ્વભાવિક હોય છે!

સરકારી નોકરી, સ્ત્રીઓ, લગ્ન, શિક્ષણ, પરંપરા, સામાન્ય જ્ઞાન, ભૂલકણાપણું વગેરે બાબતો હાસ્યનો વિષય ન બને તો જ નવાઈ. ન ગમે તે વાત એવી છે કે એકાદ બે જગ્યાએ સાર એમ લખીને અને અન્યત્ર ક્યારેક એમ લખ્યા વિના લેખને અંતે બોધ દર્શાવવામાં આવ્યો છે તે જરા ખટકે એવી બાબત છે. એનો અર્થ એવો થાય કે લેખકને પોતાના લખાણમાંથી તે પ્રગટશે કે કેમ એ

વિશે અવઢવ છે. પોતાના વિશે હાસ્યલેખકો લખતા જ રહ્યા છે. એ દ્વારા સામાન્ય માણસના સામાન્ય દુર્ગુણો કે સામાન્ય નબળાઈઓ સાથે અનુસંધાન સાધતા રહ્યા છે. પરિણામે સામાન્ય વાચક પોતાના દોષો બાબતે ઓછો ચિંતિત થાય છે. સુખી જીવન માટે આ જરૂરી પણ છે. માણસ માત્રમાં થોડું ચક્રમપણું અને થોડો સામાન્યજ્ઞાનનો અભાવ રહેલો જ હોય છે. આવા વાચન પછી લોકો તે વિશે સ્વીકારભાવ અનુભવતા થાય, એટલે અંશે દંભમુક્ત થાય એવું કદાચ બને ખરું.

હાસ્યના પુસ્તકમાં ક્યારેક અતિશયોક્તિ અને ક્યારેક પ્રસ્તારનો ભય ઊભો હોય છે એવું અહીંના એક પણ નિબંધમાં બનતું નથી. એ રીતે આ હાસ્યનિબિંધનું પુસ્તક આવકાર્ય છે અને તેથી મૂલ્યવાન પણ છે. અંતે હાસ્યની અને હાસ્યકારની જે છબિ ઉપસે છે તે નરવી અને નિરાળી અને સ્વસ્થ છે.

'નિર્જલા ચા'વાળી વાત કે સરકારી નોકરની વિલક્ષણતાઓની વાત ક્યારેક બેવડાતી હોવાની છાપ પડે છે. જો લેખક સભાન રહ્યા હોત તો ટાળી શક્યા હોત. નરવું હાસ્ય અને 'મરક મરક' હાસ્ય એ બોરીસાગરનો હાસ્ય- વિશેષ મનાયો છે. જેની પ્રતીતિ અહીં પણ સાંપડે છે. આપણા સમાજના પ્રશ્નો વિશે હાસ્યલેખક પણ એટલો જ ચિંતિત હોય છે જેટલા બીજા બધાં. ગંભીરમાં ગંભીર સમસ્યાને તે હળવાશથી રજૂ કરતો હોય છે. પરિણામે એ વાત ઝીલાવાની શક્યતા ઘણી બધી વધી જતી હોય છે. કોઈ પણ સમયની માફક આજનો સમય પણ એવો જ છે. જ્યારે પ્રજાને હળવા રહેવા માટે હાસ્ય તરફ વળવું ગમતું હોય દિલ્હીની અકાદેમીએ લાંબા સમય પછી હાસ્યના પુસ્તકને પુરસ્કારવાનું યોગ્ય માન્યું તે સારો સંકેત છે. આપણે ભલે કવિતાને સાહિત્યનું ઉત્તમ સ્વરૂપ માનતાં હોઈએ. પણ ખરેખર તો હાસ્યલેખન એ એવું ઉત્તમ સ્વરૂપ છે જેની માણસને સર્વકાળમાં જરૂરત અનુભવાઈ છે. ફરીવાર અકાદેમી અને લેખક બન્નેને અભિનંદન.

૬, સ્વાગત સિટિ, મુ.પો. અડાલજ - ૩૮૨૪૨૧
મો. ૯૭૨૫૦૨૮૨૭૪

**।। વિદ્યાવૃત્ત ।।**

## સીવીએમયુ–આઈસ્ટારના પર્યાવરણ વિભાગ દ્વારા રિસર્ચ પ્રોજેક્ટ માટે ઉમેદવારોની ભરતી યોજાશે

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગને તાજેતરમાં ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર, ગાંધીનગર તરફથી 'એસેસમેન્ટ ઓફ ઈમ્પેક્ટ ઓફ ક્લાઈમેટ ચેન્જ ઓન એમ્બિયન્ટ એર ક્વોલિટી, વલ્નરેબિલીટી એન્ડ હ્યુમન હેલ્થ ઓફ અર્બન સિટિઝ ઓફ ગુજરાત ટુ સજેસ્ટ સાઈટ-સ્પેસિફિક સ્ટ્રેટેજીસ ફોર ધ મિટિગેશન મેઝર્સ' વિષય પર આગામી બે વર્ષ માટે સંશોધનકાર્ય કરવા માટે રિસર્ચ પ્રોજેક્ટ મળેલ છે, જેની સમય મર્યાદા મે, ૨૦૨૦ થી એપ્રિલ, ૨૦૨૨ની રહેશે. વધુમાં, આ ડિપાર્ટમેન્ટને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર, ગાંધીનગર તરફથી નળ સરોવર જળપલ્લવિત વિસ્તાર અને ખીજડિયા પક્ષી અભ્યારણ્યની જૈવિક વિવિધતાઓનું સંરક્ષણ અને સંવર્ધન વિષય પર આગામી અઢી વર્ષ માટે સંશોધનકાર્ય કરવા માટે પણ રિસર્ચ પ્રોજેક્ટ મળેલ છે, જેની સમય મર્યાદા મે, ૨૦૨૦ થી ઓક્ટોબર, ૨૦૨૨ની રહેશે. આ બંને રિસર્ચ પ્રોજેક્ટ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ અને મુખ્ય ઇન્વેસ્ટીગેટર પ્રો.ડો. નિર્મલ કુમારના માર્ગદર્શન હેઠળ કાર્યરત રહેશે. ઉપરોક્ત રિસર્ચ પ્રોજેક્ટ માટે એમએસસી એન્વાયરોમેન્ટલ સાયન્સ, એન્વાયરોમેન્ટલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, બાયોટેક્નોલોજી, બોટની, ઝુલોજી, માઈક્રોબાયોલોજી, એક્વાટિક બાયોલોજી, લાઈફ સાયન્સ અને બાયોસાયન્સ વિષયોમાં પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થયેલા ઉમેદવારો ૨૮ એપ્રિલ, ૨૦૨૦ સુધીમાં nirmalkumaristar.edu.in ઈમેલ પર અરજી કરી શકશે, જેને અંતર્ગત એમએસસીના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ અરજી કરવા માટે લાયક રહેશે. રસ ધરાવતા ઉમેદવારોએ બંને પ્રોજેક્ટ માટે ઈમેલ દ્વારા સોફ્ટ કોપી તેમજ જરૂરી પ્રમાણપત્રો સાથેની હાર્ડ કોપીના સ્વરૂપે અલગ અરજી કરવાની રહેશે. અરજી કરવાનું સરનામું આઈસ્ટાર સંસ્થાની વેબસાઈટ www.istar.edu.in પરથી મળી રહેશે.

**।। વાર્તા ।।**

# હોબી

**મનીષા રાઠોડ**

'આકાશ તને સર મળવા બોલાવે છે.' હાંફળોફાફળો તેનો મિત્ર દોડતો દોડતો હોસ્ટેલના રૂમ પર પહોંચી આકાશને જણાવી રહ્યો હતો. સવારના અગિયાર વાગ્યાં તો પણ આકાશ હજુય હોસ્ટેલમાં આરામ કરતો હતો.

આકાશ એન્જિનિયરીંગ કૉલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. કૉલેજમાં દરેક વિદ્યાર્થીને એક પ્રોફેસર કાઉન્સેલર હતા. તેઓનું કામ વિદ્યાર્થીના અભ્યાસ ઉપરાંત તેઓની તમામ પ્રવૃત્તિનું ધ્યાન રાખી વિદ્યાર્થીના માતાપિતા સાથે સંપર્કમાં રહી તેનું ઘડતર કરવાનું હતું.

'જી'.

''જાઉં છું.'' આકાશ બોલ્યો.

થોડીવાર પછી નાહયા વગર જ લઘરવઘર વેશે, વિલા મોઢે આકાશ તેના સરની સામે જઈને ઊભો રહે છે. એની મનોમન તૈયારી તો હતી જ કે આજે શું થવાનું છે?

તેને ખબર હતી કે સર આજે તેને ખૂબ વઢશે.. ખખડાવશે.. કારણ કે આજે હું પરીક્ષામાં જવાનું ભૂલી ગયો..સવારે દસ વાગ્યાનું પેપર હતું અને હું અગિયાર વાગ્યે ઉઠ્યો..

''હવે શું જવાબ આપીશ સરને? સાચું કહું કે પછી કોઈ બહાનું શોધી લઉં... સરને શું ખબર પડવાની છે? હું કંઇ પણ કહીશ તો..ના ના.. એવું નથી કરવું.. સર બિચારા મારા ભલા માટે જ વઢે છે ને!. ચૂપચાપ સાંભળી લઈશ.. બીજું શું!!'' આકાશ મનમાં કંઈક ગડમથલ કરી રહ્યો હતો.

'આકાશ', સાહેબ ખૂબ જ ઊંચા સ્વરે આકાશને બોલાવી રહ્યા હતા.ગુસ્સાથી એમનો ચેહરો લાલઘૂમ થઈ ગયો હતો. સાહેબનો પારો આજે સાતમા આસમાને હતો.

''જી સર.'' નીચી નજરે ડરતા ડરતા આકાશ બોલ્યો..

'તને બરાબર ખબર છે ને કે મેં તને આજે કેમ બોલાવ્યો છે? તને આટઆટલી વાર સમજાવ્યા છતાં તારા મગજમાં કેમ નથી ઉતરતું? તું કેમ નથી સમજતો? તું કૉલેજના બીજા વર્ષમાં આવી ગયો. તું હવે કોઈ બાળક નથી કે આમ થોડા થોડા દિવસે તને ટપારવો પડે.

આ વખતે તો તે હદ વટાવી દીધી છે. તારા પેરેન્ટ્સને બોલાવવા પડશે. મારી સામે જ તારા ઘરે ફોન કર. હું વાત કરું છું.

''પણ સર.'' આકાશ કંઈક બોલે તે પહેલાં જ સર તેને વચ્ચે અટકાવી બોલ્યા.

''તને કહ્યું એ કર. તારું પણ અને બણ મારે નથી સાંભળવું.'' અને ના છૂટકે આકાશ ઘરે તેના પપ્પાને ફોન લગાવે છે. સામે છેડે તેના પપ્પા ફોન ઉપાડે છે.

''પપ્પા,મારા સરને તમારી હારે વાત કરવી છે. હું એમને દઉં છું.'' ફોન સરના હાથમાં પકડાવતા આકાશ બોલ્યો..

જુઓ ભાઈ, તમે તાત્કાલિક મને અહીં કોલેજમાં મળવા આવો. તમારા આકાશની ફરિયાદો હવે વધતી જાય છે. તમે રૂબરૂ આવશો તો હું સારી રીતે તમને એના કારસ્તાન સંભળાવી શકીશ.

''પણ સાહેબ હું જુનાગઢ રહું છું. મને ત્યાં પહોંચતા સહેજે આઠ કલાક થશે. અને વળી નોકરીમાં પણ રજા મળવી મુશ્કેલ છે. એટલે સાહેબ શું કર્યું અંકિતે એ ફોનમાં જ કહી દયો ને!'' આકાશના પપ્પા વિનંતી કરતા બોલ્યાં..

'જુઓ, તમે રૂબરૂ આવશો તો સારું રહેશે. પ્રિન્સિપાલ સાહેબને પણ મળવાની જરૂર છે. એટલે મહેરબાની કરીને એકવાર અહીં આવી જાઓ.' સાહેબ બોલ્યા.

ભલે ત્યારે હું થોડા દિવસમાં તમને જાણ કરીને આવી જઈશ... આકાશના પપ્પા અનિચ્છાએ પણ આવવાની હા પાડે છે.

આકાશને ભણવામાં જરાય રસ નહોતો. બચપણથી કલર અને પીંછી એના મનપસંદ રમકડાં હતા.પેન્સિલથી નોટબુકના છેલ્લા પાને ચાલુ કલાસે ચિત્રો દોરતો. અને એની કળા પણ અદ્‌ભુત હતી. ઘડીકમાં તો આબેહૂબ વ્યક્તિનો ચેહરો પેન્સિલથી ઉપસાવી કાઢતો.સામાન્ય વ્યક્તિ માટે ખૂબ અઘરી કળા એને સહજ સાધ્ય હતી. નવરાશના સમયમાં કેનવાસ પર કામ કરતો. ઘણીવાર એક ચિત્ર પૂરું કરતા ઘણા દિવસો લાગતા. અને ક્યારેક તો માત્ર અડધા કલાકના સમયમાં એવું તો સુંદર ચિત્ર ખડું કરે કે જોનારની આંખો આશ્ચર્યથી પહોળી થઈ જતી.

ઘરમાં તમામની ઈચ્છા હતી કે આકાશ એન્જિનિયર બને. આપણું નામ રોશન કરે. એન્જિનિયર હશે તો સારી નોકરી મળશે. અને ભવિષ્યમાં ક્યારેય પૈસા કે પ્રતિષ્ઠાનો વાંધો નહી આવે. આવું વિચારીને તેના પપ્પાએ તેને સાયન્સમાં અભ્યાસ કરાવ્યો. અને જબરજસ્તી એન્જિનિયર બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ.

મન કાંઈક ઓર કહે છે અને પરિસ્થિતિ કાંઈક ઓર! દુવિધામાં લેવાયેલા નિર્ણય ક્યાં લઇ જાય માણસને! ભારતમાં માત્ર બે જ અભ્યાસ ઉત્તમ ગણાય છે એક મેડિકલ અને બીજો એન્જિનિયરીંગ. એના સિવાય જાણે બીજો કોઈ રસ્તો જ નથી. બાળકની જન્મજાત અભિરુચિ અને આવડતનું ગળું ઘોટી તેને પરાણે એન્જિનિયર બનાવવામાં નથી એ ઘરનો રહેતો કે નથી ઘાટનો રહેતો. આવા કેટલાય અધકચરા અણઘડ કમને બનેલા એન્જિનિયરો સમાજમાં ફરે છે જે માત્ર સામાન્ય નોકરીમાં જ જીવન પસાર કરતા હોય.

બાળકની આવડત અને અભિરુચિના ક્ષેત્રમાં તેને આગળ વધવાનું પ્રોત્સાહન અપાય તો ઘણાં ક્ષેત્રે ઉત્તમ પરિણામ આવે. એક સારો ચિત્રકાર કે સારો સંગીતકાર પણ એટલો જ માનનીય છે.

''આકાશના પપ્પા આવ્યા છે, બહાર ઉભા છે.'' પ્યુન બોલ્યો.

''અરે, તેઓને અંદર મોકલો. અને ચ્હાની વ્યવસ્થા કરો.'' આકાશના સાહેબ બોલ્યા.

''બોલો સાહેબ, શું વાત હતી? હું આજે સ્પેશિયલ છેક જૂનાગઢથી અહીં સુધી નોકરીમાંથી રજા લઈને આવ્યો છું. આકાશની બાને પણ ભેળો લેતો આવ્યો છું.તમતમારે જે કેવું હોય એ કયો. તમે કયો તો આકાશના બા ને પણ આઇ બોલાવી લઉં. ઈ બાર ઊભી છે.'' સાહેબની સામેની ખુરશી પર બેસતા આકાશના પપ્પા બોલ્યા.

''અરે બોલાવો બોલાવો, બહાર કેમ ઉભા છે? એ તો ખૂબ સારું કર્યું કે તમે બન્ને આવ્યા. હવે જુઓ. આ તમારા આકાશની દરેક વિષયમાં હાજરી. અમારી કૉલેજમાં નિયમ છે કે ઓછામાં ઓછી પંચોતેર ટકા હાજરી હોય તો જ વાર્ષિક પરીક્ષા આપી શકે. તમે જોઈ શકો છો એની તમામ વિષયમાં પચાસ ટકાથી પણ ઓછી હાજરી છે. એને કેટલીય વાર આ બાબતમાં ટોક્યો છે પણ પરિણામ શૂન્ય. એનું ચિત્ત ભણવામાં હોતું જ નથી. એના કરતાં તમે એને જે ગમતું હોય એ કરાવો. મારી તો એ જ સલાહ છે.'' આકાશના સાહેબ ઊભરો ઠાલવતા બોલ્યા.

ત્યાં તો રિસેસનો સમય થતા આકાશ પણ વાતમાં જોડાયો. ક્લાસમાંથી સીધો જ સ્ટાફરૂમમાં આવ્યો. પોતાના મા બાપને પગે લાગીને તેઓની બાજુમાં ઊભો રહ્યો.

''આ સાહેબ શું કે છે સાંભળ્યું? તું કલાસમાં નથી જતો, તો કરે છે શું? તારું ધ્યાન ક્યાં છે? તારી બા ને હું આ હાંભળવા આઈ સુધી આવ્યા. અમારી આબરૂનો તો વિચાર કરવો તો.'' સ્ટાફરૂમમાં સૌની સામે આકાશની ઝાટકણી કાઢતા તેના પપ્પા નોન સ્ટોપ બોલી રહ્યા હતા. આખરે એક બાપ યુવાન દીકરાની ફરિયાદો સાંભળીને આવી પ્રતિક્રિયા આપે એ સ્વાભાવિક હતું.

વચ્ચે પડીને આકાશના બા બોલ્યા, ''બસ કરો હવે. બહુ થયું.''

''સાહેબ, આ મારો દીકરો આકાશ એન્જિનિયર બનવાની ધરાર ના પાડતો'તો. એનો જીવ તો નાનપણથી ચિત્રોમાં ચોંટેલો હતો. મેં કેટલુંય સમજાવ્યા પણ તેના પપ્પા એક ના બે નો થયા. હું ઓછું ભણેલી છું સાયેબ, પણ એટલું તો સમજુ છું દીકરાને પરાણે નો ભણાવાય. પણ આ મારી વાત માને જ નઈ ને! હવે જુઓ ઈનું પરિણામ.''

આકાશના બા પોતાની તળપદી કાઠિયાવાડી ભાષામાં સાહેબને સમજાવી રહ્યા હતા. એક મા નો જીવ દીકરાને નખશીખ ઓળખે પણ એનું સાંભળે કોણ? સ્ત્રીઓના અભિપ્રાયને ક્યાં પ્રાધાન્ય અપાય છે!

''ચિત્રો દોરે પેટ થોડું ભરાય! કાંઈક ભણ્યો હશે તો નોકરી મળશે. નહી તો ભીખ માંગવાનો વારો આવશે. ઈ નો બાપ છું. ઈ ના હારા નરસાનો વિચાર છે મને.'' આકાશના પપ્પા એની મમ્મીને સમજાવી રહ્યા હતા. વાતાવરણ થોડું ગરમ થાય એ પેહલા સાહેબે વચમાં પડી બન્નેને શાંત પાડી વાતનો દોર હાથમાં લીધો.

ઘણી બધી ચર્ચાઓના અંતે આકાશ બાંહેધરી આપે છે કે હવેથી તે નિયમિત કલાસમાં ભણશે અને ઉત્તમ પરિણામ લાવશે. અને આખરે ચર્ચાનો અંત આવ્યો. સાહેબની વિદાય લઈને બંને પતિપત્ની ઘર ભણી પાછા ફર્યા. આકાશ સુધરી જશે એવી આશા સાથે.

વળી પાછા કેટલાક મહિના પસાર થયા. અને આકાશ જે સે થે! પોતાના મૂળ સ્વભાવમાં પાછો આવ્યો. ફરીથી એ જ માથાકૂટ.હવે આકાશના સર તેનાથી ખૂબ કંટાળી ગયા હતા.

એક દિવસ વહેલી સવારે આકાશનો મિત્ર એનો રૂમ પાર્ટનર નિશિતનો સાહેબને ફોન આવ્યો. સાહેબ, ''આકાશ કાલ રાતનો રૂમ પર પાછો જ નથી આવ્યો. ફોન પણ નથી ઉપાડતો.''

''પાછો આ ક્યાં ભાગી ગયો હશે? વળી પાછું તેને શું થયું હશે? આ છોકરાએ તો મારાં નાકમાં દમ કરી નાખ્યો છે. ઘરે પણ શાંતિથી સૂવા નથી દેતો.'' સાહેબ મનમાં બબડી રહ્યા હતા.

''તું એના મિત્રોને પૂછી જો કદાચ રાતે બીજે ક્યાંક રોકાઈ ના ગયો હોય. તું તપાસ કર અને પછી મને ફોન કર.''

''સાહેબ, બધે તપાસ કર્યા પછી જ તમને ફોન કર્યો. હું આજુબાજુ ઘણી જગ્યાએ તો રૂબરૂ જઈને આવ્યો પણ આકાશનો ક્યાંય કોઈ પતો જ નથી. ખબર નહી ક્યાં ગયો છે?''

''એના ઘરે પૂછ્યું?''

''ના, સાહેબ.''

''તો પેહલા ઘરે પૂછી જો. કદાચ ઘરે ના ગયો હોય.''

''પણ સર, ઘરે જવાનો હોય તો પોતાનો સામાન તો લઈને જાય ને! એની બધી જ બેગ તો રૂમ પર પડી છે. કપડાં પણ નથી લીધા.''

''ઓહ, તો પછી વાત ગંભીર છે. હું આવું છું હોસ્ટેલ પર.'' સાહેબ ફોન મૂકી કૉલેજની હોસ્ટેલ પર જવા નીકળ્યા.

પ્રિન્સિપાલ સાહેબને પણ જાણ કરવી પડશે. પહેલા હું ત્યાં પહોંચું પછી વાત.

હોસ્ટેલ પર રેકટરને મળ્યા. તપાસ કરી તો ગઈકાલે સાંજના સાડા સાતે રજિસ્ટરમાં એન્ટ્રી કરી હતી. પછી પાછા આવાની કોઈ સહી છે જ નહી. મતલબ કાલે સાંજે સાડાસાત પછી ગાયબ થયો છે. એકવાર એના ઘરે પૂછવું પડશે, તો જ કાંઈક ખ્યાલ આવે. અને ઘરે પૂછ્યું તો આકાશ ઘરે પણ નહોતો. એ ગયો ક્યાં હશે? ''

આકાશના પપ્પાએ એના ઘણા લોકલ મિત્રોને પણ પૂછ્યું, પરંતુ ત્યાં પણ કોઈને કાંઈજ ખબર નહોતી. આકાશના મમ્મી તો સાંભળીને રડવા લાગ્યા. મારો દીકરો ક્યાં ગયો હશે? શું થયું હશે? કેવી હાલતમાં હશે? વગેરે વગેરે નકારાત્મક વિચારો કરવા લાગ્યા.

આકાશના મમ્મી પપ્પા તાત્કાલિક તેની કૉલેજ પર આવવા નીકળ્યા. જૂનાગઢથી વિદ્યાનગર આવતી બસમાં બેસી ભારે ચિંતા અને વ્યગ્રતા સાથે સાંજ સુધીમાં હોસ્ટેલ સુધી પહોંચી ગયા. આકાશના સાહેબ અને પ્રિન્સિપાલ સાથે ચર્ચા કરી. પોલીસ સ્ટેશન પર ફરિયાદ કરવા સિવાય બીજો કોઈ જ વિકલ્પ નહોતો. યુવાન દીકરાઓ કંઈ પણ કરે અને પાછળ ભોગવવાનું એના નિર્દોષ માવતરને !

પોલીસ ફરિયાદ કરી અને આકાશની તપાસ શરૂ થઈ. કેટલાય દિવસો સુધી આકાશના માતાપિતા વિદ્યાનગર રોકાયા. તેના મિત્રોના ઘરે પૂછતાછ કરવા જતા. પોતાનાથી બનતા બધાજ પ્રયત્નો કરતા.ઘણા દિવસ થયા તો પણ આકાશની કોઈ જ ખબર ન મળી. તેના પપ્પા રોજ એક્વાર પોલીસ સ્ટેશન જતા. કદાચ કોઈ સમાચાર મળે પણ નિરાશ થઈને પાછા આવતા.પતિ પત્ની એકબીજાને સાંત્વના આપતાં પોતાના દીકરાની વાટ જોતા. ક્યારેક તો પાછો આવશે. બન્નેને આશા હતી.

આખરે થોડા દિવસોમાં પોલીસને જાણકારી મળી કે આકાશ પાલનપુર પાસેના એક અંતરિયાળ ગામમાં ભાગી ગયો હતો. ત્યાં કેટલાય દિવસોથી પાસે આવેલા ગામની એક નાનકડી ફેક્ટરીમાં નોકરી કરતો હતો.

દીકરાની ભાળ મળતા તેના માબાપના જીવમાં જીવ આવ્યો. પોલીસનો આભાર માની પોતાના દીકરાને લઈ પાછા પોતાના વતન જૂનાગઢ ભેગા થયા. આકાશ માથું ઊંચુ કરીને જોવાની પણ હાલતમાં નહોતો.

તેને ઘણુંય પૂછ્યું ત્યારે માંડ થોડા શબ્દો એના મુખેથી સંભળાયા એ પણ ધીમા સ્વરે. ''મારે હવે ભણવું નથી. અને હું તમને કાંઈ કહી શકતો નહોતો. એટલે ભાગી ગયો હતો. મારે હવે પાછા નથી જાવું ભણવા. મને બળજબરી ના કરો.'' આટલું બોલતા બોલતા તો આકાશ પોક મૂકીને રડવા લાગ્યો.

''ભલે ના જતો ભણવા.. હું તને નઈ મોકલું બસ. પણ આમ અમને છોડીને ફરી કયારેય ના જતો. આ તારી બાની હાલત જો! બિચારીએ કેટલાય દિવસથી મોઢામાં અન્નનો દાણોય નથી મૂક્યો. કે'તીતી મારો દીકરો આવશે ત્યારે જમીશ. માતાજીની માનતા રાખી છે. રોઈ રોઈ ને અડધી થઈ ગઈ તારી પાછળ. અમને વચન આપ આવું પગલું ફરી કયારેય નઈ ભરે. અમારે મન તારાથી વધારે કાંઈ નથી બેટા!'' બોલતા બોલતા આકાશના પપ્પા પણ ખૂબ ભાવુક થઈ ગયા.

આખરે ભણવાનું અધૂરું મૂકી આકાશ પોતાના ગામ પાછો ગયો.

પોતાના મનગમતા વિષયમાં તનતોડ મેહનત કરી આકાશ એક સફળ ચિત્રકાર બન્યો અને આજે કળા ક્ષેત્રે તેનું ઘણું નામ છે. આકાશના ઘણા એક્ઝિબિશન યોજાતા હતા. ચિત્રોના ક્ષેત્રમાં અનેક ઇનામો અને ઍવૉર્ડ આકાશના નામે હતા. આજે તેના માબાપને ગર્વ છે પોતાના દીકરા પર. તેની આવડતને હવે સાચી દિશા મળી હતી.

મીકેનીકલ એન્જિનિયરીંગ ડીપાર્ટમેન્ટ, એ.ડી. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, ન્યુ વલ્લભ વિદ્યાનગર, મો. ૯૯૦૪૨૩૭૮૪૭

।। લઘુકથા ।।

## નથી

**નસીમ મહુવાકર**

બધો સામાન ટ્રકમાં મુકાઈ ગયો. બા બાપુજીએ બનાવડાવેલું જૂનવાણી, લાકડાનું મંદિર વિરલે હાથમાં ઊંચક્યું. વિદાય લેવા મોટાભાઇને પગે લાગ્યો.

વિરલ, થોડોક સમય અહિંયા રહ્યો હોત તો સારું હતું. તારી દેખરેખમાં મારા મકાનનું બાંધકામ પૂરું થઈ જાત, ને મારે દૂરથી અહીં આવવામાં ઓછી દોડાદોડી રહેત.

હા મોટાભાઈ, પણ....

પણની પાછળ વિરલની આંખમાં બા બાપુજીએ ઊભું કરેલું આ ગામડાનું ઘર છલકાયું. ગામડે ગોરપદ કરતા બાપુજીની સ્થિતિ કેવી હોય ? મોટાભાઈ, બે બહેનો અને પોતાની જવાબદારી ઉપાડતા બા બાપુજીએ મહામહેનતે આ નળિયાવાળું મકાન ઊભું કરેલું. પ્લોટ ઘણો મોટો, પણ બે રૂમ રસોડું બાંધ્યા પછી ફરતી દીવાલ ન્હોતી ચણી શકાઇ. બાએ મહેનત કરી ફરતે મેંદીની વાડ ઉછેરેલી. બાપુજીએ ફળિયામાં લીમડો વાવેલો, ને વખત જતાં લીમડા નીચે હીંચકો ય નાખેલો. ચારેય ભાઈ બહેનનો કિલ્લોલ હીંચકે ઝૂલતો રહેતો, ને લીમડો બાપુજીનાં આશીર્વાદની છાયા આપતો રહેતો. બાએ બનાવેલી વાડે આખા ઘરને સંભાળી રાખેલું.

બહેનો પરણીને સાસરે ગઈ. મોટાભાઈ - ભાભી નોકરીનાં લીધે દૂરના શહેરમાં જઈ વસ્યા. ગામડાથી પાંચ કિલોમીટર દૂરના શહેરમાં વિરલનો ધંધોય સારો એવો ફૂલ્યો - ફાલ્યો. લગ્ન થયા, બે બાળકો થયા, ને બા બાપુજીયે ગયા; પણ ગામડાનું ઘર કાયમ ગળે વળગેલું રહ્યું. પોતાનું બાળપણ, બા બાપુજીની લાગણીએ લીંપાયેલ ભીંતો, લીમડાની છાંયા ને મેંદીની વાડની સુવાસ એમ થોડી છૂટે ?

રીટાયરમેન્ટના આરે આવેલા મોટાભાઈએ એક દિવસ અચાનક આવીને કહ્યું.

વિરલ, તું તો બા બાપુજી વાળા મકાનમાં રહે છે. હું ય હવે રીટાયર્ડ થવાનો. તારી સામેનાં ખાલી ફળિયામાં મારેય મકાન બાંધી લેવું છે.

પણ મોટાભાઈ, આ મકાન આપણા બધાનું તો છે.

એ બરાબર, પણ આવું બધું મારા અને તારા સુધી. કાલ આપણા છોકરા મોટા થાય ને એમની વચ્ચે ડખા થાય એ સારું નહિ. અત્યારથી ભાગ પાડી લેવા સારા

મોટાભાઇની સામે કોઇ દલીલ ચાલેલી નહિ. મેંદીની વાડ કપાઇ, હીંચકોય ગયો, ને લીમડો તો બરાબર વચ્ચે જ નડતો'તો. કાપ્યે જ છૂટકો થયો. મોટાભાઈનું પાકું મકાન બંધાવા માંડ્યું. વિરલની ગુંગળામણ વધતી રહી. એણે અંતે શહેરમાં મકાન લઈ લીધું.

તારી હાજરીથી ફેર પડત વિરલ.

હા મોટાભાઈ, પણ આ છોકરાવનું ભણતર, મારો ધંધો બધું શહેરમાં જ છે. બા બાપુજી હતાં ત્યાં સુધી ઠીક હતું, પણ હવે તો..... !

કપાઇ ગયેલા લીમડાના અને મેંદીના પાન બિલકુલ સુકાઈ ગયા હતા. મંદિરને મજબૂતાઈથી પકડી વિરલ ઘરની બહાર નીકળી ગયો.

---

ડેપ્યૂટી ડિ.ડિ.ઓ, જિલ્લા સેવા સદન, સુરેન્દ્રનગર,
મો. ૯૯૧૩૧૩૫૦૨૮

॥ અભ્યાસ ॥

# 'વ્યવસાયિક પરિવર્તનની ગ્રામીણ અને શહેરી જીવન પર અસર'

બલભદ્રસિંહ સલંકી

**સારસંક્ષેપઃ**

કાર્લ માર્કસે માનવીની પાયાની પ્રવૃત્તિ તરીકે અર્થઉપાર્જનને ગણાવી છે. દરેક કાળે આર્થિક પ્રવૃત્તિ અથવા જીવનનિર્વાહની પ્રવૃત્તિ માનવી માટે પ્રાથમિક રહી છે. આદિમ અવસ્થામાં માનવી શિકાર દ્વારા જીવનનિર્વાહ કરતો હતો, પરંતુ કાળક્રમે ખાધ્યાન સંકલન અને ઉપાર્જનની પ્રક્રિયામાં સક્રિય થયો. આમ, પ્રથમ પરિવર્તન જીવનનિર્વાહની પદ્ધતિમાં આવ્યું. ક્રમશઃ કૃષિ અને ઉદ્યોગ તરફ આર્થિક પ્રવૃત્તિઓ પરિવર્તન પામવા લાગી જેનો પ્રભાવ માનવજીવન પર અને સમાજ વ્યવસ્થા પર પણ પડવા લાગ્યો. આમ, વ્યવસાયિક પરિવર્તન સામાજિક પરિવર્તન નીપજાવે છે.

પ્રાચીન ભારતીય સમાજ વ્યવસ્થા વર્ણ વ્યવસ્થા પર આધારિત હતી અને આ વર્ણની રચના વ્યવસાયના આધારે જોવા મળે છે. સામાન્ય રીતે આપણે ચાર વર્ણોથી પરિચીત છીએ. આ ચાર વર્ણો જે-તે સમયના મુખ્ય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ છે. બ્રાહ્મણો ધર્મ પ્રચાર અને યજ્ઞ યાગાદી દ્વારા કર્મકાંડ કરતા હતા. ક્ષત્રિયોનું કાર્ય સામાન્ય લોકોનું રક્ષણ કરવાનું હતુ. વૈશ્યો તમામ વર્ણોની જરૂરિયાતોનું ઉત્પાદન કરી તેઓનું પોષણ કરવાનું કાર્ય કરતાં. જ્યારે ક્ષુદ્રો સ્વચ્છતા સંબંધિત કાર્યોમાં રોકાયેલા રહેતા. પરંતુ કાળક્રમે જરૂરિયાતો વધતા નવા-નવા વ્યવસાયો વિકસવા લાગ્યા અને તે વ્યવસાય સાથે સંલગ્ન લોકોનો સમૂહ જ્ઞાતિ સ્વરૂપે અસ્તિત્વમાં આવવા લાગ્યો. આમ, વ્યવસાયો જ્ઞાતિગત બન્યાં, પરંતુ ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે કેટલાય નવા વ્યવસાયો વિકસ્યા કે જેણે જ્ઞાતિ અને વ્યવસાય વચ્ચેના સંબંધને તોડવાનું કાર્ય કર્યુ. વૈશ્વિકરણના આ સમયમાં જ્ઞાતિ એ વ્યવસાયથી ઘણી બધી દૂર થઈ ગઇ છે. વર્તમાન સમયમાં કોઇ વ્યક્તિને તેના વ્યવસાયના આધારે તેની જ્ઞાતિ સાથે જોડી શકાય નહિ.

પૂ. ગાંધીજીએ કહ્યું છે કે, 'ભારત એ ગામડામાં વસતો દેશ છે' અને ભારતને સમજવો હોય તો પહેલા ગામડાને સમજવું પડે. ગ્રામીણ સંસ્કૃતિ એ ભારતની પ્રભાવક સંસ્કૃતિ છે. ઓદ્યોગીકરણના પ્રભાવ હેઠળ ભારતમાં નગર વિકાસની પ્રક્રિયા વધારે ઝડપી બની છે અને અતિ નગરીકરણને લીધે નગરો પર વસ્તીનું ભારણ વધવા લાગ્યુ છે. વર્તમાન સમયમાં કુલ વસ્તીના ૩૦ ટકા જેટલી વસ્તી નગરોમાં વસવાટ કરે છે. ભારત આઝાદ થયા પછી ભારતીય બંધારણે દરેક નાગરિકને શિક્ષણ અને વ્યવસાય માટે સમાન તક આપી છે. આથી જ્ઞાતિગત વ્યવસાયો નબળા પડ્યા છે. કોઇપણ વ્યક્તિને તેના જ્ઞાતિગત વ્યવસાય કરવાની ફરજ ન પાડી શકાય તેની બંધારણીય જોગવાઇ કરવામાં આવી. આથી 'ચાતુરવર્ણ માયાસૃષ્ટિ' નો ખ્યાલ પ્રસ્તુત રહ્યો નથી.

**ચાવીરૂપ શબ્દોઃ-**

વ્યવસાય, વ્યવસાયિક પરિવર્તન, ગ્રામીણ જીવન, શહેરી જીવન, શિક્ષણ, ઔદ્યોગીકરણ.

**૧. પ્રસ્તાવનાઃ-**

કાર્લ માર્કસના જણાવ્યા પ્રમાણે માનવસમાજનો ઇતિહાસ ભૌતિક (આર્થિક) ઇતિહાસ છે. પ્રત્યેક જીવની પ્રાથમિક જરૂરિયાત પોષણ છે. વનસ્પતિ ભેજના માધ્યમથી જમીન અને વાતાવરણમાંથી પોષણ મેળવે છે. જીવો જીવસ્ય ભક્ષણમ્‌ના નાતે દરેક પશુ-પક્ષી અન્ય જીવના ભક્ષણ દ્વારા પોષણ પ્રાપ્ત કરે છે. માનવ ઉત્ક્રાંતિકાળે માનવી અન્યજીવોનું ભક્ષણ કરીને પોષણ પ્રાપ્ત કરતો હતો. કાળાંતરે માનવીએ તેની બૌદ્ધિક શક્તિઓ દ્વારા તેનું પોષણ અને પોષણ પ્રાપ્ત કરવાની પદ્ધતિ બંને બદલાવી છે. ફળફૂલ અને કંદમૂળનું સંકલન કરી ખાતો માનવી તેનું ઉપાર્જન કરવા લાગ્યો અને તે જ વસ્તુઓને સંગ્રહિત કરીને વસ્તુ વિનિમયના સ્વરૂપે પોતાની અન્ય જરૂરિયાતો સંતોષવા લાગ્યો. ઔદ્યોગીકરણની પ્રકિયાના પરિણામે નવા વ્યવસાયો વિકસ્યા અને માનવીની જરૂરિયાતો પણ વધવા લાગી. હવે જરૂરિયાતનો હેતુ માત્ર પોષણ નથી. તે સિવાયની પણ અનેક જરૂરિયાતો પણ ઉભી થઇ છે. તેના પરિણામે વ્યક્તિ નવા નવા વ્યવસાયો અને નવી સામાજિક જરૂરિયાતો સંતોષતો થયો છે.

પરંપરાગત રીતે ભારતીય સમાજ ગ્રામીણ સમાજ છે. ગ્રામીણ સંસ્કૃતિનું પ્રભુત્વ ભારતીય સમાજ પર જોવા મળે છે. પરંતુ બ્રિટીશ શાસનકાળ દરમ્યાન ઉદ્યોગો સ્થપાતા રોજગારી મેળવવા માટે માનવીએ નગરો તરફ દોટ મૂકી આથી વ્યવસાયિક પરિર્વતન આવ્યું.

સમાજશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યા પ્રમાણે 'આસપાસમાં ખેતર અને નાના કદના કાચા અથવા તો ઝૂંપડા જેવા ઘરો ધરાવતું, સાંકળી શેરી અને આયોજનના અભાવવાળું ગ્રામ રચનાનું સ્વરૂપ અને ત્યાં રહેતા લોકોનો મુખ્ય ધંધો ખેતી અને ખેતી સાથે સંલગ્ન વ્યવસાયો પર નિર્ભર લોકોનું સમૂહ એટલે ગામડુ.'

'સોમવર્ટ નગરની વ્યાખ્યા કરતા લખે છે કે નગર એટલું મોટુ હોય છે કે ત્યાંના રહીશો એકબીજાને ઓળખતા નથી.'

'બર્ગેલ નગરની વ્યાખ્યામાં ધંધાકીય તત્ત્વને મહત્ત્વ આપે છે. જ્યાંના મોટાભાગના રહીશો ખેતીવાડી સિવાયના ધંધાઓમાં રોકાયેલા હોય છે.'

**પરિવર્તન સાથે સંકળાયેલી પ્રક્રિયાઓઃ-**

(૧) સંસ્કૃતિકરણઃ- 'સંસ્કૃતિકરણ' શબ્દનો ઉપયોગ ભારતના જાણીતા સમાજશાસ્ત્રી એમ. એન. શ્રીનિવાસે કર્યો હતો. ભારતની પરંપરાગત સામાજિક અને સાંસ્કૃતિક ગતિશીલતાને વર્ણવવા માટે તેમણે આ શબ્દનો પહેલો વહેલો ઉપયોગ 'દક્ષિણ ભારતના લોકોમાં ધર્મ અને સમાજ' નામના અભ્યાસમાં કર્યો હતો. સંસ્કૃતિકરણ શબ્દ નીચી જ્ઞાતિઓના સામાજિક દરજ્જામાં પરિવર્તન સૂચવે છે. ભારતીય જ્ઞાતિપ્રથાના કોટિ ક્રમના નીચા જ્ઞાતિઓ પોતાનું સામાજિક સ્થાન ઊંચુ લઇ જવા માટે ઉચ્ચ જ્ઞાતિના રીતરિવાજો અને જીવનશૈલી અપનાવે છે, ઉચ્ચ જ્ઞાતિઓના નામ ધારણ કરે છે, ઉચ્ચ જ્ઞાતિનાં લગ્ન, કુટુંબ, ખોરાક, પોષાકના ધોરણ સ્વીકારે છે અને તે દ્વારા સામાજિક કોટિક્રમમાં પોતાનુ પરંપરાગત સ્થાન ઊંચુ લઈ જવા પ્રયત્ન કરે છે ત્યારે આ પ્રકારની સાંસ્કૃતિક ગતિશીલતાને દર્શાવવા માટે શ્રીનિવાસે સંસ્કૃતિકરણ શબ્દ વાપર્યો છે.

(૨) પશ્ચિમીકરણઃ- 'પશ્ચિમીકરણ' શબ્દનો ઉપયોગ કરીને શ્રીનિવાસે ભારતીય સમાજ ઉપર પશ્ચિમની વિચારસરણીના પ્રભાવથી નિપજેલા સામાજિક પરિવર્તનોનો ખ્યાલ કર્યો છે. ભારતમાં અંગ્રેજોના આગમનથી તેમના દ્વારા પ્રવેશેલા નવા મૂલ્યો અને નવી વિચારશરણીના પરિણામે ભારતીય સમાજમાં પશ્ચિમના યંત્રવિજ્ઞાનથી માંડીને આધુનિક વિજ્ઞાનની પ્રયોગ પદ્ધતિ અને ઇતિહાસ લેખન જેવા અનેકવિધ ક્ષેત્રે જે પરિવર્તનો નીપજ્યા તેને શ્રીનિવાસ 'પશ્ચિમીકરણ' તરીકે ઓળખાવે છે.

(૩) આધુનિકીકરણઃ કુપ્પુસ્વામી નોંધે છે કે, સામાજિક સંબંધોને લાગતા વિવિધ પ્રવાહોમાં આવેલા પરિવર્તનો 'આધુનિકીકરણ'ના ખ્યાલમાં સમાવિષ્ટ છે. આધુનિકીકરણ સમાજજીવનના વિભિન્ન ક્ષેત્રોમાં નવા વિચારો, ધ્યેયો, સાધનો વગેરે પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે. આધુનિકીકરણની પ્રક્રિયા પરંપરાગત મૂલ્યોને પડકારે છે અને નવા (આધુનિક) મૂલ્યોનું પ્રસરણ કરે છે. આધુનિકીકરણની પ્રક્રિયા શિક્ષણ, રાજ્ય, ધર્મ, અર્થવ્યવસ્થા, કુટુંબ, જ્ઞાતિ, કાનૂન, સ્ત્રી-જીવન, સંસ્કૃતિ વગેરે તમામ ક્ષેત્રે આધુનિક વિચારો અને આધુનિક ધ્યેયોના સ્વીકાર દ્વારા નવું પરિવર્તન સૂચવે છે.

(૪) ઔદ્યોગીકરણઃ- શિક્ષણ દ્વારા ટેક્નોલોજીનો વિકાસ થતાં નવા-નવા ઉદ્યોગો સ્થાપાયા અને વિકાસ પામ્યા. આ પ્રક્રિયાને ઔદ્યોગીકરણ કહેવામાં આવે છે. ભૂતકાળમાં જે કામ માણસો કરતા આજે તે કામ યંત્રો દ્વારા ખૂબ ઝડપથી અને સરળતાથી થવા લાગ્યુ છે. તેની અસર વિવિધ વ્યવસાયો પર અને સમાજજીવન પર થયેલી જોવા મળે છે.

(૫) નગરીકરણઃ- ઔદ્યોગીકરણથી નગરોનો ઉદ્‌ભવ થયો છે. નગરીકરણએ ઔદ્યોગીકરણની દેન છે. નગરોમાં વિવિધ વ્યવસાયો વિકસ્યા તેથી વ્યક્તિઓ વ્યસાયની શોધમાં ગામડાઓમાંથી સ્થળાંતર કરી નગરોમાં કાયમી વસવાટ કરવા લાગ્યા. નગરીકરણથી વ્યવસાયિક પરિવર્તન થકી સામાજિક માળખામાં પરિવર્તન આવેલું જોવા મળે છે.

**પરિવર્તન સાથે સંકળાયેલા ખ્યાલોઃ-**

(૧) ઉત્ક્રાંતિઃ- મેકાઇવર અને પેજ ઉત્ક્રાંતિના ખ્યાલને સ્પષ્ટ કરતાં લખે છેઃ ઉત્ક્રાંતિનો શાબ્દિક અર્થ 'સતત રીતે પ્રગટ થવુ' એવો થાય છે. ઉત્ક્રાંતિ એવી પ્રક્રિયા છે જેમાં વસ્તુના અપ્રગટ કે છુપા રહેલા તત્ત્વો આપમેળે પ્રગટ થાય છે. ઉત્ક્રાંતિએ પરિવર્તનનો ક્રમ છે, જેમાં એ વસ્તુમાં સુષુપ્તરૂપે રહેલી વિકાસ ક્ષમતાઓ વાસ્તવિકરૂપે બહાર આવે છે. આ પ્રક્રિયામાં વસ્તુના સ્વરૂપના વિભિન્ન પાસાનું પ્રાગટ્ય એ વસ્તુના આંતરિક બળો દ્વારા થતું હોય તે જરૂરિ છે જેથી કાળક્રમે વસ્તુની પોતાની વિકાસક્ષમતા પૂર્ણપણે પ્રગટ થઈ શકે. બાહ્યબળો દ્વારા વસ્તુમાં પરિવર્તન આવે તો તે ઉત્ક્રાંતિ કહી શકાય નહિ. ઉત્ક્રાંતિ એટલે સુષુપ્ત વિકાસ ક્ષમતાઓનું આપમેળે પ્રગટ થવુ. સુષુપ્ત વિકાસ ક્ષમતાઓ પ્રગટ થતા વસ્તુમાં સર્વાંગી ફેરફાર થવા પામે છે.

(૨) ક્રાંતિઃ- ક્રાંતિ મૂળભૂત સામાજિક પરિવર્તન તરીકે ગણવાનો આધુનિક ખ્યાલ અઢારમી સદીમાં ઉદ્ભવ્યો હતો. આજે આ શબ્દ સામાજિક જીવનના વિવિધ ક્ષેત્રોમાં મૂળગામી પરિવર્તન સુચવવા માટે વપરાય છે. સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનમાં પાયાનું પરિવર્તન સૂચવવા માટે હવે 'ક્રાંતિ કે સામાજિક ક્રાંતિ' જેવા શબ્દોનો ઉપયોગ સામાજ વિજ્ઞાનીઓ કરવા લાગ્યા છે. બ્રુમ અને સેલ્ઝનિક 'સામાજિક ક્રાંતિ' શબ્દનો અર્થ બે રીતે રજૂ કરે છે. એક વિશાળ અર્થમાં અને બીજો મર્યાદિત અર્થમાં.

વિશાળ અર્થમાં જોઈએ તો 'ક્રાંતિ' સમાજમાં કે સમાજના કોઇ પાસામાં થતું ગહન રૂપાંતર સૂચવે છે. 'ક્રાંતિ' શબ્દનો વધુ મર્યાદિત અર્થ દર્શાવતા બ્રુમ અને સેલ્ઝનિક નોંધે છે કે, 'મર્યાદિત અર્થમાં જોઇએ તો સામાજિક ક્રાંતિ એ એક સ્વરૂપનું સામૂહિક પગલું છે.'

(૩) પ્રગતિઃ-ઓગ્બર્ન અને નિમકોફના મતે પ્રગતિ એટલે વધુ સારા માટે પરિવર્તન. આ અર્થમાં પ્રગતિ મૂલ્ય નિર્ણય સૂચવે છે. એટલે કે, 'પ્રગતિ' સારુ, વધારે સારુ, સર્વોત્તમ કે ખરાબ અનુચિત જેવા મૂલ્યાંકન સૂચવે છે. લિસ્ટર વોર્ડના મતે માનવસુખની વૃદ્ધિની પ્રાપ્તી કરાવી આપતા પરિવર્તનને પ્રગતિ કહેવાય. વ્યક્તિ કે જૂથ કે સમાજની દ્રષ્ટિએ જે 'પ્રગતિ' ગણાય તે બીજી વ્યક્તિ કે જૂથ કે સમાજની દ્રષ્ટિએ અધોગતિ ગણાતું હોય તેમ પણ બની શકે છે.

(૪) વિકાસઃ- બોટોમોર લખે છે તેમ ઔદ્યોગિક સમાજો, ખેતી ઉપર નભતા અને ઓછી આવકવાળા સમાજો- એ બંને સમાજો વચ્ચેનો ભેદ બતાવવા માટે 'વિકાસ' શબ્દ પ્રચલિત થયો છે. 'વિકાસ' શબ્દ આજે ઓયોજિત અને હેતુપૂર્વકના પરિવર્તનો સૂચવવા માટે વપરાય છે.

શ્રીવાસ્તવ કહે છે તેમ 'વિકાસ' બહુલક્ષી ખ્યાલ છે, જેમાં આર્થિક, રાજકીય, વૈચારિક, સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક લાક્ષણિકતાઓ સંયુક્ત થયેલી છે. વર્તમાન સમયમાં આર્થિક, સામાજિક, રાજકીય અને નૈતિકક્ષેત્રમાં હેતુપૂર્વકના અને ઇચ્છિત દિશાના પરિવર્તનો એટલે સામાજિક વિકાસ.

**૨. અભ્યાસના હેતુઓઃ-**

૧. પ્રવર્તમાન સમયમાં ગ્રામીણ અને શહેરી જીવનનો તુલનાત્મક અભ્યાસ કરવાનો હેતુ.

૨. વ્યવસાયિક પરિવર્તનથી ગ્રામીણ અને શહેરી જીવન ઉપર થયેલ સારી અને નરસી અસર તપાસવાનો હેતુ.

૩. કયા વ્યવસાયો ગ્રામીણ વિકાસ માટે અને કયા વ્યવસાયો શહેરી વિકાસ માટે વધુ જરૂરિયાતવાળા છે તેનું તારણ શોધવાનો હેતુ.

**૩. અભ્યાસની પદ્ધતિઓ અને પ્રયુક્તિઓઃ-**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ સબંધિત ગૌણ માહિતી ગ્રંથ લયમાના પુસ્તકો, સંશોધન અને અભ્યાસ લેખો પરથી એકત્રિત કરવામાં આવી છે.

પ્રસ્તુત અભ્યાસ સબંધિત પ્રાથમિક માહિતી નિરીક્ષણ અને મુલાકાત અનુસુચિ દ્વારા એકત્રિત કરવામાં આવી છે. પ્રસ્તુત સંશોધનના અભ્યાસમાં વર્ણનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

**૪.૧ વ્યવસાયિક પરિવર્તનની ગ્રામીણ જીવન પર અસરઃ-**

૪.૧.૧ વ્યવસાયની પસંદગીમાં પરિવર્તનઃ- ગ્રામીણ સમુદાયમાં બ્રિટીશકાળ દરમ્યાન વ્યવસાયની પસંદગીમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. ઔદ્યોગીકરણની પ્રક્રિયાને લીધે ઉદ્યોગોના વિકાસ સાથે હસ્ત ઉદ્યોગ અને હસ્તકલા કૌશલ્ય સાથે સંકળાયેલા વ્યવસાયો પડી ભાંગ્યા. પરંપરાગત વ્યવસાય સાથે સંકળાયેલા લોકો મોટા પ્રમાણમાં બેરોજગાર બન્યા અને તેઓએ શહેરો તરફ સ્થળાંતર કર્યુ. સાથોસાથ શિક્ષણના પ્રસારને લીધે પરંપરાગત વ્યવસાયો તરફ સૂગ પણ ઉદ્ભવી અને લોકો નવા વ્યવસાય કરવા લાગ્યા. ખેતી પર વસ્તીનું ભારણ વધતા વધારાના લોકોને અન્ય વ્યવસાય તરફ જવું ફરજિયાત બન્યુ.

ઉપરોક્ત પરિબળોએ ભારતીય ગ્રામીણ સમુદાયમાં વ્યવસાયિક પસંદગીમાં પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આથી બ્રિટીશ શાસનકાળ દરમ્યાન જ ગ્રામીણ સમુદાયમાં વ્યવસાયિક પરિવર્તનની શરૂઆત થઇ ચૂકી હતી.

૪.૧.૨ **આર્થિક પરિબળઃ**- ગ્રામીણ સમુદાયમાં પરંપરાગત અને જ્ઞાતિ આધારિત જજમાની પ્રથા અસ્તિત્વ ધરાવતી હતી. ગામનો પ્રત્યેક પરિવાર જજમાની પ્રથા અંતર્ગત યજમાન-પરજન તરીકેનો પરસ્પર સંબંધ ધરાવતી

હતી અને પોતાના ઉત્પાદન અને સેવાઓનું પરસ્પર આદાન-પ્રદાન કરતાં હતા. આધુનિકીકરણની પ્રક્રિયા અંતર્ગત બજાર વ્યવસ્થા વિકસતા નાણાંના વિનિમયનું પ્રચલન શરૂ થયું. પરિણામે આ જજમાની પ્રથા પડી ભાંગી અને વધારે નાણાં રડવા માટે ઉત્પાદક પોતાના ઉત્પાદનો સારામાં સારો બજારભાવ મળે તે માટે પ્રયત્ન કરવા લાગ્યા અને સેવાનું પણ નાણાંકીય મૂલ્ય આંકવામાં આવવા લાગ્યું.

આ ઉપરાંત વધારે આર્થિક ફાયદો આપતા વ્યવસાયો સ્વીકારવા તરફ લોકો આકર્ષાયા અને પરંપરાગત વ્યવસાયોને તીલાંજલી આપવા લાગ્યા. આમ, નાણાનાં પ્રચલને વ્યવસાયિક પરિવર્તનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

૪.૧.૩ **શિક્ષણ અને વ્યવસાયિક પરિવર્તનઃ**- અંગ્રેજી શિક્ષણની શરૂઆતના લીધે ગ્રામીણ સમુદાયમાં શિક્ષણથી વંચિત લોકોમાં શિક્ષણ પ્રાપ્ત કરવાની ભૂખ જાગૃત થઇ. આથી ગ્રામીણ સમુદાયમાં એક એવી પેઢી આવી કે જેમણે શિક્ષણ પ્રાપ્ત કરેલું હતુ. આવા શિક્ષિત લોકો પરંપરાગત વ્યવસાયો તરફ સૂગ ધરાવતા હતા તેમજ ગામમાંથી બહાર નીકળી નોકરી અથવા નવા વ્યવસાયો કરવા તરફ આકર્ષિત થયા. એક આખો વર્ગ એવો ઊભો થયો કે જેણે શિક્ષણના પરિણામે ગ્રામીણ સમુદાયમાં વ્યવસાયિક પરિવર્તન લાવી પોતાના સામાજિક જીવનમાં પરિવર્તન આણ્યું છે. કિલનાર્ડ કહે છે કે, 'શિક્ષણ એક એવું સાધન છે જે વ્યક્તિ અને સમાજને સમૂળગો બદલી શકે છે.'

૪.૧.૪ **ઔદ્યોગિક ક્રાંતિ અને પરિવર્તનઃ**- ઇંગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિ પછી સમગ્ર વિશ્વ પરિવર્તન પામ્યું છે. ભારતીય ગ્રામીણ સમુદાય પણ તેનાથી પર રહ્યો નથી. ભારતીય કૃષિ ક્ષેત્રે પણ ઔદ્યોગિક ક્રાંતિની અસરો દેખાય છે. ગ્રામીણ સમુદાયમાં તકનીકી વિકાસને લીધે માનવજીવનના તમામ ક્ષેત્રે પરિવર્તન અનુભવી શકાય છે. ખેતીક્ષેત્રે યાંત્રિક સાધનોના આવવાથી માનવશ્રમની જરૂરિઆત ઘટવા લાગી છે. એલ.કે. વિદ્યાર્થીના કહેવા પ્રમાણે 'કૃષિએ પારિવારીક વ્યવસાય હતો. આથી કુટુંબનું મોટું કદ વ્યવસાય માટે આશીર્વાદરૂપ છે.' પરંતુ આ પરિસ્થિતિ વર્તમાન સમયમાં કૃષિ પર વસ્તીના ભારણરૂપ છે. આથી વધારાના લોકોએ અન્ય વ્યવસાયો સ્વીકારવા પડ્યા છે. ભારતીય કૃષિનું ટૂકડાઓમાં થતું વિભાજન આર્થિક રીતે બીન-ઉત્પાદક અને બોજારૂપ બન્યું છે. આથી ગ્રામીણ સમુદાયમાં કુટુંબનો એક વ્યક્તિ કૃષિ સંભાળે અને બાકીના સભ્યો અન્ય વ્યવસાયો તરફ દોરવાય છે. આ ઉપરાંત કૃષિમાં સ્ત્રીની ભૂમિકા મહત્ત્વની હતી. સ્ત્રીઓએ ઘરકામ સાથે સાથે કૃષિના કાર્યમાં પણ મદદરૂપ થવું પડતું હતુ, પરંતુ ઘરકામ માટે પણ તકનીકી વિકાસને લીધે વિવિધ સાધનો ઉપલબ્ધ થવાથી સ્ત્રી પરનું કાર્યનું જે ભારણ હતુ તે દિવસે દિવસે ઘટવા લાગ્યું છે અને સ્ત્રીઓ પણ નવરાશની પળોના સ્વસહાયજૂથની મદદથી નવા વ્યવસાયિક કાર્યો તરફ દોરવાઇ છે.

સમૂહ પ્રત્યાયનના માધ્યમો દ્વારા માહિતીનું આદાન-પ્રદાન વધ્યું છે. ગામડાનો માણસ વિશ્વ સમુદાયથી પરિચિત થવા લાગ્યો છે. આથી પોતાની ભાવિ પેઢીને નવી દિશા તરફ દોરવા માટે પ્રયત્ન કરે છે તેમજ ગ્રામીણ ક્ષેત્રે નવા નવા સાધનો વસાવીને તેનો ઉપભોગ કરતા થયા છે. પરિણામે ગ્રામીણ જીવનશૈલીમાં પરિવર્તન આવેલું જોવા મળે છે.

૪.૧.૫. **વ્યવસાયિક પરિવર્તનની સામાજિક જીવન પર અસરઃ**- ગ્રામીણ સમુદાયમાં ઉપરોક્ત વ્યવસાયિક પરિવર્તનને લીધે સમાજજીવન પર બહુ મોટી અસર થયેલી જોવા મળે છે. સ્થળાંતરની પ્રક્રિયા હતી તે જ બની છે. પરિણામે ગામડાઓ ખાલી થવા લાગ્યા છે અને શહેરો વસ્તીથી ઉભરાવા લાગ્યા છે. પરંપરાગત જ્ઞાતિગત વ્યવસાય સાથે સંકળાયેલી જ્ઞાતિઓ પોતાના સામાજિક દરજ્જામાં બદલાવ લાવવા માટે પરંપરાગત વ્યવસાયો ત્યજવા લાગ્યા છે. પરિણામે ગ્રામીણ સમુદાયમાં આવા વ્યવસાયિકોની અછત ઊભી થવા લાગી છે. ગ્રામીણ લોકોએ આવા કાર્યો માટે આસપાસના નગર સમુદાય પર આધારિત રહેવું પડે છે.

જજમાની પ્રથાને લીધે ગ્રામીણ સમાજમાં જે સંગઠિતતા ઊભી થતી હતી તેને બદલે જ્ઞાતિવાદ ઊભો થયો છે. આર્થિક સ્પર્ધાએ અને સ્થાનિક કક્ષાએ પ્રભાવીતા પ્રાપ્ત કરવા માટેની સ્પર્ધાએ ગ્રામીણ સમુદાયમાં સામાજિક એકતામાં ભંગાણ ઊભું કર્યું છે. આ ઉપરાંત લોકશાહી વ્યવસ્થા અને પાંચ વર્ષે યોજાતી ચૂંટણીઓએ ગ્રામીણ સંઘર્ષમાં વધારો કર્યો છે. શહેરીકરણની પ્રક્રિયા ગામડાઓ સુધી પહોંચી છે અને ગ્રામીણ લોકો ગ્રામીણ કક્ષાએ આધુનિક શહેરીજીવન

જીવતા થયા છે. ગ્રામીણ લોકોનો પહેરવેશ, ખાન-પાન અને સામાજિક મૂલ્યો આધુનિકતા પામ્યા છે.

**૪.૨ વ્યવસાયિક પરિવર્તનની શહેરીજીવન પર અસરઃ-**

૪.૨.૧ **વ્યવસાયની પસંદગીમાં પરિવર્તનઃ**- શહેરી સમુદાયમાં શિક્ષણનો વ્યાપ વધતા ટેક્નોલોજીનો વિકાસ થવાથી વ્યવસાયોમાં પરિવર્તન અને અનેક નવા વ્યવસાયો ઉદ્ભવ્યા છે. તેથી શહેરમાં વ્યક્તિને વ્યવસાયની પસંદગી કરવાની તક વધી છે. શહેરમાં જીવન જરૂરિઆત ઉપરાંત ભૌતિક વસ્તુઓની આવશ્યકતા વધી હોવાથી શહેરમાં વ્યક્તિને વધુ આર્થિક ઉપાર્જન કરવાની જરૂરિઆત ઊભી થાય છે. શિક્ષિત વ્યક્તિઓને વધુ સારી નોકરી મળે છે. વધુ પગાર આપનાર કંપનીમાં વ્યક્તિ નોકરીની પસંદગી કરે છે તેનાથી વધુ પગાર આપનાર કંપની મળે તો તે પહેલાની નોકરી છોડી નવી નોકરી સ્વીકારે છે. વેપાર-ધંધામાં પણ વધુ ફાયદો મળતો હોય તેવો વેપાર કરવાનું વ્યક્તિ વધુ પસંદ કરતા હોય છે. શહેરમાં નવા ઉદ્ભવેલ વ્યવસાયો તરફ લોકોનું આકર્ષણ વધ્યુ છે. શહેરમાં ગામડાની સરખામણીમાં કોઇપણ વ્યક્તિ કોઇપણ વ્યવસાય અપનાવવામાં નાનમ અને જ્ઞાતિગત ક્ષોભ અનુભવતો નથી. શહેરોમાં અનેક નવા વ્યવસાયો વિકસ્યા તેથી શહેરોમાં વ્યક્તિઓને આર્થિક ઉપાર્જન કરવામાં વ્યવસાયોની વિવિધતા સાંપડી છે.

ઉપરોક્ત પરિબળોએ ભારતીય શહેરી સમુદાયમાં વ્યવસાયિક પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

૪.૨.૨ **આર્થિક પરિબળઃ**- શહેરીકરણએ ઔદ્યોગીકરણની દેન છે. ઔદ્યોગીકરણથી શહેરોમાં નવા-નવા વ્યવસાયો વિકસ્યા અને જૂના વ્યવસાયોમાં ખૂબ મોટા પાયે પરિવર્તન આવેલું જોવા મળે છે. શહેરોમાં વધુ આર્થિક ઉપાર્જન કરી જીવનધોરણ ઊંચુ લાવવા માટે વ્યક્તિઓ વિવિધ વ્યવસાયો કરવા લાગ્યા છે. શહેરોમાં મોટા ભાગે કુટુંબના બધા જ સભ્યો આર્થિક ઉપાર્જન કરવા માટે જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા હોય છે. ઘરની આર્થિક સ્થિતિ સુધારવા માટે શહેરોમાં સ્ત્રીઓ પણ વિવિધ વ્યવસાયોમાં રોકાયેલી જોવા મળે છે.

ગ્રામીણ સમુદાયમાં વ્યવસાય એક કુટુંબનો સંયુક્ત હોય છે જ્યારે શહેરીજીવનમાં વ્યવસાય અને આવક બંન્ને વ્યક્તિગત હોય છે. આથી એક જ કુટુંબમાં ઘણીવાર વધુ આવક ધરાવતા અને ઓછી આવક ધરાવતા વ્યક્તિઓ સાથે રહેતા જોવા મળે છે. ખર્ચ, બચત અને દેવુ પણ વ્યક્તિગત હોય છે અને તે બાબતમાં વ્યક્તિ વ્યક્તિ સ્વાતંત્ર્ય ભોગવે છે.

શહેરોમાં પણ વધુ આર્થિક ફાયદો આપતા વ્યવસાયો સ્વીકારવા તરફ લોકો આકર્ષાયા. આમ, આર્થિક પરિબળે વ્યવસાયિક પરિવર્તનમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

૪.૨.૩ **શિક્ષણ અને વ્યવસાયિક પરિવર્તનઃ**- ભારતમાં સ્વતંત્રતા પછી કાયદાકીય જોગવાઇ અને સામાજિક સંસ્થાઓ દ્વારા સાક્ષરતા અભિયાન તેમજ સ્ત્રી શિક્ષણની હિમાયતને લીધે શિક્ષણનું પ્રમાણ વધ્યુ. શિક્ષણ વ્યક્તિ સ્વાતંત્ર્યનો ખ્યાલ જન્માવે છે. શિક્ષણ પરંપરાગત વ્યવસાયોને બદલે નવા વ્યવસાયો સ્વીકારવાની યોગ્યતા કેળવે છે. પરિણામે શિક્ષણ અને તાલીમ આધુનિક સમયની જરૂરિયાત બની ગયા છે. શહેરોમાં શિક્ષણ દ્વારા ટેક્નોલોજીનો વિકાસ થયો અને નવી-નવી શોધો થવા લાગી. શિક્ષણ દ્વારા ઔદ્યોગિક વિકાસ થવા લાગ્યા અને જૂના પરંપરાગત વ્યવસાયોમાં પરિવર્તન આવેલુ જોવા મળે છે.

આમ, શિક્ષણ દ્વારા વ્યવસાયિક ગતિશીલતા થકી વ્યવસાયિક પરિવર્તન આવેલું જોવા મળે છે જેના લીધે તેમના સામાજિક જીવનમાં પણ પરિવર્તન નીપજયું છે.

૪.૨.૪ **ઔદ્યોગિકક્રાંતિ અને પરિવર્તનઃ**- ઇંગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિનું મોજુ સમગ્ર વિશ્વ પર ફળી વળ્યું છે. ભારત દેશ તેમાંથી બાકાત રહી શક્યો નથી. ભારતીય શહેર સમુદાય પર ઔદ્યોગિક ક્રાંતિની ખૂબ મોટી અસર થયેલી જોઇ શકાય છે. ઔદ્યોગિક ક્રાંતિ થકી શહેરોમાં અનેક નવા વ્યવસાયો ઉદ્ભવ્યા અને જૂના વ્યવસાયોમાં મોટા પાયે પરિવર્તન આવેલું જોઇ શકાય છે. ઔદ્યોગિક ક્રાંતિથી તકનીકી વિકાસને લીધે માનવજીવનના સમગ્ર પાસાઓમાં પરિવર્તન આવેલું જોઇ શકાય છે. પહેલા જે કામ માણસો કરતા હતા તે કામ આજે યંત્રો દ્વારા ખૂબ ઝડપથી અને સરળતાથી થવા લાગ્યું છે. શહેરોમાં ઔદ્યોગિક ક્રાંતિની અસર વધુ જોવા મળે છે. શહેરોમાં ઔદ્યોગિક વિકાસ થકી રોજગારીની તકો વધુ હોવાથી વિવિધ વ્યવસાયોમાં રોજગારી મેળવા ગામડાના લોકોનું શહેર તરફ પ્રયાણ

વેગવંતુ બનેલુ જોવા મળે છે. ઔદ્યોગિક ક્રાંતિથી શહેરોમાં નોકરીયાત વર્ગ ઉદ્ભવ્યો. ઔદ્યોગીકીકરણથી યંત્રો દ્વારા વસ્તુઓનું ઉત્પાદન ખૂબ ઝડપી બન્યું છે. બજારમાં નવી-નવી ભૌતિક વસ્તુઓ આવવા લાગી છે. શહેરમાં મોટાભાગના વ્યક્તિઓના ઘરમાં આધુનિક સાધનો અને રાચ-રચીલું જોવા મળે છે. ઔદ્યોગિક ક્રાંતિથી નવી શોધાયેલી વસ્તુઓના ઉત્પાદન થકી સ્ત્રીઓના ઘરકામમાં ખૂબ જ સરળતા થયેલી જોવા મળે છે.

આમ, ઔદ્યોગિકક્રાંતિ થકી શહેરી જીવનમાં પણ આમૂલ પરિવર્તન આવેલું જોવા મળે છે.

૪.૨.૫ **વ્યવસાયિક પરિવર્તનની સામાજિક જીવન પર અસરઃ-** શહેરોમાં પ્રવર્તમાનસમયમાં ગમે તે વ્યક્તિ મનગમતો વ્યવસાય કરી શકે છે. આજે વ્યવસાયિક પરિવર્તનને કારણે વ્યક્તિ જ્ઞાતિ, જાતિ અને ધર્મના ભેદભાવ વિના તેના સંપર્કમાં આવતા લોકો સાથે સંબંધો બાંધવા લાગ્યા છે. તેથી વ્યક્તિ આજે 'કૂવામાંનો દેડકો' ના રહેતા 'સાગરમાંનો કાચબો' બની ગયો છે. વ્યવસાયિક પરિવર્તનને લીધે આજે જ્ઞાતિ બંધનો હળવા થયેલા જોવા મળે છે. અન્ય જ્ઞાતિના લોકો સાથે મિત્રતાસભર સબંધો બાંધતો થયો છે. શહેરમાં વ્યક્તિ આજે વ્યવસાયિક કાર્યમાં ખૂબ ગળાડૂબ થયેલો સમાજ અને પોતાના કુટુંબને પૂરતો સમય આપી શકતો નથી. યુવક-યવુતીઓ જૂના બંધનો, રૂઢિઓ તોડવાની ઇચ્છા ધરાવતા થયા છે. વડીલવર્ગમાં જોહુકમીને બદલે સમાધાનવૃત્તિ વધી છે. સંતાનો અને સ્ત્રીઓ તરફ ઉદારતાનું વલણ વધ્યુ છે. પુત્રવધૂ પરનો સાસુનો સીતમ ઓછો થયો છે. શિક્ષિત સભ્યોનું માન વધ્યુ છે. મનપસંદ સાથી મેળવવા માટે વ્યક્તિ પોતાની પસંદગી દ્વારા લગ્ન કરવા લાગ્યો છે. લગ્ન માટે પહેલા નિર્ણાયક પરિબળ કુટુંબ હતું તેનું સ્થાન વ્યક્તિએ લીધુ છે. પ્રવર્તમાનસમયમાં વ્યક્તિ નવા વિચારો, ફેશન, પોષાક અને રીતભાત અપનાવવા લાગ્યા છે.

વ્યવસાયિક પરિવર્તને આજે સ્ત્રીઓનો દરજ્જો ઊંચો લાવવામાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે. આજે સ્ત્રીઓ પણ જુદા-જુદા વ્યવસાયમાં જોડાઇ પોતાના પરિવારની આર્થિક સ્થિતિ ઊંચી લાવવામાં સિંહફાળો આપતી જાય છે. પ્રવર્તમાનસમયમાં કુટુંબમાં કોઇપણ નિર્ણય લેતા પહેલા સ્ત્રીઓના મતને ધ્યાને લેવામાં આવે છે. એટલું જ નહિ પણ ઘણી-ખરી સંપત્તિ સ્ત્રીઓના નામે રાખવામાં આવે છે. આજે પતિ-પત્નિના સબંધો મિત્રતાસભર થયા છે. મોટા ભાગના પતિ ઘરકામમાં પોતાની પત્નિને મદદ કરતા થયા છે. વ્યવસાયિક પરિવર્તનથી આજે સમાજમાં ધંધા-વ્યવસાયો જન્મથી નહિ, પણ કાર્યસિદ્ધિ અને પ્રાપ્ત કરેલ ગુણવત્તા ઉપરથી નક્કી થવાનું વલણ શરૂ થયું છે તેથી વિવિધ વ્યવસાયોમાં આજે વ્યક્તિ કે સમૂહને ખાસ તાલીમ અને શિક્ષણ આપી કુશળ બનાવવામાં આવે છે. જેના લીધે આજે સમાજમાં કુશળ (Skilled) વ્યક્તિઓની સંખ્યામાં વૃદ્ધિ થયેલી દેખાય છે.

નફો કમાવો અને પોતાના જ પ્રયત્નોને આધારે ઊંચા વેતન મેળવવા કે મૂડી રોકાણો કે લાયકાતો દ્વારા સદ્ધર થવાનું મહત્ત્વ વધતું જાય છે. આ બધા વલણોમાંથી વ્યક્તિવાદની ભાવના જન્મી છે. આમ, નવા વ્યવસાયો સાથે વ્યક્તિની એક સ્પષ્ટ ઘટક તરીકેની પ્રતિભા ધીરે-ધીરે ઉપસતી જાય છે. તેની અસર સમાજ પર થવા લાગી છે. આજે સંયુક્ત કુટુંબનું સ્થાન વિભક્ત કુટુંબ લેવા લાગ્યું છે. નવા-નવા વ્યવસાયો વિકસ્યા અને વ્યવસાયોમાં પરિવર્તન આવ્યું. તેની પાછળ મનુષ્યની જિજ્ઞાસાવૃત્તિ અને વિચારશક્તિના દર્શન થાય છે.

પ્રવર્તમાન સમયમાં ઘરમાં રાચ-રચીલું, ટી.વી., ફ્રીજ, સોફાસેટ, મોબાઇલ જેવી સુવિધાઓ જોવા મળે છે. આજે સાદા ભોજનનું સ્થાન ધીમે ધીમે ચટાકેદાર અને ફાસ્ટફુડે લેવા લાગ્યુ છે. મોટાભાગના કુટુંબો આજે વર્ષમાં બે-ત્રણ વાર જોવાલાયક સ્થળોએ ફરવા જતા હોય છે. આજે બર્થડે પાર્ટી, લગ્નની તારીખ, સગાઇ, લગ્ન જેવા પ્રસંગોએ ખૂબ ખર્ચો કરી ધામધૂમથી ઉજવતા રહ્યા છે. પ્રવર્તમાન સમયમાં વ્યક્તિનું સ્ટેટસ તેની આર્થિક સ્થિતિ ઉપર આધાર રાખે છે.

આમ, વ્યવસાયિક પરિવર્તનથી સામાજિક ધોરણો, ધ્યેયો, સાંસ્કૃતિક મૂલ્યો અને સામાજિક ભૂમિકામાં આમૂલ પરિવર્તન આવેલું જોઇ શકાય છે.

**૫. સારાંશઃ-**

વ્યવસાયિક પરિવર્તન થકી પ્રવર્તમાનસમયમાં વ્યક્તિને મનગમતો વ્યવસાય કરવાની છૂટ મળી. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે જેના લીધે લોકજીવનમાંથી અંધશ્રદ્ધા, કુરિવાજો, જૂની પ્રથાઓ લુપ્ત થવા લાગી છે. વ્યક્તિ સ્વાતંત્ર્યની હિમાયતે ભારતીય સામાજ ઉપર ભારે અસર કરી છે. માનવતાવાદ, સમાનતાવાદ અને વ્યક્તિવાદે

માવવજીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. પરંપરાગત સમાજનું એકમ કુટુંબ હતું. તેનું સ્થાન વ્યક્તિએ લીધું છે. જ્ઞાતિના બંધનો હળવા થયા છે. વ્યવસાયિક પરિવર્તને આજે ગામડા અને શહેર વચ્ચેનું અંતર ઘટાડી દીધું છે. વ્યવસાયિક પરિવર્તનથી ગ્રામીણ અને શહેરી લોકોનું જીવનધોરણ ઊંચુ આવેલું જોવા મળે છે.

**૬. સંદર્ભ સૂચિઃ-**


૧. પ્રા. શાહ એ. જી., પ્રા. દવે જગદીશ કે. (૧૯૯૩), ગ્રામીણ સમાજશાસ્ત્ર, અમદાવાદ, અનડા પ્રકાશન.

૨. ડૉ. દોશી હરીશ (૧૯૮૯), નગર સમાજશાસ્ત્ર, અમદાવાદ, ગુજરાત ગ્રંથ નિર્માણ બોર્ડ.

૩. ડૉ. લવાનિયા એમ. એમ., જૈન શશી કે. (૨૦૦૬), ગ્રામીણ સમાજશાસ્ત્ર, જયપુર, રિર્સચ પબ્લીકેશન.



પી.એચ.ડી, રીસર્ચ સ્કોલર સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ,
મો. ૮૪૮૭૯૭૬૯૬૬


**ટી.વી. પટેલ હાયર સેકન્ડરીને મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર તરીકે ફાળવણી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી વલ્લભ વિદ્યાનગર ખાતે માર્ચ-૨૦૨૦માં યોજાએલી બોર્ડની જાહેર પરીક્ષાની ઉત્તરવહી ચકાસણી માટેનું મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે જે માટે બોર્ડની સૂચના મુજબ આણંદ જિલ્લામાંથી અને અન્ય નજીકના જિલ્લાના શિક્ષકો વિદ્યાર્થીઓના ભવિષ્યની સૌથી અગત્યની ગણાતી જાહેર પરીક્ષાની ઉત્તરવહી તપાસવા આવ્યા છે. હાલમાં વૈશ્વિક પ્રસરેલી મહામારી ''કોવીડ-૧૯'' કોરોના વાયરસના સંક્રમણના જોખમ વચ્ચે જેમ મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફ, સુરક્ષાકર્મીઓ, સ્વચ્છતાના સેવકો, આવશ્યક સેવાઓના કર્મચારીઓ ફરજ બજાવે છે તેમ શિક્ષકો પણ પોતાની ફરજનિષ્ઠા અને કર્તવ્યપાલન માટે વિદ્યાર્થીઓના ભવિષ્યને કેન્દ્રમાં રાખી ઉપસ્થિત થયા છે. શિક્ષકો, વહીવટી સ્ટાફ, સેવક ભાઈઓ, પોલીસના સુરક્ષા જવાનોને કોવીડ-૧૯ વાઈરસના સંક્રમણથી બચાવવા વલ્લભ વિદ્યાનગર તથા આણંદ નગરપાલિકાના સહયોગથી શાળાના સમગ્ર કેમ્પસ અને વર્ગખંડોને સેનીટાઇઝ કરવામાં આવ્યા હતા. જે.સી.આઈ.વલ્લભવિદ્યાનગરના પ્રમુખ જેસી નિશીથ સુથાર અને ટીમના સહયોગથી ''શ્રી'' ક્લીનીકના ડો. પ્રશાંત ગજ્જરે ઉપસ્થિત રહી તમામને થર્મલ ગનથી ટેમ્પરેચર માપી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું, પરમવીર ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી સૌને માસ્ક આપવામાં આવ્યા, વલ્લભ વિદ્યાનગર દૂધ મંડળીના શ્રી મુકેશ પંચાલ તરફથી સૌ કર્મચારીઓને દરરોજ કામગીરી શરુ કરતાં પહેલા સેનેટાઈઝ થવા વલ્લભ વિદ્યાનગર દૂધ મંડળી ખાતે એક ટનલ બનાવવામાં આવી છે જેમાંથી પસાર થવાથી શિક્ષકો જે સંક્રમણ ઝોનના સ્થળેથી પણ આવ્યા હશે તેમને પણ સંક્રમણનો ડર રહેશે નહિ, શ્રી સાંઈબાબા જનસેવા ટ્રસ્ટ-આણંદ તરફથી સ્વચ્છતા અને સુરક્ષાકર્મીઓને દરરોજ ભોજન આપવામાં આવે છે, જયારે સ્ટોનગ્રુપ તરફથી આર્યુવેદિક ઉકાળો આપવામાં આવ્યો હતો. શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથારે સૌને વિશ્વાસ અપાવ્યો હતો કે આપની સુરક્ષાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. અને આવા ઉમદા કાર્ય બદલ સૌ સેવાભાવી સંસ્થાઓ અને કાર્યકરોનો આભાર માનું છું.

---

**રક્તદાન મહાદાન**

વર્તમાન પરિસ્થિતિમાં કોરોના મહામારીને કારણે થેલેસેમીયા ગ્રસ્ત બાળકો તેમજ હૉસ્પિટલોમાં લોહીની જરૂરતમંદ દર્દીઓ માટે રક્ત યુનિટની અછત વર્તાઇ રહી છે ત્યારે ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય (બી.જે.વી.એમ.કોમર્સ કોલેજ) વલ્લભ વિદ્યાનગરના રાષ્ટ્રીય સેવા યોજના (ગજ્જ) વિભાગ દ્વારા રક્તદાન શિબિરનો પ્રારંભ કરી માનવસેવા, સમાજસેવા અને રાષ્ટ્રસેવામાં ઉમદા યોગદાન આપનાર એન.એસ.એસ.ના સ્વયંસેવકો, પ્રોગ્રામ ઓફિસર ડો.પરેશકુમાર મોરધરા, ફેકલ્ટી ગણ અને સ્થાનિક નગરજનો.

## કવિતાઃ ઝાકળની ખેતી!

રમેશ પટેલ

વેદનાના સરવરમાં તરવાનો આનંદ એટલે કવિતા. સતત સતત શબ્દોથી ઉઝડાવું કવિતા છે. શ્વેત કાગળના આંગણમાં 'કલરવ' કરતું પંખી છેઃ કવિતા.

હાલના એક બુંદમાં મહાસાગર થઈ ઘુઘવવું કવિતા છે. ભાષાની મ્હેક્તી કવિતા ક્યારીમાં મઘમઘતા ફૂલો છેઃ કવિતા એ લયાન્વિત દિવ્ય વાણીની ભેટ છે. આનંદમય ક્ષણોની વિસ્મયકારક રંગોલી છે. વિવિધ યાદગાર શબ્દોનું નિસ્મંદિત સ્વરૂપ છે! એ રહસ્યમય પ્રજ્ઞા પદાર્થ છે. કવિતા એટલે રોમાંચ ને આનંદ આપનારું તત્ત્વ.

કવિની ભીતરનું મોંઘેરું રસાયણ છે. સંવેદનાના પ્રાચીનો ઝળહળતો સૂરજ છે. સંવેદનાના વૃક્ષને સદાય લીલેરું રાખે છે. ભીતર તરફની અનંત યાત્રા છેઃ કવિતા!

કવિતા આપણી વ્યથા, પીડા, સુખ, દુઃખ, દર્દ, વેદના, આનંદ, શોક... એવી ઋજલ લાગણીઓનો કાર્ડિયોગ્રામ છે. કવિતા નોળવેલ છે તે સંજીવની છે- તે પારસમણિ છે!

કવિતા ભીતરનો બોજ હળવો કરે છે. જીવનને હળવું ફૂલ બનાવે છે. તે આયાસ નથી- અનાયાસ છે- ઈશ્વરદત્ત છે!

કવિતા ઝરણું છે, નદી છે, સમુદ્ર છે. તે આકાશ છે- પાતાળ છે. તે જીવન મંત્ર છે. તે મંદિર : લીલુછમ ઘાસ, વૃક્ષની ડાળે ડાળે ફૂટતૂ નવી કૂંપળ છે. તે પર્વતો પર પથરાતો ધવલ બરફ છે તે પર્વતની ટોંચે મહકતું પંખી છે. તે શિશુની આંખનું વિસ્મય છે. તે ફૂલો ઉપર ઊડતાં રંગીન પતંગિયાંઓ છે! ફૂલોની પંચ-પંખુડી એ મ્હેકતી કવિતા છે.

કવિતા એકલતાના વાંસવનની વાંસળીનો સૂર છે. શૂન્યમાંથી સર્જેલ સૃષ્ટિનો વિસ્તાર છે. તે અગ્નિની જ્વાળા છે અને ઠંડો વાતો પવન છે. તે વાંસ છે અને વાંસની ફાંસની ચીસ પણ છે! જે શબ્દમાં પ્રખર ઊર્જા-તેજ હોય તે કવિતાનો જ શબ્દ હોય શકે! કવિતા ઘેઘૂર વનનાં ખૂણે પડેલો તડકો છે. તે બિંબ છે- તે પ્રતિબિંબ છે. તે ભાવ છે તે અભાવ છે! તે યાદ છે અને ફરિયાદ પણ છે. તે બાળકનું રૂદન છે અને હાસ્ય છે. કવિતા દૂરના સૂર સૂણતી કવિની આંખ છે! તે સંગીત છે- તે જલસો છે. તે અનુભૂતિની ભૂગોળ છે- ભૂષિતિ છે!

કવિતા કલ્પના વૃક્ષ ડાળે થતો ટહુકો છે. તે કૃતિ છે- આકૃતિ છે!તે પરંપરિત વારસો છે. તે કલા છે. સંસ્કૃતિ છે! કવિતાના શબ્દે- શબ્દે ઈશ્વર દર્શન છે. તે ચૈતન્યનો ઉજાસ છે. તે ચિનગારી પણ છે. તે વિષાદનો વિસામો છે. તે એકલતાની પીડાનો મહોત્સવ છે!

કવિતા ભરબપોરે વરસતું ગ્રાષ્મનું વાદળ છે. તે સવારના સૂર્યકિરણે લખેલો. ઝાકળભીનો પત્ર છે! કવિતા સૂરજનું સરનામું છે. તેનો સત્સંગ માનવમનને નિર્મળ બનાવે છે. તે રાધાનો પ્રેમ અને કૃષ્ણનો નિર્દોષ સ્નેહ છે! તે તરંગ છે. મોજો છે. તે રણ છે મૃગજળ છે. રણની રેતીમાં પળને લખેલી સમુદ્રની આત્મકથા છે!

કવિતા ભૂરા ભૂરા આકાશમાં પંખી બની ઊડવું તે. કવિતા અંધારામાં ઉજાસ ફેલાવે છે, તે ખ...ર...તા તારાનો ઝળહળતો લિસોટો છે! તે તરસ છે. તે પરબ પણ છે. તે કંટકોની ભીડમાં હસતું ગુલાબ છે! તે માટી છે. ધૂળની રજકણ... છે. તે ફૂલ છે, પરાગરજ પણ છે! તે સત્યનું સૌંદર્ય છે! તે શબ્દથી શબ્દ સુધીનો અંગત પ્રવાસ છે. તે આત્માની અખર વાણી છે.

કવિતા જીવનબારીએ બેઠેલી ચકલી છે. તે ઝાડ ઉપર ચઢ-ઉતર કરતી ખિસકોલી છે. તે સત્યમ્, શિવમ્, સુંદરમ્નો ત્રિવેણી સંગંમ છે. તે આધિ-વ્યાધિ અને સમાધિ છે. તે પાનખરમાં થતો ટહુકો છે. તે ફૂલોનો 'ઘંટારવ' છે. તે પાંખ વિના નડતો વિચાર છે. તે દરિયા ભીતરનું અમૂલ્ય મોતી છે!

કવિતા કાગડાની પાંખ ઉપર બેઠેલો ચળકતો અંધકાર છે. કવિતા શબ્દ ઘન શબ્દ છે. તે પારદર્શી અને આત્મદર્શી છે! ઝાકળભીના અક્ષેરો તે કવિતા.

ગુલમહોરની ડાળે સૂરજ બની રતાશ પડતું હાસ્ય વેરે તે કવિતા! કવિતા એટલે આત્માનો અવાજ. આત્માનો પડઘો છેઃ કવિતા! બત્રીસ કોઠે દીવાનું અજવાળું તે કવિતા, મૌન પણ ગાઈ ઊઠે તે કવિતા.

કવિતા નિજત્વનું સત્ય. કવિતા મન-મંદિરમાં વિરાજમાન શબ્દ-મૂર્તિ, કવિતા કર્ણધન્ય અને હૃદયપ્લાવિત કરે છે એમ એકએ. કહેલું છે. પારલૌકિક આનંદની અદ્ભુત ક્ષણ તે કવિતા! વેદનાના શિલ્પમાંથી કોતરાયેલ.

સંવેદનાનું શિલ્પ તે કવિતા. કવિના શબ્દ-હૃદયનો ધબકાર છે. પ્રસન્નતાનું પ્રસન્ન મ્હેકતું ફૂલ તે કવિતા!

જીવનના આંગણામાં શ્રદ્ધા અને વિશ્વાસની રંગોલી. કવિતા નિરાશામાં આશાનું કિરણ, કવિતા છેઃ શોકમાંથી શ્લોકનું અવતરણ! કવિતા મારી મૌન સાધનાનું સુફળ.

કવિતા ધોધમાર વરસતો આનંદ! કવિતા શબ્દાતીત અર્થઘટન છે, કોમળતાનો પર્યાય છે કવિતા. કવિતાના શબ્દમાં આકાશની વિશાળતા હોય છે! કવિતા છે સાંજનો ઠંડો પવન. નાના બાળનું દાંતવિહીન હાસ્ય તે કવિતા. કવિને અડપલું કરી જતી કલ્પન-ક્ષણ! કવિ હૃદયમાં વિશ્વ માટેની કરૂણતા.

કવિતા વ્યંજનાનું સરળ વ્યાકરણ. આકાશ પાછળનું અલૌકિક આકાશ તે કવિતા! શબ્દ-તેજ કવિતા છે. તે સરસ્વતીની કૃપા છે. કવિતા છેઃ ઝાકળની ખેતી! અસ્તુ!

પ્રાંજલ, ૩૦, આનંદ વાટિકા, સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સૂરત-૩૯૫૦૦૯ મો. ૯૮૨૫૧૦૦૨૫૫

॥ વિદ્યાવૃત્ત ॥

## એમ. એસ. યુનિવર્સિટી ખાતે આયોજિત એનઆઈસીમાં એનવિપાસ કોલેજના વિદ્યાર્થીનો ઉત્કૃષ્ટ દેખાવ

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા ખાતે ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગાંધીનગર અને સ્ટેટ એન.એસ.એસ. સેલના સંયુક્ત ઉપક્રમે એક ‘ભારત શ્રેષ્ઠ ભારત’ થીમ પર એક નેશનલ ઇંટિગ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દેશભરની સોળ યુનિવર્સિટીના આશરે બસો જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ એન. આઈ.સી.માં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરનું પ્રતિનિધિત્વ કરનાર દસ વિદ્યાર્થીઓ પૈકી બે વિદ્યાર્થી ઓ શિવાંગ પંડિત અને કુ. જાગૃતિએ ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝમાં અભ્યાસ કરે છે. શિવાંગ પંડિતે વકતૃત્વ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. કોલેજના આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષી, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. અર્ચના શાહ, વિદ્યાર્થીઓ શિવાંગ પંડિત અને કુ. જાગૃતિ જંગલે, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. તેજસ ઠક્કર, પ્રા. કાર્તિક જગતાપ અને ડૉ. ધનંજય ધ્રુવે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સીવીએમયુ-આઈસ્ટારના જીઓઈન્ફર્મેટિક્સ વિભાગ દ્વારા વેબિનાર યોજાયો

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઇસ્ટાર કોલેજના જીઓઇન્ફોર્મેટીક્સ વિભાગમાં અધ્યાપક તરીકે ફરજ બજાવતા કૃણાલ સુથાર દ્વારા તાજેતરમાં તા. ૨૪ એપ્રિલ ૨૦૨૦ના રોજ એપ્લીકેશન ઓફ જીઆઇએસ ઈન પેન્ડેમિક કોવિડ-૧૯ વિષય પર વેબિનાર યોજાયો હતો. જેમાં દેશભરમાંથી કુલ ૬૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓ, સંશોધકો, ખ્યાતનામ પ્રોફેસરો અને ઈસરોના વિજ્ઞાનીઓ જોડાયા હતા. આ વેબિનારમાં સ્પેસ ટેકનોલોજીનો ઉપયોગ કરીને કોવીડ-૧૯ નામની વૈશ્વિક મહામારીને જીઓઇન્ફોર્મેટીક્સનાં માધ્યમથી કેવી રીતે શોધવામાં આવે છે અને જીપીએસ સ્પેસ ટેક્નોલોજીની મદદથી પોલીસ દ્વારા લોકો દ્વારા થતા લોકડાઉનનો ભંગ કેવી રીતે શોધાય છે તે પ્રણાલી વિશે માહિતી આપવામા આવી હતી. ઉપરોક્ત વેબિનારના સફળ સંચાલન બદલ આઇસ્ટાર સંસ્થાના પ્રિન્સીપાલ પ્રો.ડો. નિર્મલકુમાર અને સીવીએમના ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડો. એસ.જી પટેલ અને વાઇસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલે કૃણાલ સુથારને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## કોરોના વાયરસથી સાવચેતી માટે લોકજાગૃતિ માટે બી.જે.વીએમ. કોમર્સ કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા જાહેર સ્થળોએ બેનર લગાવવામાં આવ્યા.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઇ જીવાભાઇ વાણિજય મહાવિદ્યાલય (કોમર્સ કોલેજ) ના રાષ્ટ્રીય સેવા યોજના (ગજ્જ) વિભાગ દ્વારા આણંદ શહેર અને આસપાસના ગામ બાકરોલ વગેરે જાહેર સ્થળો ઉપર કોરોના વાયરસથી સાવચેતી માટે લોકજાગૃતિ માટે બેનર લગાવવામાં આવ્યા. જેની કામગીરી કોલેજના પ્રિન્સિપાલ ડો. કેતકી શેઠના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. પરેશકુમાર યુ. મોરધરા અને સ્વયંસેવકો દ્વારા કરવામાં આવેલ.

# Juvenile delinquency and its solution through Ancient Education System

**Sagar M. Bhinde**

Juvenile delinquency refers to the antisocial or criminal activity of the child which violates the law. In true context, that same activity would have been a crime if it was committed by the adult.After the horrific case of Nirbhaya gang rape, that shook the country, the Indian juvenile delinquency law, Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 has replaced Juvenile Justice (Care and Protection of Children) Act,

**ALARMING STATISTICS**

| Year | Juveniles caught | Age 16-18 yrs | Age 12-16 yrs |
|---|---|---|---|
| 2013 | 2,140 | 1,148 | 875 boys +10 girls |
| 2012 | 1,541 | 860 | 617 boys +12 girls |

**CRIME TREND**

| 2012 | 2013 |
|---|---|
| Theft | Theft |
| Murder | Rape |
| Rape | Murder |

| Year | Type of case | | |
|---|---|---|---|
| | Theft/ Snatchings | Rape | Murder |
| 2013 | 928 | 163 | 76 |
| 2012 | 523 | 63 | 100 |

2000, and allows for juveniles of age group of 16–18, involved in heinous offences, to be tried as adults.

Juvenile delinquency is a gateway to adult crime, since a large percentage of criminal careers have their roots in childhood causing serious problems all over the world. Today, it has become a topic of great concern and needs to be discussed at a serious note.


As per data compiled by the National Crime Records Bureau, the incidents of juvenile crime have constantly increased between 2010-2014. There has been 7.2% rise in juvenile crimes between 2015-16. Maximum number of cases under crime against children were reported in Uttar Pradesh, Maharashtra and Madhya Pradesh.

## Causes of Delinquency:

The causes for juvenile crime are usually found at each level of the social structure, including society as a whole, social institutions, social groups and organizations, and interpersonal relations. Juveniles' choice of delinquency are fostered by a wide range of factors, the most important of which are described below.

1. **Poverty:** Poverty is one of the major reasons for juvenile delinquency. Juveniles indulge themselves in delinquent acts in order to meet and satisfy the primary wants of their life.

2. **Family:** It has been widely accepted that families of delinquents are characterized by discords, desertions and other problems. Such families have been pointed out as one of the main causes of delinquency.




3. **Neighbourhood:** The immediate environments of a child also affect the trend he will adopt in connection with his personality. Juvenile delinquents largely belong to areas of poor living conditions.

4. **Factors related to Mental Health:** Various mental health factors contribute to juvenile delinquency. For example: Conduct disorder.

5. **Virtual world:** Constant exposure to aggression – verbal and physical – on television news, videos and games

also contributes to increasing juvenile delinquency.

6. **Substance Abuse:** There is a strong relationship between substance abuse and juvenile delinquency.Substance abuse is associated with both violent and income-generating crimes by youth.
7. **Bad Peer Group:** Juvenile delinquency is often caused or worsened by peer pressure.

**Examples of juvenile delinquency:**

Some acts of juvenile delinquency are associated with less serious unlawful acts. These are often referred to as status offenses or classes of crimes which apply only to a certain class of people i.e. minors. Examples of these types of acts include (but not limited to):Truancy (skipping school), Underage drinking / purchase of alcohol and /or Underage smoking / purchase of cigarettes.

However, there are also many instances where juveniles commit acts that would be classified as crimes if they were 18 years of age or older. Less serious crimes fall into the category of misdemeanours include acts such as:Fighting, Vandalism, Trespassing and Petty theft, while more serious crimes are usually classified as felonies, include sexual abuse, drug-related offenses, and murder.

**Prevention:**

It is rightly said that a child is the father of the man. Whatever qualities are imbibed in a child, will stay with it till the end. With good qualities, we have good future citizens, and vice versa.

So it is the duty of every citizen of India, as parents, teachers, relatives, friends, to guide the future generation of India into the right path.As per reports of NCRB'Educated' juveniles committed crimes more than the 'Illiterate' ones in 2017, and hence education system should be reformed.

शक्तिमन्तं यथावर्ण विद्यामध्यापयेतत:
अनुशिष्यात सदा चैन धर्माय विनयाय च
यथा नेन्द्रिय दुष्टाश्वै ह्रियते यौवनागमे

- अ.सं.उ.

As mentioned in Ashtanga Samgraha that, at the age of schooling Vidyarambha Samsakara should be performed.After that child should be taught the various subjects as per interest and family requirement but irrespective of that, every child should be taught for the Dharam(Righteous things) andVinaya(Humbleness). This type of education will help to prevent them from dragging by various IndriyaVishaya(non-required, unethical and unhealthy deeds) during their youth period. Hence it is clear for current scenario that various subjects will be taught by current education system at schools and rest of most important part of education i.e. Dharma and Vinaya must be educated by parents to prevent such juvenile delinquency.

Asst. Prof.
Department of Kaumarbhritya
IPGT & RA, Gujarat Ayurved University
Jamnagar

## હ્યુમન લોકોમોટિવઃ એમિલ ઝાટોપેક

પી.ડી.શર્મા



ઑલિમ્પિકની દુનિયામાં એમિલ ઝાટોપેક એક એવા શ્રેષ્ઠ દોડવીર થઈ ગયા છે કે જેમને સમગ્ર વિશ્વ હ્યુમન લોકોમોટિવ તરીકે ઓળખે છે. દોડ દરમ્યાન તેમની સહનશીલતા, તાકાત અને ઝડપ જોઈને લોકો આશ્ચર્ય પામી જતા હતા. એક જ ઑલિમ્પિકમાં ત્રણ જુદા જુદા અંતરની દોડમાં સુવર્ણચંદ્રક મેળવવું તે કોઈ નાનીસૂની સિદ્ધિ નથી. આજે ભારતને ઑલિમ્પિકર મતોત્સવમાં ખેલકૂદ (એટલેટિક્સ)માં સુવર્ણ તો શું કોઈ કાંસ્ય ચંદ્રક પણ અપાવી શક્યો નથી. જ્યારે ચેકોસ્લોવેકિયાના આ મહાન ખેલાડી એમિલ ઝાટોપેક ૧૯૫૨માં ઑલિમ્પિક્સમાં ત્રણ સુવર્ણચંદ્રક લાંબી દોડમાં અપાવ્યા હતા. જ્યારે ઑલિમ્પિક રમતોત્સવમાં લાંબી દોડની વાત જાય છે ત્યારે આ મહાન ખેલાડીને એક આદર્શ કે વીર તરીકે યાદ કરવામાં આવે છે.

### સામાન્ય કુટુંબમાં જન્મ

વિશ્વના આ મહાન દોડવીરનો જન્મ એક સામાન્ય કુટુંબમાં ૧૯ સપ્ટેમ્બર, ૧૯૨૨ના રોજ ચેકોસ્લોવેકિયાના કોપટિવની શહેરમાં થયો હતો. તેમના પિતાશ્રીને ખેલકૂદમાં જરા પણ રસ ન હતો. તેથી એમિલને નાનપણમાં ખેલકૂદની કોઈ તાલીમ પ્રાપ્ત થઈ શકી નહીં. જ્યારે તેઓ ૧૯ વર્ષના હતા ત્યારે ઓચિંતા એમિલ ઝાટોપેકને લાંબા અંતરની દોડ દોડવાની તીવ્ર ઈચ્છા જાગૃત થઈ અને આ રીતે ૧૯ વર્ષની ઉંમરથી તેમણે દોડવાની શરૂઆત કરી. તેઓએ 'બાટા શૂઝ કંપનીમાં' એક સામાન્ય નોકરી સ્વીકારી લીધી અને દરરોજ નિયમિત રીતે દોડવાનો અભ્યાસ ચાલુ રાખ્યો. તેઓને લાંબી દોડમાં એટલો બધો રસ જાગૃત થયો કે તેઓ દરરોજ ૨૦ માઈલ દોડતા હતા. તેમના આ સતત અભ્યાસથી રમતની દોડમાં ઝડપી પ્રગતિ થવા માંડી અને ધીમે-ધીમે લોકો તેમને ઓળખતા થયા

### સખત પરિશ્રમ સફળતાની ચાવી

એમિલ ઝાટોપેકને વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપનાર કોઈ રાહબર ન હતો. તેઓ 'ફક્ત સખત પરિશ્રમ'માં માનનારા હતા અને મક્કમપણે માનતા હતા કે 'સફળતા માટે સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.' તેમના આ સતત અને સખત અભ્યાસથી તેમની પ્રગતિ એટલી વધી ગઈ કે તેઓએ લાંબી દોડમાં પોતાના દેશ ચેકોસ્લોવેકિયાના બધા જ રેકોર્ડ તોડી નાખ્યા. એટલું જ નહિ પણ ૧૯૪૮માં તેમણે તે સમયના મહાન દોડવીર 'હેઈ ઓનો'ને પણ હાર આપી. આ રીતે ૧૦,૦૦૦ મીટર દોડના વિશ્વના નંબર ૧ ખેલાડી તરીકેનું બહુમાન પ્રાપ્ત કર્યું અને ૧૯૫૦ના દસકામાં વિશ્વમાં સર્વશ્રેષ્ઠ લાંબી દોડના દોડવીર તરીકે નામના મેળવી હતી.

### ૧૯૫૨માં સર્વશ્રેષ્ઠ દેખાવ

૧૯૫૨માં ઑલિમ્પિક રમતોત્સવનું આયોજન ફિનલેન્ડમાં હેલસિન્કી મુકામે કરવામાં આવ્યું હતું. એમિલ ઝાટોપિકે આ રમતોત્સવમાં ન કલ્પી શકાય તેવી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. એમિલે આ રમતોત્સવમાં ૫૦૦૦ મીટર, ૧૦,૦૦૦ મીટર અને મેરેથોન દોડમાં પ્રથમ આવીને પોતાના દેશને ત્રણ સુવર્ણચંદ્રક જ નથી અપાવ્યા પણ પોતાનું નામ પણ ઑલિમ્પિકના અમર ખેલાડીઓમાં અંકિત કરી દીધું દોટ ઑલિમ્પિકમાં લાંબા અંતરની દોડમાં પ્રથમ આવવું તે ખૂબજ મુશ્કેલ કામ છે. જ્યારે એમિલે તો એક નહિ પણ ત્રણ દોડમાં પ્રથમ આવીને નવો ઈતિહાસ સર્જ્યો હતો. મેરેથોન દોડ તો ૪૨ કિમી અને ૯૫ મીટરની ઑલિમ્પિકની લાંબામાં લાંબી દોડ છે.

એમિલે ૫૦૦૦ મીટર અને ૧૦,૦૦૦ મીટરની દોડમાં 'નવા ઑલિમ્પિક વિક્રમો' સ્થાપ્યા પછી મેરેથોન દોડમાં પણ ૬ મિનિટથી જ્યારે ઑલિમ્પિક વિક્રમ સર્જ્યો ત્યારે તો એક લાખ પ્રેક્ષકોએ 'ઝાટોપેક'ના પુકારોથી સ્ટેડિયમ ગજાવી મૂક્યું હતું. હકીકતમાં આજે પણ ઝાટોપેકની સિદ્ધિઓ દંતકથા જેવી લાગે છે.

### ૧૯ સપ્ટેમ્બર દિવસનું વિશેષ મહત્ત્વ

એમિલ ઝાટોપેકના જીવનમાં ૧૯ સપ્ટેમ્બર દિવસનું વિશેષ મહત્ત્વ છે. ૧૯ સપ્ટેમ્બર તેમનો તેમજ તેમની પત્ની 'ડાના'નો જન્મદિવસ છે. તેમનો વિવાહ પણ ૧૯ સપ્ટેમ્બરના રોજ થયો હતો. ૧૯ સપ્ટેમ્બર ૧૯૫૨ના રોજ તેમણે હેલસિંકી મુકામે ૫૦૦૦ મીટર દોડમાં ઑલિમ્પિક વિક્રમ સાથે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. એટલું જ નહિ પણ તેમની પત્ની ડાના એ પણ એ જ દિવસે હેલસિંકી મુકામે બરછીફેંકમાં ઑલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.

### ઑલિમ્પિક ખેલાડી સાથે લગ્ન

ભાગ્યે જ બે ઑલિમ્પિક ખેલાડી લગ્નગ્રંથિથી જોડાઈને સારી જિંદગી ગુજારતા હોય છે. એમિલના લગ્ન ઑલિમ્પિક ખેલાડી 'ડાના' સાથે થયા હતા. આ આશ્ચર્યની વાત છે કે ૧૯૫૨માં હેલસિંકી મુકામે ઑલિમ્પિક્સમાં ૧૯ સપ્ટેમ્બરના રોજ બંને પતિ-પત્નીએ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યા હતા અને આ રીતે એમિલ તેમજ ડાના માટે ૧૯ સપ્ટેમ્બરનો દિવસ આશીર્વાદનો દિવસ નીવડ્યો.


### મેક્સિકો ઑલિમ્પિકમાં બહુમાન

૧૯૬૮માં યોજાયેલ મેક્સિકો ઑલિમ્પિક રમતોત્સવમાં મેક્સિકો સરકારે આ યુગલ દંપત્તીને મહેમાન તરીકે આમંત્રણ આપ્યું અને બંને ઑલિમ્પિક સુવર્ણચંદ્રક વિજેતાઓએ મેક્સિકો સરકારના મહેમાન બનીને મેક્સિકો ઑલિમ્પિક્સમાં હાજરી આપી હતી. એમિલ ઝાટોપેક સામાન્ય કુટંબમાંથી જાતે મહેનત કરીને આગળ આવનાર દોડવીર છે. તેમણે બે ઑલિમ્પિક્સમાં ભાગ લઈ ચાર સુવર્ણ ચંદ્રક જીત્યા હતા અને લાંબી દોડમાં ૧૦ વિશ્વ રેકોર્ડ સ્થાપિત કર્યા હતા. ૧૯૪૮ના ઑલિમ્પિક રમતોત્સવમાં તેઓએ ૧૦,૦૦૦ મી.માં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. હર્નિયાના ઓપરેશન બાદ તેઓએ ૧૯૫૬માં મેરેથોન દોડમાં ઑલિમ્પિક રમતોત્સવમાં ભાગ લીધો હતો અને છેલ્લું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

અંતે, એ વાતમાં કોઈ બે મત નથી કે એવા ખેલાડીઓ યુગોમાં ખૂબ જ જૂજ જન્મે છે અને તેમાં યુગલ દંપત્તી એક જ દિવસે ઑલિમ્પિક રમતોત્સવમાં બે વિવિધ આઈટમોમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરે તે ભાગ્યે જ બનતું હોય છે. ઑલિમ્પિક રમતોત્સવ ઈતિહાસમાં લાંબી દોડના સર્વશ્રેષ્ઠ દોડવીરોમાં એમિલ ઝાટોપેકનું નામ કાયમ મોખરે રહેશે તે નિર્વિવાદ છે.

---

B-1 Swiss Avenue, Patel Colony, Opp Manekbaug Hall, Ambawadi, Ahmedabad-380 015. (R) 079-26564650 (M) 9898870840







ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે IEEE સ્ટુડન્ટ્સ બ્રાન્ચ દ્વારા ઇન્ટરનેશનલ ટેકનિકલ કોન્કલેવ-૨૦૨૦ પ્રસંગે online વ્યવખ્યાન આપતા નિષ્ણાંતો શ્રીમતી જ્યોતિકા આઠવલે (Principle Engineer Intel corp, USA), NASAના પ્રોજેક્ટ મેનેજર શ્રી રોજર હેન્ટર, શ્રીમતી અર્ચના શર્મા (Principal scientist CERN project manager) તથા શ્રી ફરીદ ખાન (Chair, South Asia IEEE Smart Village, USA) દશ્યમાન થાય છે આ પ્રસંગે નિષ્ણાંતો તથા આયોજકો નો આભાર વ્યક્ત કરતા આચાર્યશ્રી ડો ઇન્દ્રજીત પટેલ તથા IEEE SB કાઉન્સેલર ડો.દર્શન દલવાડી નજરે પડે છે.






વર્તમાન પરિસ્થિતિમાં કોરોના મહામારીને કારણે થેલેસેમીયા ગ્રસ્ત બાળકો તેમજ હોસ્પીટલોમાં રક્ત યુનિટની જરૂરતમંદ દર્દીઓ માટે અછત વર્તાઇ રહી છે ત્યારે ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સરદાર પટેલ યુનિવર્સિટિ સંલગ્ન ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય (બી.જે.વી.એમ.કોમર્સ કોલેજ) વલ્લભ વિદ્યાનગરના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગ દ્વારા રક્તદાન શિબિરનો પ્રારંભ કરી માનવસેવા, સમાજસેવા અને રાષ્ટ્રસેવામાં ઉમદા યોગદાન આપનાર એન.એસ.એસ.ના સ્વયંસેવકો, પ્રોગ્રામ ઓફિસર ડો.પરેશકુમાર મોરધરા, ફેકલ્ટી ગણ અને સ્થાનિક નગરજનો દશ્યમાન થાય છે.

May-June 2020

V-Vidyanagar 22 (5, 6)
Published on 05.06.2020
No. of Pages 48 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month




Rabindranath Tagore or Rabindranath Tagore (Bengali: রবীন্দ্রনাথ ঠাকুর Rabindranath Tagore ) (May 7, 1861 - August 9, 1971 ), also known as Gurudev. He is a world renowned poet, litterateur, philosopher and Nobel laureate of Indian literature. ... he is Asia's first Nobel Prize Honorist.

**Editor: Dr. Urvish Chhaya || Printed at Lajja Communications, Vidyanagar 388 120**

Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)